# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 202 ■ વિક્રમ સંવત ૨૦૮૨

શ્રાવણ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 August 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૬ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ‘ઓલા’ કહીને સ્પેન આપણને ઈશારો કરી રહ્યો છે!

### ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે કારણ કે વીણા વર્લ્ડ જેવું સ્પેન અન્ય ક્યાંય નથી!

માદ્રિદ, તોલેદો, સેવિચે, રોંદા, કોસ્તા દેલ સોલ, મોર્બેયા, મિહાસ, માલાગા, મુરસિયા, વ્હાલેંસિયા, બાર્સેલોના, મોન્ટસેરાત...
સાથે પડોશી પોર્ટુગલ અને મોરોક્કોની પણ મુલાકાત લો!




એક સમયે અડધી દુનિયા પર રાજ કરનારા સ્પેનની સ્પેનિશ ભાષા આજે દુનિયામાં બીજી સૌથી મોટે પાયે બોલવામાં આવતી ભાષા છે. દુનિયામાં સૌથી વધુ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ ધરાવતા દેશોમાં સ્પેનનો ચોથો નંબર આવે છે, જ્યારે દુનિયામાં સૌથી વધુ પર્યટકો મુલાકાત લે તે દેશોમાં સ્પેન બીજા નંબરે આવે છે. ગૌરવશાળી વારસો, સમૃદ્ધ ઈતિહાસ અને વિવિધતાથી સજેલી રંગબેરંગી સંસ્કૃતિ ધરાવતા સ્પેનમાં અમારી અગાઉ જઈને આવેલા પર્યટકોએ ખરા અર્થમાં લાઈફ સેલિબ્રેટ કરી છે. હવે તમે પણ ચાલો. જીવન મન મૂકીને અને પરિપૂર્ણ કઈ રીતે જીવવું તેનું રહસ્ય સ્પેનિશ લોકો પાસેથી જાણવાનો પ્રયાસ કરીએ. લાઈફ ઈઝ અ સેલિબ્રેશન એ સ્પેન પાસેથી શીખીએ, કારણ કે ‘જિંદગી ના મિલેગી દોબારા!’

## ચાલો, બૅગ ભરો, નિકળી પડો, વીણા વર્લ્ડ સાથે!

Book Online

વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ માંથી તમારી ટુર સિલેક્ટ કરો. સમગ્ર ભારતમાં અને સમગ્ર વિશ્વમાં વધુ ઘણી ટુર્સની માહિતી veenaworld.com પર ઉપલબ્ધ. મુંબઈથી શરૂ થનારી Ex-Mumbai... ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો – જોઈનિંગ લીવિંગ ટુર (J&L). નીચે આપેલા ચાર્ટમાં ટુર્સનું નામ, મુંબઈ થી મુંબઈ ટુર પ્રાઈસીસ Ex-Mumbai... (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનિંગ લીવિંગ ટુર (J&L) પ્રાઈસીસ (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

### યુરોપ – વેસ્ટર્ન, ઈસ્ટર્ન, નોર્ધર્ન, મેડિટેરેનીયન

| Tour Name | J&L | Ex-Mumbai |
|---|---|---|
| સ્વિસ પેરિસ ઓસ્ટ્રિયા જર્મની (6D) | 110K-120K | 175K-185K |
| યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) | 210K-225K | 275K-290K |
| યુરોપિયન હાઈલાઈટ્સ (11D) | 245K-255K | 325K-335K |
| યુરોપિયન વન્ડર્સ (13D) | 275K-310K | 340K-375K |
| યુરોપિયન જ્વેલ્સ+વર્સાય (15D) | 355K-370K | 425K-440K |
| લંડન પેરિસ સ્વિસ ઇટાલી (9D) | 208K-218K | 288K-398K |
| સ્વિસ પેરિસ ઇટાલી (11D) | 250K-260K | 320K-330K |
| સ્વિસ પેરિસ (8D) | 200K-210K | 320K-285K |
| બેસ્ટ ઑફ ઇટાલી (8D) | 225K-230K | 295K-300K |
| સ્વિટ્ઝર્લેન્ડ (7D/10D) | 205K-295K | 275K-360K |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ આયર્લેન્ડ વેલ્સ (15D) | 350K-365K | 425K-440K |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ (10D) | 240K-250K | 315K-325K |
| વિયેના પ્રાગ બુડાપેસ્ટ (8D) | 165K-180K | 240K-255K |
| ક્રોએશિયા સ્લોવેનિયા સ્લોવાકિયા હંગેરી (12D) | 290K-300K | 365K-375K |
| સેન્ટ્રલ & ઈસ્ટર્ન યુરોપ (17D) | 355K-360K | 420K-435K |
| ઉઝબેકિસ્તાન કઝાખસ્તાન કિર્ગિઝસ્તાન (9D) | 170K-185K | 225K-240K |
| જ્યોર્જિયા આર્મેનિયા (8D) | 145K-160K | 195K-210K |
| બેસ્ટ ઑફ જ્યોર્જિયા (8D) | 145K-160K | 185K-200K |
| બેસ્ટ ઑફ અલમાટી (5D) | 80K-90K | 115K-125K |

| Tour Name | J&L | Ex-Mumbai |
|---|---|---|
| હાઈલાઈટ્સ ઑફ સ્કેન્ડિનેવિયા (7D) | 175K-200K | 250K-275K |
| બેસ્ટ ઑફ સ્કેન્ડિનેવિયા (10D) | 260K-275K | 350K-365K |
| સ્કેન્ડિનેવિયા રશિયા (16D) | NA | 475K-500K |
| સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઇટ્સ વિથ આઇસ-બ્રેકર ક્રૂઝ (10D) | 390K-410K | 495K-510K |
| આઇસલેન્ડ નોર્ધર્ન લાઇટ્સ (9D) | 400K-425K | 490K-525K |
| સ્કેન્ડિનેવિયા આઇસલેન્ડ નોર્ધર્ન લાઇટ્સ + આઇસ-બ્રેકર ક્રૂઝ (15D) | 545K-560K | 650K-675K |
| બેસ્ટ ઑફ રશિયા (6D) | NA | 169K-179K |
| રશિયાના નોર્ધર્ન લાઇટ્સ (9D) | NA | 295K-305K |
| સ્પેન પોર્ટુગલ (13D) | 285K-300K | 360K-375K |
| સ્પેન પોર્ટુગલ મોરોક્કો (17D) | 355K-370K | 435K-450K |
| બેસ્ટ ઑફ ઇજિપ્ત (9D/10D) | NA | 205K-263K |
| ઇજિપ્ત ગ્રીસ ટર્કી (15D) | NA | 475K-490K |
| બેસ્ટ ઑફ ટર્કી (10D) | 160K-175K | 225K-245K |
| ગ્રીસ એથેન્સ સેન્ટોરિની માયકોનોસ (7D) | 200K-215K | 270K-285K |
| ગ્રીસ એથેન્સ સેન્ટોરિની રોડ્સ માયકોનોસ (10D) | 270K-285K | 335K-350K |
| ગ્રીસ એટેન્સ સાંટોરીની રોડસ (9D) | 250K-260K | 315K-325K |
| ટ્યુનિશિયા માલ્ટા સિસિલી (10D) | NA | 385K-400K |
| બાલ્ટિ યુરોપ - એસ્ટોનિયાક, લેટવિયા, લિથુઆનિયા (8D) | 180K-190K | 250K-260K |

### સાઉથ ઈસ્ટ એશિયા ફાર ઈસ્ટ એશિયા

| Tour Name | J&L | Ex-Mumbai |
|---|---|---|
| સિંગાપુર થાઈલેન્ડ મલેશિયા (10D) | 156K-166K | 191K-201K |
| સિંગાપુર મલેશિયા (7D) | 133K-143K | 164K-174K |
| સિંગાપુર થાઈલેન્ડ (8D) | 129K-140K | 180K-191K |
| સિંગાપુર બાલી (8D) | 143K-153K | 198K-208K |
| બેસ્ટ ઑફ સિંગાપુર (5D) | 112K-130K | 135K-155K |
| બેસ્ટ ઑફ બાલી (7D) | 98K-121K | 133K-153K |
| ફુકેત ક્રાબી (4D) | 60K-70K | 90K-100K |
| થાઈલેન્ડ (4D/6D) | 40K-85K | 65K-105K |
| હોંગકોંગ મકાઉ શેંઝેન (7D) | 150K-165K | 190K-205K |
| બેસ્ટ ઑફ વિયેતનામ (8D) | NA | 140K-160K |
| વિયેટનામ દા નાંગ ફૂ ક્વોક (11D) | NA | 223K-233K |
| વિયેતનામ સાપા ફુ ક્વોક (7D) | NA | 145K-160K |
| વિયેતનામ કમ્બોડિયા (11D) | NA | 215K-230K |
| ફિલિપાઈન્સ મનીલા સેબુ (8D) | NA | 210000 |
| જાપાન (9D/11D) | 251K-320K | 316K-380K |
| બેસ્ટ ઑફ જાપાન + નાગોયા (7D) | 184K-194K | 244K-254K |
| જાપાન કોરિયા (10D) | 295K-305K | 350K-360K |
| ચાયના (7D/9D) | 104K-155K | 159K-205K |
| ચાયના કોરિયા તાઈવાન (14D) | 315K-325K | 375K-385K |
| કોરિયા તાઈવાન (8D) | 240K-250K | 300K-310K |
| જાપાન ચાયના (13D) | 320K-330K | 375K-385K |

### અમેરિકા આફ્રિકા ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ

| Tour Name | J&L | Ex-Mumbai |
|---|---|---|
| ઑસ્ટ્રેલિયા (7D) | 153K-163K | 238K-248K |
| ઑસ્ટ્રેલિયા (9D/15D) | 250K-450K | 348K- 550K |
| ન્યૂઝીલેન્ડ (10D/15D) | 285K-435K | 395K-575K |
| ઑસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (11D/17D) | 300K-490K | 425K-620K |
| ઑસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (21D) | 675K-695K | 775K-795K |
| બેસ્ટ ઑફ કેનિયા (8D) | 250K-265K | 310K-325K |
| સાઉથ આફ્રિકા (9D/13D) | 210K-220K | 260K-400K |
| સાઉથ આફ્રિકા કેનિયા વિ. ફોલ્સ (14D) | NA | 525K-550K |
| બેસ્ટ ઑફ મોરિશિયસ (6D) | 105K-130K | 150K-175K |
| યુએસએ ઈસ્ટ એન્ડ વેસ્ટ કોસ્ટ+ શિકાગો & નેશનલ પાર્ક્સ (16D) | 493K-513K | NA |
| યુએસએ ઈસ્ટ એન્ડ વેસ્ટ કોસ્ટ+ શિકાગો & નેશનલ પાર્ક્સ (22D) | 680K-705K | NA |
| યુએસએ કેલિફોર્નિયા કાર્નિવલ વિથ ડેથ વેલી એન્ડ યોસેમિટી (10D) | 325K-350K | NA |
| યુએસએ ઈસ્ટ કોસ્ટ/શિકાગો (7D/9D) | 230K-250K | NA |
| યુએસએ વેસ્ટ કોસ્ટ (7D) | 230K-245K | NA |
| યુએસએ ઈસ્ટ+વેસ્ટ+શિકાગો (13D) | 235K-250K | NA |
| અન્ટાર્કટિકા (13D) Jan 31 | 1120000 | 1389000 |
| સાઉથ અમેરિકા (Sold Out) | 1075000 | 1350000 |
| પેરૂ બોલીવિયા ચિલી આર્જેન્ટીના (Sold Out) | 850000 | NA |

### ઈન્ડિયા નેપાળ ભૂતાન શ્રીલંકા

- શ્રીલંકા (5D/7D)
- દુબઈ અબુ ધાબી (5D)
- ભૂટાન/નેપાળ (9D/8D)
- કાશ્મીર (6D)
- લેહ લદ્દાખ (7D to 15D)
- નૈનીતાલ મસૂરી હરિદ્વાર કોર્બેટ પાર્ક (9D)
- હિમાચલ (6D/8D)
- ભુવનેશ્વર પુરી કોણાર્ક ચિલિકા (6D)
- રાજસ્થાન (4D to 17D)
- ગુજરાત (7D to 17D)
- કર્ણાટક (6D/8D)
- તમિલનાડુ (5D to 12D)
- કેરલમ (6D/9D/11D)
- આંદામાન (7D)




મૈં હૂં ના!

**નિશ્ચિંત બનીને ચાલો!**
સહેલગાહ પર તમારી સંગાથે છે વીણા વર્લ્ડનો એક્સપર્ટ ટુર મેનેજર

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં રિટર્ન વિમાનપ્રવાસ (Ex-Mumbai, અમેરિકા ટુર્સ સિવાય), ટ્રાન્સપોર્ટ, હોટેલ મુકામ, બેકફાસ્ટ– લંચ–ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર ગાઈડ ટિપ્સ, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (‘ફ્રી વિઝા દેશ’ અને યુએસ ઉપરાંત), ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* (અમેરિકા ટુર્સ ઉપરાંત) વગેરે બાબતોનો સમાવેશ થાય છે. J&L ટુર્સમાં એરફેર, વિઝા ફી, ઈન્શ્યુરન્સ સમાવિષ્ટ નથી. યુએસ ટુર્સ (ફક્ત J&L) યુએસએ વિઝા હોય તેમને માટે જ છે. ફુલ પેમેન્ટ બેનિફિટ મર્યાદિત સમય માટે જ છે* અને પ્રમોશનલ ટુર્સ EUGP, EUGV, EUHJ, EUGD, AMGP, ASPJ, ASZL... અને તેમાંની સ્પેશિયાલિટી ટુર્સ માટે આ બેનિફિટ લાગુ નથી.

ભેગું કરો તમારું ફેમિલી ગ્રુપ કે ફ્રેન્ડ્સ ગ્રુપ અને વીણા વર્લ્ડ સંગાથે કરો તમારી એક્સક્લુઝિવ ટુર

**veenaworld.com**
**Call: 1800 313 5555**

તમારી નજીકની વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસ માટે QR સ્કેન કરો

**Monday-Saturday 10 to 7**
**travel@veenaworld.com**

**VEENA WORLD**
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of **‘Veena Patil Hospitality Pvt. Ltd.’** No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેઃ લીમખેડા - ગોધરા પટ્ટો ટ્રાયલ માટે ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનો લીમખેડાથી ગોધરાને જોડતો લગભગ ૫૫ કિલોમીટર લાંબો પટ્ટો વાહનોની અવરજવર માટે ટ્રાયલ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ગુજરાતમાં અવરજવર કરતા વાહનચાલકો માટે આ પટ્ટો એન્ટ્રીપોઈન્ટ છે. ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે કોરિડોરના ભાગમાં હાલમાં ટ્રાફિક સક્રિય છે. જોકે નાનાં-મોટાં બાંધકામો અને સુરક્ષાની તકેદારીઓના કામ ચાલી રહ્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

લીમખેડાના હાથીદરા ગામ ઇન્ટરચેન્જથી ગોધરા ઇન્ટરચેન્જ સુધીનો નવો ખુલેલો વિભાગ, એક્સપ્રેસવે પ્રોજેક્ટના પેકેજ ૨૭ અને ૨૮ ને આવરી લે છે. પેકેજ ૨૭, ૨૯ કિમીના પટ્ટાને આવરી લે છે, જ્યારે પેકેજ ૨૮, ૨૬ કિમીનો ભાગ ધરાવે છે. જીએચવી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા વિકસિત, બંને પેકેજોનો સંયુક્ત બાંધકામ ખર્ચ રૂ.૨૬૪ કરોડ હોવાનો અંદાજ છે.

આ એક્સપ્રેસ વેની સુરક્ષા અંગે અમુક અહેવાલોમાં ભયસ્થાનકો બતાવાઈ રહ્યા છે. ટુ-વ્હીલર, ત્રણ પૈડાવાળાં વાહનો અને રાહદારીઓને હાઇ-સ્પીડ એક્સપ્રેસવેનો ઉપયોગ કરવા પર સત્તાવાર પ્રતિબંધ છે, તેમ છતાં, રૂટ પર ઘણી બાઇક અને ઓટો-રિક્ષાઓ મુસાફરી કરતી જોવા મળતી હોય છે. એક્સપ્રેસવે લેન પર રખડતા ઢોર પણ જોવા મળ્યાં હતાં, જે ઝડપથી ચાલતાં વાહનો માટે ગંભીર જોખમ ઊભું કરે છે, તેમ અહેવાલ જણાવી રહ્યા છે. આ સાથે યુવાનો પણ સોશ્યલ મીડિયા પર રીલ્સ બનાવવા માટે ઝડપથી ગાડીઓ ચલાવતા અને લેનની વચ્ચોવચ ઊભી રહેતા જોવા મળે છે.

આ પટ્ટો અનધિકૃત રીતે ટ્રાયલ ધોરણે ખોલવામાં આવ્યો હોવાથી, હાલમાં તેમાં કોઈ જાહેર સુવિધાઓ, ફ્યુઅલ સ્ટેશન, ફૂડ આઉટલેટ અથવા મેકેનિકલ ફેસેલિટી-ગેરેજ વગેરેની સુવિધા નથી. તેથી મુસાફરોને પૂરતા પ્રમાણમાં ખોરાક અને પાણી સાથે પંચર રિપેર કીટ અને સ્પેર વ્હીલ રાખવાની સલાહ આપવામાં આવે છે. તેમણે મુસાફરી શરૂ કરતા પહેલા ફ્યુલ લેવલ પણ ચેક કરવું તેમ કહેવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ મહત્ત્વપૂર્ણ પેકેજ આગામી બે થી ત્રણ મહિનામાં પૂર્ણ થવાની અને કાર્યરત થવાની અપેક્ષા છે. એકવાર શરૂ થશે, પછી દક્ષિણ ગુજરાતથી દિલ્હી જવાનો રસ્તો સંપૂર્ણપણે ઉપયોગમાં લેવામાં આવશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

# ટૉરન્ટોમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની બે રાઉન્ડ ટેબલ મીટિંગ

## ટીઆઈઈ-ટોરેન્ટોના ઉદ્યોગ સાહસિકો અને કૅનેડિયન હિન્દુ ચેમ્બર ઑફ કોમર્સ સાથે બેઠકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ સંદર્ભે યુ.એસ. કૅનેડાના પ્રવાસે ગયેલા ગુજરાત ડેલિગેશનની ટોરેન્ટો મુલાકાતના બીજા દિવસે બે રાઉન્ડ ટેબલ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલે આ રાઉન્ડ ટેબલ બેઠકોની સિરીઝમાં ટીઆઈઈ ટાઈ ય) ધ ઈન્ડીસ એન્ટરપ્રેન્યોર્સના ૩૦ જેટલા પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. તેમણે સ્ટાર્ટઅપ્સ ફાઉન્ડર્સ, ઉદ્યોગ સાહસિકો અને ટીઆઈઈના સભ્યો સાથેની વાતચીતમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગ્લોબલી કોમ્પિટિટીવ ઈનોવેશન, ઈકોનોમી બનાવવાના ભવિષ્યલક્ષી વિઝન અંગે ચર્ચા-વિમર્શ કર્યા હતા.

મુખ્ય પ્રધાને ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે તે સંદર્ભમાં ખાસ કરીને ટૅક્નોલૉજી, પબ્લિક પૉલિસીઝ, ફાયનાન્શયલ સર્વિસીસ અને ફિનટેકના ક્ષેત્રોમાં કૅનેડિયન સાહસો અને ગુજરાતના આ ક્ષેત્રના સાહસો વચ્ચે સહયોગ અને ભાગીદારી વધુ સંગીન કરવા અંગેની ચર્ચાઓ હાથ ધરી હતી. એટલું જ નહિ, રાજ્યની મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી પૉલિસીઝ અને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓની પણ માહિતી ટીઆઈઈ મેમ્બર્સને આપી હતી. ટીઆઈઈ ટોરોન્ટોની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થઈ છે અને કેનેડા સરકાર તથા ઉદ્યોગ જગતને વિશ્વભરના સફળ કેનેડિયન ઉદ્યોગ સાહસિકો સાથે જોડવાની સેતુરૂપ કામગીરી કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. સોફ્ટવેર, હાર્ડવેર, હેલ્થકેર, બાયોટેક, મીડિયા, ટેલિકોમ, આઈટી સર્વિસીસ અને ફાયનાન્શ્યલ ઈન્સ્ટિટ્યુટ્સ જેવા બહુવિધ ક્ષેત્રોના લોકો ટીઆઈઈના મેમ્બર્સ છે.

ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો, નિષ્ણાતો અને ઉદ્યોગ અગ્રણીઓ પરસ્પર જોડાઈને નોલેજ ઍન્ડ એક્સપિરિયન્સ શેરિંગ સાથે કોન્ટેક્ટ્સ અને બિઝનેસ ડેવલપમેન્ટ માટે ટીઆઈઈ મારફતે કાર્યરત રહે છે. ભૂપેન્દ્ર પટેલે આ સભ્યો સાથેની ચર્ચા-પરામર્શ દરમિયાન આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ પહેલાં ગુજરાતમાં રોકાણ, ઈનોવેશન અને સ્કેલિંગ માટેની તકો તરાશવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ ઉપરાંત અન્ય એક રાઉન્ડ ટેબલ અંતર્ગત કૅનેડિયન હિન્દુ ચેમ્બર ઑફ કોમર્સ સાથે યોજેલી બેઠકમાં ચેમ્બરે વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭માં સહભાગીતા માટે દર્શાવેલી ઉત્સુકતાની પ્રસંશા કરી હતી. આના પરિણામે બીરબી જોડાણો, રોકાણો અને ભાગીદારીના જે નવા માર્ગો ખૂલશે તે કૅનેડા-ગુજરાત વચ્ચેના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવશે એવી અપેક્ષા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી હતી.

# બટાલા ફાયરિંગ કેસમાં વૉન્ટેડ આરોપીની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ

## પાલનપુરની હૉટેલમાંથી ઝડપાયો સુખમિન્દર સિંહ ઉર્ફે સુખી, પંજાબ પોલીસને સોંપવાની કાર્યવાહી

અમદાવાદઃ પંજાબના બટાલા જિલ્લામાં થયેલા ફાયરિંગના ગંભીર ગુનામાં વૉન્ટેડ આરોપી સુખમિન્દર સિંહ ઉર્ફે સુખીની ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ પાલનપુરમાંથી ધરપકડ કરી હતી. પંજાબ પોલીસ દ્વારા નોંધાયેલા ગુનામાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. ગુજરાત એટીએસે આરોપીની ધરપકડ અંગે પંજાબ પોલીસને જાણ કરી છે અને તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે પંજાબ પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે પંજાબના ગુરદાસપુર જિલ્લાના બટાલા તાલુકાના લોહ ચાપ ગામનો રહેવાસી સુખમિન્દર સિંહ ઉર્ફે સુખી હાલ પાલનપુર વિસ્તારમાં હાજર છે. બાતમીના આધારે એટીએસની ટીમે તપાસ હાથ ધરી હતી. તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ની સાંજે પાલનપુર ખાતે આવેલી હોટલ સુંદરામાં તપાસ કરતા સુખમિન્દર સિંહ મળી આવ્યો હતો. ત્યારબાદ તેને પૂછપરછ માટે ગુજરાત એટીએસના અમદાવાદસ્થિત કાર્યાલયે લાવવામાં આવ્યો હતો.પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપી જગ્ગુ ભગવાનપુરિયા ગેંગ સાથે સંકળાયેલો હોવાનું બહાર આવ્યું હતું. એટીએસની તપાસમાં એવી વિગતો પણ બહાર આવી હતી

### પર્યાવરણ સંરક્ષણ તરફ રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકનાં ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પર્યાવરણના જતન માટે પ્લાસ્ટિકનો જેટલો ઓછો ઉપયોગ થાય તેટલું હિતાવહ છે. આ વાતને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે એક પરિપત્ર જાહેર કર્યો છે. આ અનુસાર રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. ભારત સરકારના 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬' અને 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' અંતર્ગત પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક-આધારિત સ્ટેશનરીનો તબક્કાવાર ઉપયોગ ઘટાડવામાં આવશે.

આ નિર્ણય સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ સહિતની તમામ સંસ્થાઓને લાગુ પડશે. દૈનિક કામગીરીમાં વપરાતા પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોના સ્થાને હવે કાગળ, શણ અથવા કાપડમાંથી બનેલા ઈકો-ફ્રેન્ડલી અને ટકાઉ ફાઈલ કવરનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી સમયે આ પરિપત્રના નિર્દેશોને અનુસરવાના રહેશે.

# વંદે ભારત પર સુરત પાસે પથ્થરમારોઃ આનંદીબહેન કરી રહ્યાં હતાં મુસાફરી

સુરતઃ મુંબઈથી અમદાવાદ જઈ રહેલી ટ્રેન નંબર ૨૨૯૬૧ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર સુરત નજીક પથ્થરમારો થયો હોવાના અહેવાલો મળ્યા હતા. સુરતથી અમદાવાદ તરફ રવાના થઈ હતી તે દરમિયાન અસામાજિક તત્વોએ ઉત્રાણ અને કોસાદ સ્ટેશનની વચ્ચે પથ્થરમારો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જો કે આ અંગે રેલવે તરફથી કોઈ સત્તાવાર પુષ્ટી કરવામાં આવી નથી. આ ટ્રેનમાં ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલ પણ સવાર હોવાનું જાણવા મળ્યું છે જેઓ હેમખેમ હોવાનું પણ જાણવા મળે છે.

મળતી વિગતો અનુસાર, મુંબઈથી અમદાવાદ જઈ રહેલી ટ્રેન નંબર ૨૨૯૬૧ વંદે ભારત એક્સપ્રેસે સુરત રેલવે સ્ટેશનને પસાર કર્યા બાદ જ્યારે ટ્રેન ઉત્રાણ અને કોસાદ સ્ટેશન નજીકથી પસાર થઈ રહી હતી તે દરમિયાન આ ઘટના બની હોવાનું જાણવા મળી રહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે વખતે સુરત સ્ટેશનથી ટ્રેન આગળ વધી તે દરમિયાન અસામાજિક તત્ત્વોએ ટ્રેન પર પથ્થરો ફેંક્યા હતા. દરમ્યાન જનરલ ચેરકાર કોચ ઈ-૬ અને ઈ-૧૦ના કાચ તૂટયા હતા, આથી મુસાફરોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

# ડિસામાં કોંગો ફીવરનો કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં એક યુવકમાં કોંગો ફિવરનાં લક્ષણો જોવાં મળતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. મળતી વિગતો મુજબ ડીસા તાલુકાના નાની આખોલ ગામમાં એક યુવકમાં ક્રિમિયન-કોંગો હેમરેજિક ફિવર (કોંગો ફિવર)ના શંકાસ્પદ લક્ષણો જોવાં મળ્યાં હતાં. જેના પગલે યુવકને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અને યુવકના સેમ્પલ મેળવીને લેબોરેટરી તપાસ માટે એનઆઇવી પુણે મોકલવામાં આવ્યા છે. આ રિપોર્ટ આવ્યા બાદ જ ખરેખર યુવકને કોંગો ફિવર છે તે અંગે જાણી શકાશે.

# કચ્છના ભચાઉ નજીક ૩.૩ની તીવ્રતાનો ભૂકંપઃ લલિયાણા પાસે કેન્દ્રબિંદુ નોંધાયું

ભુજઃ કચ્છમાં ભૂસ્તરીય સળવળાટનો દોર યથાવત્ રહ્યો હોય તેમ ગત મોડી રાત્રે ૧:૩૦ વાગ્યે ભચાઉ વિસ્તારમાં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી રિસર્ચ સેન્ટરના જણાવ્યા અનુસાર, આ આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૨૧ કિલોમીટર દૂર આવેલા લલિયાણા ગામ નજીક નોંધાયું હતું. રાત્રિના સમયે ડરામણા અવાજ સાથે આવેલા આ કંપનને પગલે લલિયાણા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

## વેપાર વાણિજ્ય

### નફારૂપી વેચવાલીએ વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહની ટોચેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૧૧૩નો ઘસરકો, ચાંદી ₹ ૩૪૯૩ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારા ઉપરાંત અમેરિકાના ગત જુલાઈ મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ ત્રણ મહિનાની ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતા અને ચાંદીના ભાવમાં પણ ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૩નો ઘસરકો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૩૪૯૩નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૯૩ના ઘટાડા સાથે રૂ. ૨,૪૧,૮૪૮ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા મજબૂત થતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૩ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૬૧,૩૯૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૬૨,૦૪૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ જે ગત ૧૪મી મે પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા તે ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૪૦.૪૦ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ઔંસદીઠ ૪૬૯૬.૧૦ ડૉલરના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૮.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ટ્રેઝરીના પ્રવાહિતા વધારવા માટે લાંબાગાળાની ટ્રેઝરીમાં બાયબેકના કાર્યક્રમની જાહેરાત પશ્ચાત્ રોકાણકારોનું સોનામાં આકર્ષણ વધતાં તેજી જોવા મળ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારાની સાથે મુખ્યત્વે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઓલે હસને જણાવ્યું હતું.

હવે રોકાણકારોની નજર આવતીકાલે (બુધવારે) જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના અથવા તો પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત પર અને આગામી શુક્રવારના અમેરિકી ફેડરલ રિઝર્વનાં જેક્સન હોલ ખાતેના વક્તવ્ય પર સ્થિર થઈ છે. જેમાં શક્યત ફેડરલના અધ્યક્ષ આગામી નાણાનીતિના કોઈ સંકેત આપે છે કે કેમ તેના પર બજારની નજર રહેશે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરવામાં એવે તેવી ૪૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા.

# ક્રૂડ ઑઈલ બેરલદીઠ ૯૦ ડૉલરથી નીચે આવતા સેન્સેક્સમાં ૨૮૭ પોઈન્ટ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડા સાથે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે સત્રના પાછલા ભાગમાં નીકળેલી લેવાલીના ટેકાએ શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી ઇન્ટ્રાડે નુકસાનને સરભર કરીને પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યા હતા. દિવસના મોટા ભાગના ભાગ માટે નકારાત્મક ક્ષેત્રમાં રહ્યા પછી, સેન્સેક્સ અંતે ૨૮૬.૯૮ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા વધીને ૭૭,૬૫૬.૦૯ પર સ્થિર થયો.

દિવસ દરમિયાન, સેન્સેક્સ ૭૭,૬૬૬.૩૯ ની ઊંચી સપાટી અને ૭૭,૧૨૫.૯૧ની નીચી સપાટી વચ્ચે ફંગોળાયો હતો. જ્યારે નિફ્ટી ૧૧૫.૫૦ પોઈન્ટ અથવા ૦.૪૮ ટકા વધીને ૨૪,૩૩૪.૫૫ પર બંધ થયો હતો.

અમેરિકાએ નવા દાવ હેઠળ ઇરાન સામે આર્થિક આક્રમણ કરવાની જાહેરાત કરવા સાથે આ ઇસ્લામિક દેશ સાથે વ્યાપારી સંબંધ રાખનારા દેશો સામે પણ કડક વલણ અપનાવવાની ધમકી આપી હોવા છતાં ક્રૂડ ઓઇલના ભાવમાં કોઇ ઉછાળો જોવા મળ્યો નથી.

ઇન્ટરગ્લોબ એવિએશન, અદાણી પોર્ટ, ઇન્ફોસિસ, ટ્રેન્ટ, ટાઇટન અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે ઇટર્નલ, એચસીએલ ટેક, પાવર ગ્રીડ અને બજાજ ફિનસર્વ ટોપ લુઝર રહ્યા હતા.

સનશાઇન પિકચર્સના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે શંકેશ્વર જ્વેલર્સના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

સેબી પાસે એમપી સ્ટીલ લિમિટેડે મૂડી બજારમાં પ્રવેશવા ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. શાંતિ ઇનઓર્ગેનિક્સનો રૂ. ૪૭.૨૪ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને બીજી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ત્રીજી સપ્ટેમ્બરના રોજ અને લિસ્ટિંગ સાતમી સપ્ટેમ્બરે થશે.પ્રાઇસ બેન્ડ રૂ. ૭૯ થી રૂ. ૮૩ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૬૦૦ શેર છે.

બોન્ફીગલીઓલી ટ્રાન્સમિશન, રેંટોમોજો લિમિટેડ સહિતની કંપનીઓએ આઈપીઓ લાવવા સેબી પાસે દસ્તાવેજ જમા કરાવ્યા છે. પલુક ટેક્નોલોજીસનો રૂ. ૩૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને પહેલી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી બીજી સપ્ટેમ્બરના રોજ અને લિસ્ટિંગ ચોથી સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૪૬થી રૂ. ૪૮ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩,૦૦૦ શેર છે.

ઈએસડીએસ સોફ્ટવેર સોલ્યુશનનો રૂ. ૭૨૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને પહેલી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી બીજી સપ્ટેમ્બરે અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ચોથી સપ્ટેમ્બરે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૮થી રૂ. ૪૨૯ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૪ શેર છે. બીએસઇ તરફથી બ્રાઇટ આઉટડોર મીડિયાને મેઈનબોર્ડ પર સ્થળાંતરિત થવા માટે મંજૂરી મળી ગઈ છે. કંપની ડેટ ફ્રી બેલેન્સ શીટ અને લગભગ રૂ. ૧૦૦ કરોડની ભૌતિક સંપત્તિ ધરાવે છે અને કંપની આઉટ ઓફ હોમ બાદ ઝડપથી વિકસતા ડિજિટલ આઉટ ઓફ હોમ એડવર્ટાઇઝિંગ સેગમેન્ટમાં વિસ્તરણ કરી રહી છે.

પર્પલ સ્ટાઇલ લેબનો રૂ. ૬૮૦ કરોડનો આઇપીઓ ૩૧ તારીખે ખૂલી રહ્યો છે. સેબીએ મેક્સ ફાઇનાન્શિઅલ સર્વિસિસ, મેક્સ લાઇફ અને એક્સિસ ગ્રુપ એન્ટિટીઝ સામેનો રૂ. ૩૯૧૧ કરોડના રોકાણકારોના કથિત નુકસાનને લગતો ખટલો પડતો મૂક્યો છે. પીવીઆર આઇનોક્સ શેર બાયબેક અંગે ૩૧ ઓગસ્ટની બોર્ડ મીટીંગમાં ચર્ચા કરશે. અમેરિકાની ૨૦૦ વર્ષ જૂની શિક્ષણ સંસ્થા, રોચેસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આરઆઇટી)એ મુંબઈમાં ગ્લોબલ સ્કોલર ક્વેસ્ટ, ઈન્ડિયા ચેપ્ટર ફિનાલે યોજ્યો હતો, જેમાં ૪૦ સ્કૂલોમાંથી ટોપ ૧૫ વિદ્યાર્થી ટીમોએ આરઆઈટી અને ઇન્ડસ્ટ્રી જ્યુરી સમક્ષ એ.આઈ., સસ્ટેનેબિલિટી, હેલ્થકેર અને ઇમર્જિંગ ટેક્નોલોજી પર પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૩ ટકા ઘટીને ૮૯.૩૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ઈરાન સામેના ઘણા સમયથી અપેક્ષિત યુએસ પ્રતિબંધો બજારની અપેક્ષાઓ કરતા હળવા રહ્યા હોવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવ અને બોન્ડ યીલ્ડ તેમના તાજેતરના શિખરોથી નીચે આવ્યા હતા. ઇંધણખર્ચમાં આ રાહતને કારણે મન્થલી એક્સપાઇરીના દિવસે મંગળવારે બજારે મધ્યમ હકારાત્મક બંધ આપ્યો છે, પરંતુ આગળનું કશું કહી ના શકાય.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચો રહ્યો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નજીવો નીચો રહ્યો.

યુરોપના બજારો હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડિંગ કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૧,૧૮૧.૬૬ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. છેલ્લા સત્રમાં, સેન્સેક્સ ૧૭૧.૭૨ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા ઘટીને ૭૭,૩૬૯.૧૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૨.૯૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૨૪,૨૧૯.૦૫ પર બંધ થયો હતો.

# ક્રૂડ તેલમાં ઘટાડો અને ઈક્વિટીમાં સુધારા સાથે રૂપિયો ૨૬ પૈસા ઉછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૩૦ પૈસા વધીને અંતે ૨૬ પૈસાના ઉછાળા સાથે ૯૫.૪૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૭૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૪ અને ઉપરમાં ૯૫.૪૦ સુધી મજબૂત થયા બાદ અંતે ૨૬ પૈસાના સુધારા સાથે ૯૫.૪૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો આવ્યો હતો.

તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળી રહેલી બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળતાં ૯૫.૫૦થી ૯૫.૬૦ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં વિશ્લેષકોએ ઉમેર્યું હતું કે સંભવતઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ઘટાડો મર્યાદિત રાખી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૮.૯૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૯૯ ટકાના ઘટાડા સાથે ૮૯.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# હાજર ખાંડમાં ₹ ૧૦૯થી ૧૬૦નો ઘટાડો

## ખાંડના એક્સ મિલ ભાવમાં ૧૮ ટકાનો ઘટાડોઃ ખાદ્ય સચિવ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ તાજેતરમાં સરકારે ખાંડની સંગ્રહખોરી ડામવા માટે લીધેલા પગલાં ઉપરાંત ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત કરવા માટે મંજૂરી આપીને સ્થાનિકમાં પુરવઠો વધારવા માટે લીધેલા પગલાંને ધ્યાનમાં લેતા એક્સ મિલ ધોરણે ખાંડના ભાવ જે કિલોદીઠ રૂ. ૬૭ સુધી વધ્યા હતા તે ૧૮ ટકા ઘટીને કિલોદીઠ રૂ. ૫૫ સુધી પહોંચ્યા છે અને આગામી દિવસોમાં વધુ ઘટાડો જોવા મળશે, એમ ખાદ્ય સચિવ સંજીવ ચોપ્રાએ આજે જણાવ્યું હતું.

દરમિયાન નેશનલ ફેડરેશન ઑફ કૉ ઑપરેટિવ સુગર ફેક્ટરીઝના મેનેજિંગ ડિરેક્ટર પ્રકાશ નાઈકનવરેએ જણાવ્યું હતું કે હાલ દેશમાં એક્સ મિલ ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૫ની ઉપર પ્રવર્તી રહ્યા છે. સામાન્યપણે એક્સ મિલ અને હોલસેલ ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો તફાવત હોય છે અને એક્સ મિલ તથા રિટેલ ભાવ વચ્ચે કિલોદીઠ રૂ. સાતથી આઠનો તફાવત હોય છે. જોકે, હજુ મિલો પર ભાવમાં વધુ ઘટાડો આવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મિલો પર ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦૯થી ૧૬૦નો ભાવઘટાડો આગળ ધપ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૧૦થી ૧૪૦ના ઘટાડા સાથે રૂ. ૫૬૯૨થી ૫૮૫૨ આસપાસ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦૯ના ઘટાડા સાથે રૂ. ૫૮૨૦થી ૬૧૧૨ આસપાસ ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી, પરંતુ મિલો પરનાં ભાવઘટાડા સાથે સ્થાનિકમાં ભાવ ક્વિન્ટલે રૂ. ૫૦ ઘટી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૬૦૦થી ૫૬૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૭૦૦થી ૫૯૦૦માં થયાના અહેવાલ હતા.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તક: ૨૦૫ ▪ Volume 69 ▪ Issue 202 ▪ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૧૩ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 26 August 2026, Wednesday ▪ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૬ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા બે લાખ વિદેશીના વિઝા રદ કરશે




## રાજકીય આશ્રય માગનારા અસંખ્ય લોકો વિઝા સ્ટેટસ ગુમાવશે

વૉશિંગ્ટન: ટ્રમ્પના વહીવટીતંત્રે અમેરિકામાં રાજકીય આશ્રય (અસાઇલમ સ્ટેટસ) માટે અરજી કરનારા અંદાજે ૨,૦૦,૦૦૦ વિદેશીના બિઝનેસ અને ટૂરિઝમ (બી-વન અને બી-ટૂ) વિઝા રદ કરવાની હિલચાલ શરૂ કરી છે.

ટ્રમ્પનું વહીવટીતંત્ર જો બે લાખ જેટલા વિદેશીના વિઝા રદ કરશે, તો તે અમેરિકાના ઇતિહાસમાં સામૂહિક રીતે રદ કરાયેલી સૌથી વધુ વિઝા હશે. તેને અદાલતમાં પડકારાય એવી પૂરી શક્યતા જોવાઇ રહી છે.

અમેરિકાનું વિદેશ મંત્રાલય ૨૦૧૬ અને ૨૦૨૬ના સમયગાળા દરમિયાન બી-વન અને બી-ટૂ વિઝા મેળવનારા અને હવે રાજકીય આશ્રય માગનારા વિઝાધારકોની વિઝા રદ કરવાની જાહેરાત આગામી અઠવાડિયાં દરમિયાન કરે એવી સંભાવના છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટીની સાથે સંકલન સાધીને સંબંધિત કાર્યવાહી કરાશે.

અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે અમે વિદેશીઓના નોન-ઇમિગ્રન્ટ વિઝા રદ કરવા અને આવા વિઝાધારકોને ઓળખીને અન્ય જરૂરી પગલાં લઇશું. અમેરિકામાં ટૂંક સમયના મુલાકાતી તરીકે આવીને કાયમી રહેવા માટે રાજકીય આશ્રય માગનારા લોકોની સંખ્યા ઘણી વધી રહી છે. આમ છતાં, કેટલા વિદેશીઓની વિઝા રદ કરાશે? એનો

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા જતા અન્ડરગ્રેજ્યુએટ ભારતીય વિદ્યાર્થીઓ ૧૫ ટકા ઘટ્યા

વૉશિંગ્ટન: અમેરિકાએ વસાહતી નીતિ અતિશય કડક બનાવતા ૨૦૨૫-૨૬માં અમેરિકાની કૉલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ગયા વર્ષની તુલનામાં પંદર ટકા ઘટી હતી.

કોમન એપે ૧,૧૦૦૦ સંસ્થાઓનો અહેવાલ પ્રગટ કર્યો હતો. અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૨૬-૨૭ના વર્ષ માટે અન્ડરગ્રેજ્યુએટ પ્રવેશ માટેની અરજીઓ એકંદરે વધી હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય અરજદારોની સંખ્યા પહેલી માર્ચથી ૧૦ ટકા ઘટી છે જે મોટો ઘટાડો છે.

બિનનફાકારક સંસ્થાએ ભારતના અરજદારોમાં પંદર ટકા ઘટાડો થયો હોવાની નોંધ લીધી હતી. અમેરિકામાં ભણવા જનારા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારત મોખરે છે. ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં વિવિધ કોર્સ માટે ૩.૬૩ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી.

૨૦૨૫-૨૬માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ સ્થાનિક અર્થતંત્રમાં ૪૧.૭૭ અબજ અમેરિકન ડૉલરનું યોગદાન આપ્યું હતું. ૨૦૨૬-૨૭માં આ યોગદાન ૩૮.૩૭ અબજ ડૉલરનું થાય એવી

(જુઓ પાનું ૨) ▸▸

## બિહારમાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ચકમક

▸ મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને કૂચ કરતા દેખાવકારોને અટકાવાતા અથડામણ
▸ યુનિવર્સિટીમાં તોડફોડ, કર્મચારીઓ સાથે મારામારી ▸ પથ્થરમારો, લાઠીમાર અને વૉટર કૅનનનો છૂટથી ઉપયોગ

પટણા: અહીં બિહાર પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી ઝપાઝપીમાં બન્ને પક્ષે અનેક લોકો ઘાયલ થયા હતા. યુનિવર્સિટીના કૅમ્પસમાં તોડફોડ કરાઇ હતી અને કર્મચારીઓ સાથે મારામારી કરાઇ હતી.

અમુક વિદ્યાર્થીઓ પરીક્ષા પદ્ધતિ સામે વિરોધ કરી રહ્યા હતા, કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષાના પરિણામમાંની કહેવાતી ગેરરીતિનો વિરોધ કરી રહ્યા હતા, જ્યારે અન્ય વિદ્યાર્થીઓ ચાલુ વર્ષની શરૂઆતમાં બિહાર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ (કમ્બાઇન્ડ

(જુઓ પાનું ૨) ▸▸

**વિરોધનો વંટોળ:** બિહારના પટણામાં ભરતી પરીક્ષાઓમાંની કહેવાતી ગેરરીતિનો મંગળવારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પાણીનો મારો ચલાવતી પોલીસ. (એજન્સી)





**વાઈરલ થવાની ઘેલછા ભારે પડી:** ગ્વાલિયરમાં વાઈરલ થવા માટે સાડાત્રણ કલાક ગર્લફ્રેન્ડ પાસે મહેનત કરાવીને કાર પર તેની લિપસ્ટિકના 3,400 નિશાન યુવકે કરાવ્યા. આના તેને પંચાવન લાખથી વધુના વ્યૂઝ થોડા સમયમાં જ મળ્યા પણ તેની કિંમત પણ ચૂકવવી પડી. આ કાર શહેરમાં બે દિવસ ફરી હતી પણ અંતે ટ્રાફિક પોલીસના ધ્યાનમાં આવી જ ગઈ હતી. આ વાહનમાં ફેરફાર કરાયો હોવાનો આરોપ કરીને કાર માલિકને રૂપિયા ૫,૫00નો દંડ કર્યો હતો અને લિપસ્ટિકના નિશાન કાર પરથી દૂર કરવાની ફરજ પાડી હતી.આ કવાયત કરતો ફોટોમાં યુવક દેખાઈ રહ્યો છે. (એજન્સી)

## ઈરાનને પાપે ચાર ભારતીય કંપની પર અમેરિકાનો પ્રતિબંધ

વૉશિંગ્ટન: ઇરાન પાસેથી પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાત કરવા બદલ ભારતની ચાર કંપની પર પ્રતિબંધ લગાડવામાં આવ્યા હોવાનું અમેરિકાના વિદેશ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

અમેરિકાના આર્થિક બાબતોના સચિવ સ્કૉટ બૅસન્ટે સોમવારે ઑપરેશન ઇકોનોમિક આઉટકાસ્ટની જાહેરાત કરી હતી જેનો મુખ્ય આશય નવા પ્રતિબંધો લાદી ઇરાનની આવકના સંભવિત તમામ સ્રોતોને રોકવાનો છે.

અમેરિકાએ અન્ય દેશોને પણ ઇરાન સાથેના આર્થિક સંબંધો ઘટાડવાની અને એમ ન કરે તો અમેરિકાની સંભવિત કાર્યવાહીનો સામનો કરવાની

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૯૯૮માંની કાશ્મીરી પંડિતોની કત્લેઆમની નવેસરથી તપાસ

શ્રીનગર: જમ્મુ અને કાશ્મીર સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ)એ ૧૯૯૮ના વંધામા કાશ્મીરી પંડિતોના નરસંહારની તપાસ ફરીથી શરૂ કરી છે. આ ઘટનામાં આતંકવાદીઓએ ગંડરબલ જિલ્લામાં ૨૩ કાશ્મીરી પંડિતોની ક્રૂરતાપૂર્વક ગોળી મારીને હત્યા કરી હતી. આ ૨૮ વર્ષ જૂના કેસની ફરીથી તપાસ કરવાનો નિર્ણય જમ્મુ-કાશ્મીર પોલીસની એ મોટી અને વ્યવસ્થિત પ્રયાસનો ભાગ છે જેનો હેતુ નવા પુરાવા એકઠા કરવા, બાકીના કાવતરાખોરોની ઓળખ કરવી અને હત્યાઓ માટે જવાબદાર લોકો વિરુદ્ધ કેસ ચલાવવાનો છે. એસઆઇએએ ખીણમાં

(જુઓ પાનું ૨) ▸▸

## નવી દિલ્હીમાં ૩૫ રૂપિયે કિલો કાંદા વેચશે સરકાર

નવી દિલ્હી: મુખ્ય શાકભાજી ગણાતા ૮૦૦ ટન કાંદાની કાંદા એક્સપ્રેસ દેશની રાજધાની નવી દિલ્હી ખાતે પહોંચી છે અને તેનું રાહતનાં કિલોદીઠ રૂ. ૩૫ના ભાવથી રિટેલમાં વેચાણ થશે, એમ ગ્રાહક બાબતોનાં સચિવ નીધિ ખરેએ આજે જણાવ્યું હતું.

દિલ્હીમાં કાંદાનું રિટેલ વેચાણ નાફેડ, એનસીસીએફ અને કેન્દ્રીય ભંડાર સ્ટોર મારફતે થશે, એમ તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું. રેલવેરેક મારફતે મોટી માત્રામાં કાંદા ચેન્નાઈ, એર્નાકુલમ, મદુરાઈ અને ગુવાહાટી જેવાં અન્ય ચાર સેન્ટરો પર પણ મોકલવામાં આવશે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે કાંદાના ભાવ અંકુશમાં રાખવા માટે પુરવઠો વધારવા માટે દેશમાં કાંદાનો બફર સ્ટોક મહારાષ્ટ્રનાં નાશિક ખાતે રાખવામાં આવે છે.■

ઐતિહાસિક નિર્ણય

## ડીઆરડીઓને મિસાઈલ ટૅક્નોલૉજી ખાનગી કંપનીઓને આપવા મંજૂરી

નવી દિલ્હી: સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા તૈયાર કરાયેલી બધી પારંપરિક મિસાઇલ સિસ્ટમ્સની ટૅક્નોલૉજી દેશમાં જ મિસાઇલ્સના ઉત્પાદન માટે સંરક્ષણ ક્ષેત્રની ભારતીય કંપનીઓને ટ્રાન્સફર કરવા માટે મંજૂરી આપી હતી.

સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયનો હેતુ સ્વદેશી મિસાઇલ ઉત્પાદન ઝડપી બનાવવાનો અને લઘુ, નાની તેમ જ મધ્યમ કદની ભારતીય કંપનીઓને પણ મિસાઇલ ઉત્પાદનમાં સહભાગી બનાવવાનો છે. તેને લીધે દેશે આ ક્ષેત્રે આયાત પર આધાર રાખવો નહિ પડે.

તેણે જણાવ્યું હતું કે ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા તૈયાર કરાયેલી બધી પારંપરિક મિસાઇલ સિસ્ટમ્સની ટૅક્નોલૉજી સરકાર દ્વારા નક્કી કરાયેલી યોગ્ય અને લાયક ભારતીય કંપનીઓને જ ટ્રાન્સફર કરાશે.

સંરક્ષણ મંત્રાલય ખાનગી કંપનીઓને મિસાઇલ્સ, તોપગોળા,

(જુઓ પાનું ૨) ▸▸

## બ્રિક્સ સમિટ વખતે જ દિલ્હીમાં બ્લાસ્ટનો શહજાદ ભટ્ટીનો કારસો

નવી દિલ્હી: દિલ્હી પોલીસે આગામી બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન શહેરના આસપાસના વિસ્તારોમાં વિસ્ફોટ કરવા અથવા પોલીસોને નિશાન બનાવવાની પાકિસ્તાનના આતંકવાદી શહજાદ ભટ્ટીની સંભવિત યોજનાઓની ગુપ્ત જાણકારી મળ્યા બાદ સુરક્ષામાં વધારો કરી દીધો છે. એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે આ જાણકારી આપી હતી.

અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે સાવચેતીના ભાગરૂપે પોલીસ ૨,૦૦૦થી વધુ લોકો પર નજર રાખી રહી છે, જેમાં ફરાર ગુનેગારો, હાલમાં જામીન પર મુક્ત કરાયેલા આરોપીઓ અને પૂરતા પુરાવાના અભાવે મુક્ત કરાયેલા લોકોનો સમાવેશ થાય છે.

અધિકારીના જણાવ્યા મુજબ, ગુપ્ત જાણકારીના મૂલ્યાંકન બાદ આશંકા વ્યક્ત કરાઈ હતી કે બ્રિક્સ સમિટ દરમિયાન ડર ફેલાવવા અને ધ્યાન આકર્ષિત કરવાના ઇરાદાથી હુમલાનો પ્રયાસ કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું હતું કે, શહજાદ ભટ્ટી દિલ્હીમાં હુમલાની યોજના બનાવી રહ્યો છે. મુખ્ય અને મહત્વપૂર્ણ વિસ્તારોમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં દરેક ખૂણાને સુરક્ષિત રાખવું શક્ય નથી.

અધિકારીએ જણાવ્યું હતું કે એક અન્ય જાણકારી દિલ્હી-એનસીઆર અથવા આસપાસના વિસ્તારોમાં પોલીસકર્મી પર

(જુઓ પાનું ૨) ▸▸



**સાડી ગોઝ ગ્લોબલ:** ન્યૂ યોર્કના ટાઈમ્સ સ્ક્વેર ખાતે ઉમા ગ્લોબલ દ્વારા આયોજિત 'સાડી ગોઝ ગ્લોબલ યુએસએ ૨૦૨૬' દરમિયાન સાડીમાં વૉકેથોન કરતી મહિલાઓ. આ કાર્યક્રમમાં અમેરિકાના વિવિધ રાજ્યમાંથી આવેલી મહિલાઓએ અલગ-અલગ રંગ, ડિઝાઈન અને સ્ટાઈલની સાડી પહેરી હતી. તેની સાથે ભારતીય સંગીત, નૃત્ય અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા હતા. (એજન્સી)

વૃંદાવનના બાંકે બિહારી મંદિરમાં ચંદા-ચોરી

## દાનની એક-એક પાઈ મંદિરની તિજોરીમાં જવી જોઈએ: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: વૃંદાવનસ્થિત બાંકે બિહારી મંદિરમાં ચંદા-ચોરીના આક્ષેપોને ધ્યાન પર લેતાં સુપ્રીમ કોર્ટે મંગળવારે કડક શબ્દોમાં આદેશ આપ્યો હતો કે દાનની રકમની એક એક પાઈ દાનપેટીમાં કે પછી ઑનલાઈન પેમેન્ટ મારફતે સીધા જ મંદિરની તિજોરીમાં જવી જોઈએ.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠે મંદિરનાં સંચાલન પર દેખરેખ રાખતી ઉચ્ચ સ્તરિય સમિતિ દ્વારા રજૂ કરાયેલા સ્ટેટસ રિપોર્ટ રજૂ કરનાર વરિષ્ઠ વકીલ મનિન્દરસિંહની રજૂઆતને ધ્યાન પર લીધી હતી.

સિંહે તસવીરો રજૂ કરી હતી અને કહ્યું હતું કે આ ગંભીર મુદ્દાઓ છે અને તેનો તાકીદે ઉકેલ લાવવાની જરૂર છે.

એક વીડિયો છે જેમાં ત્રણ જણ દાનપેટીની પાસે ઊભા છે અને શ્રદ્ધાળુઓ પાસેથી દાનની

(જુઓ પાનું ૨) ▸▸

રામમંદિર ચંદા-ચોરી

## નિષ્પક્ષ તપાસની માગ સાથે એક લાખ સાધુ-સંતો કૂચ કરશે

અયોધ્યા: અયોધ્યામાં રામમંદિર દાન ચોરી મુદ્દે નિષ્પક્ષ તપાસની માગ સાથે એક લાખ સંતો આંદોલન કરશે તેવી જાહેરાત કરવામાં આવી છે. મંગળવારે અયોધ્યામાં રામમંદિર દાન-ચોરી મુદ્દે સંતોની બેઠકમાં હંગામો થયો હતો. કમ્પ્યુટર બાબા સહિતના સંતોએ બેઠક રોકવાનો આરોપ લગાવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ અયોધ્યા રામ મંદિર દાન ચોરી અંગે સંત સમાજની એક બેઠક ચાલી રહી હતી. ત્યારે અયોધ્યા પોલીસ અને ઇન્ટેલિજન્સ કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. જેની બાદ સંતોએ આરોપ લગાવ્યો હતો કે તેમને બેઠક યોજતા અટકાવવામાં આવ્યા હતા.

તેમજ મીડિયા કર્મચારીઓને સ્થળ પરથી

(જુઓ પાનું ૨) ▸▸




## ટ્રમ્પચી સટકલી: લૅક ઑન્ટેરિયોનું નામ બદલીને લૅક અમેરિકા કરવાની ધમકી આપી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે તેઓ લૅક ઑન્ટેરિયોનું નામ બદલીને લૅક અમેરિકા કરવાનું વિચારી રહ્યા છે. આનું કારણ અમેરિકા અને કૅનેડા વચ્ચેનું વેપાર યુદ્ધ છે અને ટ્રમ્પનો કૅનેડા માટેનો ગુસ્સો છે.

આ પ્રકારનો ફેરફાર ટ્રમ્પ દ્વારા ગયા વર્ષે મેક્સિકોના અખાતનું નામ બદલીને અમેરિકાનો અખાત કરવા માટે એકપક્ષી કાર્યવાહીની યાદ અપાવે છે.

અમેરિકા અને કૅનેડા વેપાર વિવાદમાં ફસાયેલા છે, કેનેડા મંગળવારે બદલો લેવાના પગલાંની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. બંને દેશ વચ્ચેની વાતચીત તૂટી પડ્યા

(જુઓ પાનું ૨) ▸▸

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હવે અનામતનો વિરોધ કરનારા પણ દેશદ્રોહી!

**ભારતમાં** પોતાનાથી અલગ મત પ્રગટ કરનારને દેશદ્રોહી ચિતરીને તેમને ભાંડવાનું કલ્ચર ભાજપના અંધભક્તોએ વિકસાવ્યું છે. સંગ એવો રંગ એ હિસાબે ભાજપની સંગતમાં રહેનારા બીજા પક્ષના નેતા પણ એ વાદે ચડી રહ્યા છે ને તેનો નમૂનો કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ પૂરો પાડ્યો છે. કૉક્રોચ જનતા પાર્ટીના નીટ પેપર લીક સામેના આંદોલનને મળેલી પ્રચંડ સફળતાના પગલે બીજી માગણીઓ સાથેનાં આંદોલનો પણ શરૂ થયાં છે. તેમાં એક આંદોલન સરકારી નોકરીઓ અને શિક્ષણમાં પ્રવેશમાં અનામતની નાબૂદીનું છે. આ માગણીના સમર્થનમાં કેટલાંક સંગઠનોએ દિલ્હીના જંતર મંતર ખાતે આંદોલન પણ શરૂ કર્યું છે. આઠવલેએ અનામતનો વિરોધ કરનારાને દેશદ્રોહી ગણાવીને અનામતની નાબૂદી માટે આંદોલન કરનારા સામે રાજદ્રોહનો કેસ ઠોકી દેવાની તરફેણ કરી છે.

આઠવલેએ જ્ઞાન પિરસ્યું છે કે, અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને અપાયેલી અનામત બંધારણીય અધિકાર છે તેથી આ અનામત કોઈ છિનવી ના શકે. બાબાસાહેબ આંબેડકરે બનાવેલી આ વ્યવસ્થાનો વિરોધ કરનારી દરેક વ્યક્તિ 'બંધારણ વિરોધી' હોવાથી તેની સામે રાજદ્રોહનો કેસ કરવો જોઈએ. બીજા એક કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ આઠવલે જેવો જ સૂર કાઢીને કહ્યું છે કે, અનામત કંઈ દાનમાં મળેલી ખેરાત નથી પણ બંધારણીય અધિકાર છે તેથી દુનિયાની કોઈ તાકાત તેને હટાવી ના શકે.

પાસવાને આઠવલેની જેની અનામતનો વિરોધ કરનારાને દેશદ્રોહી નથી ગણાવ્યા કે તેમની સામે રાજદ્રોહનો કેસ કરવાની વાત નથી કરી એ જોતાં પાસવાનની વાત વાંધાજનક નથી. લોકશાહી દેશમાં દરેકને પોતાનો મત વ્યક્ત કરવાનો અધિકાર છે. ચિરાગ પાસવાને પણ પોતાનો મત મૂક્યો એ ખોટું નથી પણ આઠવલે દેશપ્રેમના સર્ટિફિકેટ આપવા નિકળ્યા છે એ ખોટું છે. આઠવલેની છાપ જોકર રાજકારણી તરીકેની છે. સંસદમાં જોડકણાં બનાવીને લોકોનું મનોરંજન કર્યા કરતા અને લોકસભામાં એક પણ બેઠક નહીં હોવા છતાં ભાજપની નેતાગીરીની ચાપલૂસી કરીને મંત્રીપદે જામી ગયેલા આઠવલેને કોઈ ગંભીરતાથી લેતું નથી પણ આ વાત ગંભીર છે.

આઠવલે કેન્દ્રીય મંત્રી છે પણ આ સાહેબને એટલી ખબર નથી કે, બંધારણમાં અપાયેલા મૂળભૂત અધિકારોને ના છિનવી શકાય પણ બંધારણીય અધિકાર તો આ જ છે ને કાલે નથી. જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ અને ૩૫ એનું ઉદાહરણ નજર સામે છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ પહેલાં સુધી જમ્મુ અને કાશ્મીર રાજ્ય અને કાશ્મીરનાં લોકો વિશેષ અધિકારો ભોગવતાં હતાં. કલમ ૩૭૦ અને ૩૫ એ નાબૂદ થતાં જ એ બધા અધિકારો છિનવાઈ ગયા. જમ્મુ અને કાશ્મીરના નાગરિકો હવે ભારતના બીજા નાગરિકો જેવા જ છે. અનામતના કિસ્સામાં પણ એવું થઈ જ શકે છે. આ દેશમાં લગભગ અડધું બંધારણ બદલી દેવાયું છે ત્યાં અનામતને લગતી જોગવાઈની શી વિસાત?

આઠવલે અને પાસવાનને તો એ પણ ખબર નથી કે, અનામત તો બંધારણીય જોગવાઈ પણ નથી પણ સરકારોએ કરેલી વ્યવસ્થા છે. કોઈ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર એક આદેશ આપીને તેમાં ફેરફાર કરી શકે છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપેલો કે, નિમણૂકો તથા પ્રમોશનમાં અનામતનો લાભ આપવો કે નહીં એ નક્કી કરવાનો અધિકાર માત્ર ને માત્ર સરકારને જ છે. સુપ્રીમ કોર્ટે બીજા ચુકાદામાં એ પણ કહેલું કે, અનામત મૂળભૂત અધિકાર નથી ને અનામતનો લાભ આપવો કે નહીં સરકારે નક્કી કરવાનું છે. ભારતના બંધારણમાં ક્યાંય અનામત આપવી જ એવું સ્પષ્ટ લખાયેલું નથી. બંધારણની કલમ ૧૬ (૪) અ ૧૬ (૪-એ) હેઠળ, એસસી અને એસટી સમુદાયને સરકારી નોકરીઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ નથી મળતું એવું સરકારને લાગે તો અનામતની જોગવાઈ કરી શકે. રાજ્ય સરકારનો એ વિશેષાધિકાર છે પણ એ માટે કોઈ ફરજ ના પાડી શકે. મતબેંકના રાજકારણને કારણે અનામતની જોગવાઈ થઈ તેથી કોઈ તેને છેડતું નથી, બાકી અનામત બંધારણીય જોગવાઈ પણ નથી કે અધિકાર પણ નથી.

બીજું એ કે, બાબાસાહેબ આંબેડકરે જે અનામત વ્યવસ્થાની તરફેણ કરેલી એ પ્રમાણેની આ વ્યવસ્થા નથી. બાબાસાહેબે તો અનામતનો લાભ લઈને સધ્ધર થનારાને બાકાત કરવાની તરફેણ કરેલી જ્યારે અત્યારે તો સધ્ધર હોય કે અધ્ધર, જ્ઞાતિના આધારે બધાને લાભ મળે છે.

આઠવલેએ દેશદ્રોહનાં લેબલ લગાવવાની ને બંધારણીય જોગવાઈઓનો વિરોધ કરનારાં સામે રાજદ્રોહનો કેસ ઠોકી દેવાના લવારા પણ કર્યા છે. આઠવલેનું લોજિક લગાવીએ તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને ભાજપના સાવ છેવાડાના કાર્યકર સુધીના બધા સામે રાજદ્રોહનો કેસ થઈ જાય કેમ કે આ બધા કલમ ૩૭૦ની નાબૂદીની માગ વરસોથી કરતા હતા. કલમ ૩૭૦ બંધારણીય જોગવાઈ જ હતી તેથી તેનો વિરોધ કરનારા બંધારણ વિરોધી કહેવાય ને ? ભાજપે વરસો સુધી આ બંધારણીય જોગવાઈનો વિરોધ કર્યો, આંદોલનો પણ કર્યાં તો ભાજપવાળા પણ દેશદ્રોહી કહેવાય કે નહીં ? આ દેશમાં અલગ અલગ

બંધારણીય જોગવાઈઓ નાબૂદ કરવાની સંખ્યાબંધ માગણીઓ થાય છે તો એ બધા દેશદ્રોહી કે બંધારણ વિરોધી થઈ ગયા ?

આઠવલે જેવા લોકો પોતાના રાજકીય સ્વાર્થ ખાતર ભલે આ લવારા કરતા પણ કોઈ એક બંધારણીય જોગવાઈનો વિરોધ કરવો એ આખા બંધારણનો વિરોધ નથી. આઠવલેનું લોજિક લગાવીએ તો અડધો દેશ દેશદ્રોહી થઈ જાય જેમ કે મોટા ભાગના સવર્ણો અનામતની વિરુદ્ધ છે. આ દેશનું બંધારણ દરેક વ્યક્તિને વાણી સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર આપે છે. તેનો ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિ ઈચ્છે તેનો વિરોધ કરી શકે છે, બંધારણીય જોગવાઈનો પણ વિરોધ કરી શકે છે, ખાલી વૈમનસ્ય ના ફેલાય તેનું ધ્યાન રાખવાનું છે.

ભાજપની નેતાગીરી આઠવલેના લવારા સામે ચૂપ છે એ જોઈને નવાઈ નથી લાગતી. ભાજપવાળા પોતે જ દેશપ્રેમનાં સર્ટિફિકેટ છાપી છાપીને વોટ્સએપ યુનિવર્સિટી મારફતે વહેંચે છે તેથી એ લોકો આઠવલેને રોકવા કશું કરે એવી જરાય આશા નથી. ભાજપનાં સાંસદ કંગના રનૌતે આ દેશના યુવાઓને ગટર જનરેશન ગણાવી દીધા છતાં ભાજપના નેતા ચૂપ રહ્યા એ જોતાં આઠવલેને કશું કહે એ વાતમાં માલ નથી.

ભાજપ ચૂપ છે પણ ઉત્તર પ્રદેશના ઓબીસી નેતા ઓમપ્રકાશ રાજભરે આઠવલેને જવાબ આપ્યો છે. રાજભરે આઠવલેને સુપ્રીમ કોર્ટના ચુકાદા તપાસી જવાની પણ સલાહ આપી છે પણ રાજભરે સૌથી મહત્ત્વની વાત એ કરી છે કે, અનામત નીતિની સમીક્ષા તો જરૂરી જ છે. રાજભરે કહ્યું છે કે, અનામતનો લાભ અત્યારે સધ્ધર લોકો જ લઈ રહ્યા છે. બાબાસાહેબ આંબેડકરે તો સમાજના નબળા વર્ગને મજબૂત કરવા અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે અનામતની જોગવાઈ કરાવેલી જ્યારે અત્યારે તો આઈએએસ અને આઈપીએસ અધિકારીનાં સંતાનો, મુખ્યમંત્રી, રાજ્યપાલ અને રાષ્ટ્રપતિનાં સંતાનો સુધ્ધાં અનામતનો લાભ લે છે તો પછી બાબાસાહેબના ઉદ્દેશનું પાલન કઈ રીતે થયું ? આ સંજોગોમાં સૌથી પહેલાં તો અનામતનો લાભ લઈને સધ્ધર થનારાને બહાર કાઢવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે જેથી ખરેખર યોગ્ય વ્યક્તિને તેનો લાભ મળે.

રાજભરની વાત સો ટકા સાચી છે પણ આ દેશમાં સત્યની કશી કિંમત છે ખરી? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરશરદઋતુ, બુધવાર, તા. ૨૬-૮-૨૦૨૬, બુધપૂજન

- ભારતીય દિનાંક ૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રે ક. ૨૪ઙ્ક૪૭ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૨૨, રાત્રે ક. ૨૩-૧૦
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૩ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ત્રયોદર્શી, ત્રયોદર્શી વૃદ્ધિ તિથિ છે. બુધપૂજન, ઈદે મિલાદ (મુસ્લિમ), સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- શ્રાવણ મહિમાઃ ભગવાન શિવની પ્રસન્નતાની પ્રાપ્તિ માટે તથા સર્વ પાપોને દૂર કરવા સર્વ અમંગલ વિઘ્નો, બાધાઓને દૂર કરવા પરમ પવિત્ર અમોઘ શિવ કવચનો પાઠ કરવો. જૂના હઠીલા દર્દો પણ જેનાથી દૂર થાય છે. દરિદ્રતા દૂર થાય છે. સુખવૈભવ પ્રાપ્ત થાય છે. મનુષ્ય પાપકર્મોનો ત્યાગ કરી પુણ્ય કર્મ અને નિત્ય શિવપૂજા દ્વારા આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, બુધ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, વાહનસવારી, દુકાન, વેપાર, વિદ્યારંભ, હજામત, માલ લેવો, પ્રયાણ શુભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ઘણી મુસાફરી કરવાવાળા, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર દમન મુદ્દે સંસદીય સમિતિમાં ધમાલ

નવી દિલ્હીઃ વીસ જુલાઈના વિદ્યાર્થીના આંદોલન વખતે તેમના પર કરેલા બળ પ્રયોગ અંગે સંસદીય સમિતિની બેઠકમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિરોધ પક્ષના સભ્યોએ આ બાબતમાં ચર્ચાની માગણી કરી હોવાનું સૂત્રોએ કહ્યું હતું. કૉંગ્રેસના સભ્ય અજય માકેને ગૃહ બાબતની સંસદીય સમિતિની બેઠકમાં આ મુદ્દો ઉપાડયો હતો. આ સ્થાયી સમિતિની બેઠકમાં 'બાળકો સામેના ગુના'ના વિષય પર અધિકારીઓ તેમનાં મંતવ્યો દેવાના હતા.

માકેને કહ્યું હતું કે દેખાવકારો સામેના બળપ્રયોગની બાબત પર ચર્ચા થવી જોઈએ. જોકે સંસદીય સમિતિના અધ્યક્ષ રાધામોહન દાસ અગ્રવાલે આની પરવાનગી આપી નહોતી તેમણે કહ્યું હતું કે આ બાબત અદાલતના વિચારાધીન છે.

એક કલાક સુધી આ અંગે ઉગ્ર બોલાચાલી થઈ હતી. કૉંગ્રેસનાં પ્રિયંકા ગાંધી-વાડરા અને જયપ્રકાશ, શિવસેના (યુબીટી)ના સંજય રાઉત, આરજેડીના સંજય યાદવ અને આઈયુએમએલના હરિસ બીરન સહિતના વિપક્ષી સભ્યોએ માગણી કરી હતી કે આ બાબત પર ચર્ચા થાય.

માકેન અને બીજા સભ્યોએ પેપર લીકના મુદ્દે સંસદ તરફ કૂચ કરી રહેલા દેખાવકારો પર પૅલિટ ગન, ખીલાવાળી લાઠી અને બીજી લાઠીના કથિત ઉપયોગની બાબત ઉપાડી હતી.

તેમની માગણી ઠુકરાવતા ચેરમેને કહ્યું હતું કે એજન્ડામાં રહેલી બાબતો બેઠકમાં હાથ ધરાશે. બેઠકમાં મંત્રાલયના અનેક અધિકારીઓ બાળક સામેના ગુના વિશે તેમનાં મંતવ્યો દેવા હાજર હતા.

ચેરમેને કહ્યું હતું કે સમિતિ નવી તારીખે દેખાવકારો સામેના બળના ઉપયોગની સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિજર વિશે ચર્ચા કરીશું. આ ચુકાદા પછી વિરોધ પક્ષના સભ્યો શાંત પડ્યા હતા અને તંગદિલી ઘટી હતી. અગાઉ વિરોધ પક્ષના સભ્યો એ માકેનને ટેકો આપતાં કહ્યું હતું કે માકેનની માગણી બાળકો સામેના ગુનામાં આવે છે. (એજન્સી)

## તરુણ તેજપાલ જેલમાં જશે, બે સપ્તાહમાં શરણે થવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે બળાત્કારના દોષિત અને તહલકાના ભૂતપૂર્વ મુખ્ય સંપાદક તરુણ તેજપાલને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો. નોંધનીય છે કે છઠ્ઠી ઓગસ્ટના રોજ બોમ્બે હાઇ કોર્ટની ગોવા બેન્ચે તેજપાલને ૨૦૧૩માં તેની ભૂતપૂર્વ સહયોગી પર બળાત્કાર કરવાના આરોપમાં દોષિત ઠેરવ્યો અને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે આ કેસમાં ૨૦૨૧માં તેને નિર્દોષ છોડવાના નિર્ણયને ઉલટાવી દીધો હતો.

જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે સરેન્ડરમાં છૂટની માગ કરતી તેજપાલની અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટ સજા અને દોષિત સાબિત થયાને પડકારતી તેજપાલની અપીલની ૨૨ સપ્ટેમ્બરના રોજ સુનાવણી કરશે. જોકે આ પાછળ શરત રાખવામાં આવી છે કે તેજપાલ સરેન્ડર સર્ટિફિકેટ જમા કરાવે.

તેજપાલને ૨૦૧૩માં ગોવામાં મેગેઝિન દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન હોટલ લિફ્ટમાં પોતાની એક જુનિયર સહયોગી પર બળાત્કાર કરવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. અગાઉ ૬૨ વર્ષીય પત્રકારે દાવો કર્યો હતો કે તે રાજકીય બદલાની ભાવનાનો શિકાર થયા છે.

છઠ્ઠી ઓગસ્ટના રોજ હાઇ કોર્ટે તેજપાલને બળાત્કારનો દોષિત ઠેરવ્યો હતો અને ૧૦ વર્ષની કઠોર સજા આપી હતી જેનાથી પાંચ વર્ષ પહેલાં ટ્રાયલ કોર્ટ દ્વારા તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હોવાનો નિર્ણય પલટી દીધો હતો.

## રાજસ્થાનની સ્કૂલ કૅન્ટીન, શાળાની આસપાસ જંક ફૂડ પર પ્રતિબંધ

### જેન ઝી, જેન અલ્ફાના પ્રશ્નોના ઉકેલ માટે હાઈ કોર્ટ ઍક્શનમાં

જોધપુરઃ રાજસ્થાન હાઈ કોર્ટે જેન-ઝી, જેનઅલ્ફા અને જેન-બીટા સાથે સંકળાયેલા મુદ્દાઓને આપમેળે ધ્યાન પર લીધા હતા અને જંક ફૂડ, વધુ પડતો સ્ક્રીન સમય, પેપર લીક, ગ્રામીણ સ્કૂલોમાં અપૂરતી માળખાકીય સુવિધા તેમ જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈના યુગમાં મૂળભૂત શૈક્ષણિક કૌશલ્યમાં થઈ રહેલા ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

વર્ષ ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલા લોકો જેન-ઝી, વર્ષ ૨૦૧૩થી ૨૦૨૪ વચ્ચે જન્મેલા લોકો જેન-અલ્ફા અને વર્ષ ૨૦૨૫થી ૨૦૩૯ વચ્ચે જન્મેલા બાળકોને જેન-બીટા તરીકે ઓળખવામાં આવશે.

ન્યાયાધીશ અનુપકુમાર ધાન્ડની ખંડપીઠે શાળાની કેન્ટીનમાં અને શાળાના મુખ્ય દરવાજાથી પચાસ મીટરના દાયરામાં વધારે પડતા ચરબીયુક્ત, ખાંડયુક્ત અને મીઠાયુક્ત ખાદ્યપદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે.

પ્રતિબંધિત વસ્તુઓમાં કોર્બોનેટેડ પીણાં, ચિપ્સ, ટ્રાન્સ-ફેટ ધરાવતી બેકરીની વસ્તુઓ અને અન્ય જંક ફૂડનો સમાવેશ થાય છે.

કોર્ટે તમામ શાળાઓને ચાર અઠવાડિયામાં સ્કૂલ ફૂડ સેફ્ટી એન્ડ ન્યૂટ્રીશન કમિટી બનાવવાનો આદેશ આપ્યો છે. આ કમિટીમાં શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો રહેશે અને કમિટીની વિગતો શિક્ષણ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની રહેશે. (એજન્સી)

## તમામ કમર્શિયલ પાઈલટ્સની ડૉપ ટેસ્ટ કરવાની વિચારણા

નવી દિલ્હીઃ નાગરિક ઉડ્ડયન મંત્રાલય વર્ષભર તમામ કમર્શિયલ પાઇલટ્સ માટે રેન્ડમ ધોરણે સાયકોએક્ટિવ સબસ્ટેન્સ ટેસ્ટ કરવાની શક્યતા પર વિચાર કરી રહ્યું છે.

નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુએ મંગળવારે જણાવ્યું હતું કે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) પાઇલટ્સના ડ્રગ-પરીક્ષણ ધોરણોને વધુ મજબૂત બનાવવા માટે હિસ્સેદારો સાથે ચર્ચા કરી રહ્યું છે.

હાલમાં, નિયમો સમગ્ર પાઇલટ નેટવર્કમાં ૧૦ ટકા (ડ્રગ ટેસ્ટ) કહે છે, પરંતુ જેમ મેં કહ્યું તેમ, ડીજીસીએ (હિસ્સેદારો સાથે) સંલગ્ન છે. અમારા તરફથી એક અભિપ્રાય એ છે કે દરેક વ્યક્તિએ (આખા) વર્ષ દરમિયાન રેન્ડમ સમયે (ડ્રગ ટેસ્ટ)માંથી પસાર થવું પડે.તેથી, આપણે જોવું પડશે કે બધા હિસ્સેદારો આનો કેવી રીતે જવાબ આપશે, તેવું એમણે કહ્યું હતું.

## યુપીઆઈ ભારતના ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રનો ટર્નિંગ પૉઈન્ટઃ મોદી

નવી દિલ્હીઃ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ)ના એક દાયકાના પ્રવાસને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારતના ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રનો ટર્નિંગ પૉઈન્ટ લેખાવ્યો હતો અને કહ્યું હતું કે ડિજિટલ પેમેન્ટનાં વધી રહેલાં પ્રમાણ બદલ દરેક ભારતીયએ ગર્વ અનુભવવો જોઈએ.

આરબીઆઈની દેખરેખ હેઠળ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા વર્ષ ૨૦૧૬ની પચીસ ઑગસ્ટે યુપીઆઈ પેમેન્ટ સિસ્ટમ લૉન્ચ કરવામાં આવી હતી ત્યારથી યુપીઆઈ ભારતની ડિજિટલ પેમેન્ટ ઈકો સિસ્ટમની કરોડરજ્જુ બની ગઈ હોવાનું તેમણે કહ્યું હતું.

વડા પ્રધાને દેશના નાગરિકોને યુપીઆઈ અંગેના અનુભવો અને લોકોનાં જીવન પર થયેલી તેની અસર અંગેની માહિતી જણાવવા કહ્યું હતું.

યુપીઆઈની એક દાયકાની સફર અદ્ભુત રહી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં યુપીઆઈ મારફતે ૧.૭૮ કરોડ ટ્રાન્ઝેક્શન થયા હતા જે વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં વધીને ૨૪,૧૬૨ કરોડ પર પહોચ્યાં છે. આ બાબત યુપીઆઈ ટ્રાન્ઝેક્શનમાં ૧૩,૦૦૦ ગણો વધારો થયો હોવાનું સૂચવે છે.

યુપીઆઈ ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ડીપીઆઈ)ના સૌથી સફળ પાયા તરીકે ઊભરી આવ્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા જતા

સંભાવના છે. કેળવણીકારોની સંસ્થાના અહેવાલ પ્રમાણે કડક વિઝા નિયમ અને અનિશ્ચિત નીતિને લીધે ૨૦૨૬ના પાનખરમાં અમેરિકન કૉલેજો અને યુનિવર્સિટીમાં ૧.૧ લાખ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ ઘટી જાય એવી વકી છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણકાર અને કેળવણીકારની સંસ્થા એનએએફએસએના અહેવાલ પ્રમાણે ૨૦૨૫-૨૬ના વર્ષમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી ૧૧.૬૯ લાખ હતી જે આ વર્ષે ૧૦.૫૭ લાખ થઈ ગઈ છે. જુલાઈમાં અમેરિકાએ નવા નિયમની જાહેરાત કરીને સ્ટુડન્ટ અને મુલાકાતીના વિઝાની મુદત ચાર વર્ષની કરી નાખી હતી, જે શૈક્ષણિક કોર્સની મુદત હોય છે. જે વિદેશી વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન પૂરું કરી લે ત્યાર બાદ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ(ઓટીપી)નો ઉપયોગ કામ કરવા માટે કરે તો તેની પાસે ૧,૦૦,૦૦૦ અમેરિકન ડૉલરની ફી લેવા અમેરિકા વિચારી રહ્યું છે. ઓટીપી હેઠળ વિદેશી નાગરિકો અમેરિકામાં બાર અને અમુક કેસમાં ૨૪ મહિના કામ કરી શકે. (એજન્સી)

### બ્રિક્સ સમિટ

સંભવિત હુમલા સાથે સંબંધિત છે. તેમણે કહ્યું કે ભટ્ટીએ આ કાવતરું પાર પાડવા માટે પ્રતિબંધિત બબ્બર ખાલસા ઇન્ટરનેશનલના સભ્યોની મદદ લઈ શકે છે. ભારત ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ ૧૮મા બ્રિક્સ સમિટનું આયોજન કરશે તેના થોડા અઠવાડિયા પહેલા જ આ જાણકારી સામે આવી છે. આ સંમેલનમાં સભ્ય દેશોના નેતાઓ અને વરિષ્ઠ પ્રતિનિધિમંડળો દિલ્હી આવશે. જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓએ સમગ્ર શહેરમાં દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે.

### અમેરિકા બે લાખ

ચોક્કસ આંકડો આપવાનો તેમણે ઇનકાર કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે વિદેશીઓના વિઝા રદ કરવાની પ્રક્રિયા હાલમાં ચાલુ હોવાથી ચોક્કસ આંકડો તાત્કાલિક આપી નહિ શકાય. વિઝા રદ કરવાની કામગીરી સતત (નિરંતર) ચાલુ જ રખાશે.અમેરિકાના વિદેશ મંત્રાલયના એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે વિદેશીઓના વિઝા રદ કરીને કદાચ તેઓનો તાત્કાલિક દેશનિકાલ નહિ કરાય. જે વિદેશીઓના રાજકીય આશ્રયના કેસ પેન્ડિંગ છે, તેઓનું ફરી વર્ગીકરણ કરાશે, પરંતુ આ વિદેશીઓ પોતાનું બિઝનેસ કે ટૂરિઝમ ટ્રાવેલર્સનું સ્ટેટસ ગુમાવશે.ડોનલ્ડ ટ્રમ્પ બીજી મુદત માટે અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારથી જ તેમનું વહીવટીતંત્ર વિઝાના અરજદારો માટે વિવિધ નિયંત્રણ મૂકી રહ્યું છે, તેઓની સોશ્યલ મીડિયા હિસ્ટરી તપાસાય છે અને તેઓ પાસે વધુ વિગત મગાઇ રહી છે, વિઝા પ્રોસેસિંગ ફીમાં પણ ધરખમ વધારો કરાયો છે અને અમુક દેશના નાગરિકોને અમેરિકાના વિઝા આપવાનું પણ બંધ કરી દેવાયું છે. (એજન્સી)

### દાનની એક એક

રકમ એકત્ર કરી પોતાની પાસેની પ્લાસ્ટિકની થેલીમાં મૂકી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. સિંહ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાન પર લેતાં ખંડપીઠે કહ્યું હતું કે સિંહની રજૂઆત અંગે કોઈ શંકા નથી અને દાનની રકમની એક એક પાઈ દાનપેટીમાં કે પછી ઑનલાઈન પેમેન્ટ મારફતે સીધા જ મંદિરના ખજાનામાં જવી જોઈએ એવો કડક આદેશ અમે આપીએ છીએ. આ મામલે કોઈના પણ દ્વારા ઊભા કરવામાં આવનારાં અવરોધને ગંભીરતાથી લેવામાં આવશે એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે વ્યવસ્થાપકોએ મંદિરના ખજાનાની યંત્રણામાં પારદર્શિતા દાખલ કરવી પડશે. ઠાકુર શ્રી બાંકે બિહારીજી મહારાજ મંદિરની વ્યવસ્થાપક કમિટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતા કોર્ટે આ આદેશ આપ્યો હતો. (એજન્સી)

### બિહારમાં

કૉમ્પિટિટિવ એક્ઝામ્સ) રદ કરવાની માગણી કરી રહ્યા હતા.

બિહાર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આવતા મહિને યોજાનારી શિક્ષકોની ભરતી પરીક્ષામાં પહેલાં પ્રીલિમ્સ અને તે પછી મુખ્ય પરીક્ષા યોજવાને બદલે એકસાથે જ પરીક્ષા યોજવાની માગણીને લઇને પરીક્ષાર્થીઓ 'મુખ્ય મંત્રી આવાસ ઘેરાવ' કરવા જઇ રહ્યા હતા ત્યારે પોલીસે તેઓને અટકાવ્યા હતા અને તેને પગલે હિંસા શરૂ થઇ હતી.પોલીસ પર પથ્થરમારો કરાયો હતો અને તેના જવાબમાં પોલીસે લાઠીમાર કર્યો હતો તેમ જ તોફાનીઓને વિખેરવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો.વિદ્યાર્થીઓએ ગાંધી મેદાનથી મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન સુધીની પાંચ કિલોમીટર સુધીની કૂચ યોજી ત્યારે તેઓને રોકવા માટે મોટી સંખ્યામાં પોલીસ ગોઠવાઇ હતી. આ કૂચના પ્રારંભના સ્થળ જે. પી. ગોલાંબર ખાતે પોલીસે તોફાનીઓને વિખેરવા પાણીનો મારો ચલાવ્યો હતો.પટણાના ડાર્ક બંગલો ક્રોસિંગ ખાતે દેખાવકારોએ બૅરિકેડ્સ તોડ્યા હતા અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. (એજન્સી)

### ટ્રમ્પચી

પછી ટ્રમ્પ વહીવટીતંત્રે સપ્તાહના અંતે ૨૦ અબજ ડોલરના કેનેડિયન માલ પર ૫૦ ટકા ટેરિફ લાદવાના પ્રતિભાવમાં આ છે. ટ્રમ્પે મંગળવારે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે, અમેરિકા લૅક ઑન્ટેરિયોનું નામ બદલીને લૅક અમેરિકા કરવા પર ગંભીર વિચાર કરી રહ્યું છે કારણ કે અમે હવે ઑન્ટેરિયો સાથે વધુ વ્યવસાય કરવાની અપેક્ષા રાખતા નથી. ઑન્ટેરિયો કૅનેડાનો સૌથી વધુ વસ્તી ધરાવતો પ્રાંત છે અને દેશના ઓટો ઉદ્યોગનું હબ છે.

### ૧૯૯૮માંની

કાશ્મીરી પંડિતોની હત્યા સાથે સંકળાયેલા અનેક કેસોની તપાસ ફરીથી શરૂ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસનો હેતુ એ આતંકવાદીઓ અને તેમની મદદ કરનારા લોકોની ઓળખ કરવાનો છે અને વંધામા હત્યાકાંડમાં તેમની ભૂમિકા સાબિત કરવાનો પ્રયાસ છે.

નોંધનીય છે કે પચીસ જાન્યુઆરી, ૧૯૯૮ની રાત્રે સેનાના ગણવેશ પહેરેલા અને ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ વંધામા ગામમાં પ્રવેશ કર્યો અને નવ મહિલાઓ અને ચાર બાળકો સહિત ૨૩ રહેવાસીઓની હત્યા કરી હતી. તેમણે તેમના ઘરો અને એક સ્થાનિક મંદિરને પણ બાળી નાખ્યું હતું.

### ઈરાનના પાપે

તૈયારી રાખવાની ચેતવણી આપી છે.

બૅસન્ટે આને ઇરાનની આર્થક વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડવાનું અભૂતપૂર્વ અભિયાન લેખાવ્યું છે.

અમેરિકાની આ કાર્યવાહીને કારણે ઇરાન સાથે વેપાર કરતા દેશો, કંપનીઓ અને સંસ્થાઓ પર સેકન્ડરી પ્રતિબંધો લાગવાનું જોખમ વધી જશે.

અમેરિકાના પ્રતિબંધોનો સામનો કરી રહેલી ચાર ભારતીય કંપનીમાં કસ્ટમ બ્રોકર પ્રોટેસ પાર્ટનર એલએલપી અને તેનાં ભાગીદારો ઈન્દ્રિસમિયા અશરફમિયા શેખ અને હરીશ રામચંદ્ર રાગીનો સમાવેશ થાય છે. (એજન્સી)

### નિષ્પક્ષ તપાસની

દૂર કરવાને લઈને સંતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસ અને સ્થાનિક ગુપ્તચર એકમના કર્મચારીઓની તહેનાતીએ સંતોના રોષને વધુ વેગ આપ્યો હતો.

કમ્પ્યુટર બાબાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સાધુઓએ રામ મંદિરમાં દાન ચોરીની ઉચ્ચ સ્તરીય તપાસ સીબીઆઇને સોંપવાની માગ કરી હતી. તેમણે ચંપત રાય, ડો. અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સામે કાર્યવાહીની માગ કરી હતી.

### ડીઆરડીઓને

દારૂગોળો અને અન્ય શસ્ત્રોનાં ઉત્પાદન માટે પ્રોત્સાહન આપી રહ્યું છે.

સરકાર 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા વિવિધ પગલાં લઇ રહી છે.

સેન્ટર ફોર ઍરોસ્પેસ પાવર ઍન્ડ સ્ટ્રેટેજિક સ્ટડિઝના જુલાઇના અહેવાલ મુજબ પાકિસ્તાન દ્વારા ચીનના સહકારમાં અંતરિક્ષ અને સંરક્ષણ ક્ષમતા ઝડપથી વધારાઇ રહી છે.

પાકિસ્તાનના સ્પેસ ઍન્ડ અપર એટમોસ્ફિયર રિસર્ચ કમિશને ૧૬ મહિનામાં છ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂક્યા હતા.

ચીન દ્વારા પાકિસ્તાનને ઉપગ્રહો ભ્રમણકક્ષામાં મૂકવામાં, ટેકનોલૉજી વિકસાવવામાં અને અવકાશયાત્રીઓને તાલીમ આપવામાં મોટી સહાય કરાતી હોવાનું કહેવાય છે. (એજન્સી)

# મધ્ય રેલવેમાં શુક્રવાર મધરાતથી ૧૫ દિવસનો નાઈટબ્લોક

## ટિટવાલા-કસારા રૂટ પર અનેક લોકલ અને એક્સપ્રેસ ટ્રેનો રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવે દ્વારા ટિટવાલા સ્ટેશન પર પ્લેટફોર્મને ૧૫-કોચની ટ્રેનના રેક માટે યોગ્ય બનાવવા પ્લેટફોર્મની લંબાઈ વધારવાનું કામ હાથ ધરાશે. આ કામને કારણે શુક્રવાર ૨૮ ઓગસ્ટની મધરાતથી ૧૧ સપ્ટેમ્બરની મધરાત સુધી કુલ ૧૫ દિવસ માટે દરરોજ ૫થી ૬ કલાકનો સ્પેશિયલ ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવશે. આ બ્લોક મુખ્યત્વે મોડી રાત્રે રહેશે, જેના કારણે ટિટવાલા-કસારાના મુસાફરોને લોકલ સેવાના સમયમાં ફેરફારનો સામનો કરવો પડશે. જોકે, નિયત ટાઈમટેબલ પર અસર થવાથી આગામી પખવાડિયું પ્રવાસીઓ માટે ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી શકે છે.

બ્લોકનો પ્રથમ તબક્કો ૨૮ ઓગસ્ટની મધરાતથી એક સપ્ટેમ્બરની રાત સુધી રહેશે. દરરોજ રાત્રે ૧૧.૩૦થી સવારે ૫.૧૦ વાગ્યા સુધી કલ્યાણ અને વાશિંદ વચ્ચેની અપ અને ડાઉન નોર્થ ઈસ્ટ લાઈનો પર બ્લોક રહેશે. આ દરમિયાન કેટલાક મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને વાશિંદ અથવા આટગાંવ ખાતે રોકવામાં આવશે.

૨૮ ઓગસ્ટની રાત્રિના બ્લોક દરમિયાન ટિટવાલા અને કસારા વચ્ચે લોકલ સેવા ઉપલબ્ધ રહેશે નહીં. સીએસએમટીથી ટિટવાલા જતી ૧૦.૦૦, ૧૦.૫૦ અને ૧૧.૪૨ વાગ્યાની લોકલ તેમજ સીએસએમટી-કસારા ૧૨.૦૮ વાગ્યાની લોકલ રદ રહેશે. ટિટવાલાથી સીએસએમટી જતી ૦૯.૦૦ અને ૧૦.૦૬ વાગ્યાની લોકલ, ૧૧.૧૪ વાગ્યાની ટિટવાલા-થાણે લોકલ અને ૧૧.૦૮ વાગ્યાની આસનગાંવ-થાણે લોકલ પણ રદ કરવામાં આવશે.

આ ઉપરાંત ૨૮ ઓગસ્ટે સીએસએમટીથી ૦૮.૫૬ વાગ્યે ઉપડતી સીએસએમટી-આસનગાંવ લોકલ ટિટવાલા સુધી જ દોડશે. ડોમ્બિવલીથી ૧૦.૦૦ વાગ્યે અને કલ્યાણથી ૧૦.૦૬ વાગ્યે ઉપડતી ઈજીખ્ઝ લોકલ થાણે ખાતે શોર્ટ ટર્મિનેટ થશે. ૨૯ ઓગસ્ટની રાતથી ૧ સપ્ટેમ્બરની રાત સુધીના બ્લોક દરમિયાન પણ ટિટવાલા અને કસારા વચ્ચે લોકલ સેવા ઉપલબ્ધ રહેશે નહીં. આ સમયગાળામાં સીએસએમટી-ટિટવાલા, સીએસએમટી-કસારા, સીએસએમટી-આસનગાંવ, સીએસએમટી-કુર્લા, સીએસએમટી-થાણે અને અન્ય કેટલીક લોકલ સેવાઓ રદ રહેશે. અપ દિશામાં ટિટવાલા-સીએસએમટી, ટિટવાલા-થાણે, આસનગાંવ-થાણે, કલ્યાણ-સીએસએમટી, થાણે-સીએસએમટી અને ટિટવાલા-પરેલની કેટલીક સેવાઓ પણ રદ કરવામાં આવશે.

કેટલીક લોકલ ટ્રેનોને થાણે અથવા કલ્યાણ ખાતે જ શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.

બ્લોક પહેલાં કસારાની છેલ્લી લોકલ સીએસએમટીથી રાતના ૧૦.૪૭ વાગ્યે અને સીએસએમટી માટે કસારાની છેલ્લી લોકલ ૧૦.૦૦ વાગ્યે ઉપડશે. બ્લોક બાદ કસારાની પહેલી લોકલ સીએસએમટીથી સવારે ૪.૧૯ વાગ્યે, જ્યારે સીએસએમટી માટે કસારાથી ૩.૫૧ વાગ્યે ઉપડશે. ટિટવાલાથી પહેલી લોકલ ૪.૩૨ અથવા સંબંધિત દિવસના સુધારેલા સમય મુજબ દોડશે. ■

# દિગ્ગજ દિગ્દર્શક અને અભિનેત્રી અરુણા ઈરાનીના પતિ કુકુ કોહલીનું નિધન

## ૭૭ વર્ષની વયે મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

મુંબઈઃ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ ફિલ્મમેકર કુકુ કોહલીનું ૭૭ વર્ષની વયે નિધન થયું છે. અભિનેતા અજય દેવગનને ફિલ્મી દુનિયામાં લોન્ચ કરનારા કુકુ કોહલીએ મંગળવારે મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનના સમાચારથી બોલીવૂડમાં શોકની લાગણી ફેલાઈ છે. કુકુ કોહલીનું સાચું નામ અવતાર કોહલી હતું અને કેટલાક તેમને સંદેશ કોહલીના નામથી પણ ઓળખતા હતા. તેઓ અનેક દાયકાઓથી હિન્દી સિનેમા સાથે જોડાયેલા હતા.

કુકુ કોહલીના નજીકના મિત્ર અને ફિલ્મમેકર-પ્રોડ્યુસર અશોક પંડિતે તેમના નિધનની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે કુકુ કોહલીને કોઈ બીમારી નહોતી અને તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ હતા. જોકે, તેમને અચાનક મોટો હાર્ટ એટેક આવ્યો હતો. કુકુ કોહલી ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડિરેક્ટર્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી તરીકે પણ કાર્યરત હતા. કુકુ કોહલીના અંગત જીવનની વાત કરીએ તો તેઓ અભિનેત્રી અરુણા ઈરાનીના પતિ હતા. કુકુ કોહલીને તેમની પહેલી પત્ની રીટા કોહલીથી બે સંતાનો પૂજા અને કરિશ્મા છે, જેઓ બંને ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલાં છે.

દિગ્દર્શક તરીકે કુકુ કોહલીની પહેલી ફિલ્મ 'ફૂલ ઔર કાંટે' હતી, જે ૧૯૯૧માં રિલીઝ થઈ હતી. આ જ ફિલ્મથી તેમણે અજય દેવગનને બોલીવૂડમાં લોન્ચ કર્યા હતા. ફિલ્મમાં અજય દેવગન સાથે મધુ, અમરીશ પુરી, અરુણા ઈરાની અને જગદીપ જેવા કલાકારો જોવા મળ્યા હતા. 'ફૂલ ઔર કાંટે' બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને અજય દેવગનની કારકિર્દીને મજબૂત શરૂઆત મળી હતી. ત્યારબાદ કુકુ કોહલીએ 'કોહરામ', 'સુહાગ', 'હકીકત', 'ઝુલ્મી', 'અનાડી નંબર ૧' અને 'યે દિલ આશિકાના'નું દિગ્દર્શન કર્યું હતું. તેમની છેલ્લી ફિલ્મ 'વોહ તેરા નામ થા' ૨૦૦૪માં રિલીઝ થઈ હતી.

# કૃતિ સેનન અને કંગના રનૌત સામસામે

## રાખડીની જાહેરાતમાં ટ્રોલ થતાં કૃતિએ આપ્યો સણસણતો જવાબ

મુંબઈઃ હાલમાં બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન તેની એડને લીધે વિવાદોમાં સપડાઈ છે. રાખડીની એક જાહેરાતને લઈને વિવાદમાં પડ્યા બાદ અભિનેત્રી કૃતિ સેનનને તેના ટીકાકારોને વળતો પ્રશ્ન કર્યો હતો કે, 'આપણે મહિલાઓને શું પહેરવું તે કહેવાનું ક્યારે બંધ કરીશું?' આ જાહેરાતને લઈને અભિનેત્રી તથા ભાજપ (ભારતીય જનતા પાર્ટી)નાં સાંસદ કંગના રનૌતે કૃતિના વસ્ત્રોને અશ્લીલ ગણાવ્યા હતા, જ્યારે અન્ય લોકોએ પણ સોશ્યલ મીડિયા પર ટ્રોલ કરી હતી. જોકે, આ વિવાદ મુદ્દે કૃતિ સેનને પણ ટીકાકારોને આકરો જવાબ આપ્યો હતો.

એક જ્વેલરી બ્રાન્ડની જાહેરાતમાં 'કોકટેલ ૨' ફેમ અભિનેત્રી કૃતિ સેનન ઇન્ડો-વેસ્ટર્ન પહેરવેશમાં જોવા મળી હતી, જેમાં બ્રાલેટ-સ્કર્ટ સાથે કેપ પહેરેલી કૃતિ પોતાના ભાઈ અને ડોગીને રાખડી બાંધતી જોવા મળી હતી. ૩૬ સેકન્ડની આ જાહેરાત સોશ્યલ મીડિયા પર ચર્ચાનો વિષય બની હતી, તેમાં મહિલાઓને પોતાની પસંદગીનાં કપડાં પહેરવાની સ્વતંત્રતા, ભારતીય સંસ્કૃતિ શું છે અને ભાઈ-બહેનના પવિત્ર તહેવારનું સ્વરૂપ કેવું હોવું જોઈએ જેવા મુદ્દાઓ પર ચર્ચા શરૂ થઈ હતી.

કંગનાની જેમ અનેક લોકોએ પણ કૃતિના પહેરવેશની ટીકા કરી હતી. એક સોશ્યલ મીડિયા યુઝરે લખ્યું કે, 'કૃતિ સેનન રાખડી બાંધતી વખતે બોલ્ડ પહેરવેશમાં છે. પહેલાં આટલી નગ્નતા સામાન્ય નહોતી.' અન્ય એક યુઝરે લખ્યું, 'સર્જનાત્મક સ્વતંત્રતા સારી બાબત છે, પરંતુ તેણે પરંપરાના મૂળ ભાવને બદલવી ન જોઈએ.' ■

### આઉટફીટને લઈને જ કેમ કરાય છે ટીકા?

કૃતિ સેનન ઘણા સમય સુધી આ મુદ્દે મૌન રહી હતી, પરંતુ બાદમાં તેણે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા જવાબ આપ્યો હતો. કૃતિએ લખ્યું, 'સંસ્કૃતિ અને પરંપરા તેના હૃદયમાં હોય છે, ગળાના ખુલ્લા ભાગમાં નહીં! આપણે મહિલાઓને શું પહેરવું તે કહેવાનું ક્યારે બંધ કરીશું?' તેણે વધુમાં કહ્યું કે ભારતીય વસ્ત્રોની ફેશન સમય સાથે બદલાઈ છે, પરંતુ હજુ પણ મહિલાના સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યેના સન્માનને માત્ર તેના કપડાંને લઈ ટીકા કરવામાં આવે છે.

### પરંપરા પ્રત્યેના ભાવ લાગણીમાં

કૃતિએ પોતાની કમેન્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે તહેવારોનો મૂળ ભાવ વ્યક્તિએ શું પહેર્યું છે તેમાં નહીં, પરંતુ પરંપરા પ્રત્યેના તેના ભાવ અને લાગણીમાં રહેલો છે. તેણે કહ્યું કે, રક્ષાબંધન સુરક્ષા અને લાગણીનું બંધન છે. હું અને મારી બહેન એકબીજાને રાખડી બાંધીએ છીએ. અમે જાણીએ છીએ કે એક ભાઈની જેમ જ અમે એકબીજાનું રક્ષણ કરી શકીએ છીએ. અમે એકબીજાના સ્વાસ્થ્ય, ખુશી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરીએ છીએ. અમારા માટે આ પ્રાર્થના અને વચન અમારા કૂતરાઓ માટે પણ છે, કારણ કે તેઓ પણ અમારા પરિવારનો જ ભાગ છે.

### સંજય રાઉતે કૃતિનો કર્યો બચાવ

આ રીતે તેણે કૂતરાને રાખડી બાંધવા અંગે વાંધો ઉઠાવનારા લોકોને પણ જવાબ આપ્યો હતો. દરમિયાન, શિવસેનાના સાંસદ સંજય રાઉતે પણ કૃતિનો બચાવ કર્યો હતો. કંગના દ્વારા કૃતિ અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે તમે તે મહિલા સાંસદને આટલી ગંભીરતાથી શા માટે લો છો? ગંભીરતાથી લેશો નહીં. તેમણે વધુમાં કંગનાની ટીકા કરતાં કહ્યું કે દેશમાં અનેક ગંભીર મુદ્દાઓ છે અને તેના બદલે મોંઘી થતી ચા, સાકર અને શેરડી જેવા મુદ્દાઓ વિશે સવાલો પૂછવા જોઈએ. એક સોશ્યલ મીડિયા યુઝરે પણ કૃતિનો બચાવ કરતાં લખ્યું કે 'ભારતીય પુરુષો રાખડીની જાહેરાતમાં કૃતિ સેનનના આધુનિક કપડાંને લઈને જે રીતે વિરોધ કરી રહ્યા છે, જો મહિલાઓ પર થતા બળાત્કાર અને તેમને ન્યાય નહીં મળવા જેવા મુદ્દાઓ પર પણ એટલો જ આક્રોશ વ્યક્ત કરવામાં આવે તો સારું.' ■




# ધર્માંતર વિરોધી કાયદોઃ મહારાષ્ટ્રના ચર્ચોએ શ્રદ્ધાળુઓ પાસેથી સંમતિ પત્રો માગ્યા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ધર્માંતરણ વિરોધી કાયદો અમલમાં આવતાં, મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) ના ચર્ચોએ ઉપાસકોને સ્વ-ઘોષણાપત્રક ભરાવાનું શરૂ કર્યું છે, જેમાં તેમણે એ સ્પષ્ટ કરવાનું રહેશે કે તેઓ પોતાની મરજીથી પ્રાર્થનામાં સામેલ થઈ રહ્યા છે, કોઈના દબાણ હેઠળ નહીં.

પડોશના પાલઘર જિલ્લાના વસઈના પાદરી સેમ મથાઈએ મંગળવારે જણાવ્યું હતું કે, ''સ્વ-સુરક્ષા'' માટે ભરવામાં આવેલા આ ઘોષણા-પત્રો ચર્ચની કચેરીઓમાં રાખવામાં આવશે, જેથી સરકાર કે પોલીસ સત્તાવાળાઓ દ્વારા માગણી કરવામાં આવે તો તે તેમને બતાવી શકાય. તેમણે કહ્યું કે છેલ્લા બે-ત્રણ મહિનાથી શ્રદ્ધાળુઓ પાસેથી ફોર્મ એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

એમએમઆરમાં ૪,૦૦૦થી વધુ ચર્ચ આવેલાં છે. મથાઈએ માહિતી આપી હતી કે, કેટલાક ચર્ચ જન્મથી ખ્રિસ્તી ન હોય તેવા ઉપાસકો પાસેથી ફોર્મ ભરાવી રહ્યા છે, અને કેટલાક ચર્ચ નિયમિત ઉપાસકોને પણ ફોર્મ ભરવાનું કહી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં ધર્માંતરણ-વિરોધી કાયદા, 'મહારાષ્ટ્ર ફ્રીડમ ઓફ રિલિજન એક્ટ, ૨૦૨૬' (મહારાષ્ટ્ર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૨૬) ને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ અને ૩૦ જુલાઈએ તેની સત્તાવાર ગેઝેટ સૂચના બહાર પડ્યા પછી તે અમલમાં આવ્યો છે. આ કાયદો બળજબરી, છેતરપિંડી, પ્રલોભન કે લગ્ન દ્વારા કરવામાં આવતા ધર્માંતરણ સામે કાર્યવાહી કરવાનો માર્ગ મોકળો કરે છે. નવા કાયદા હેઠળ, અન્ય ધર્મ અંગિકાર કરવા ઈચ્છતી વ્યક્તિએ ઓછામાં ઓછા ૬૦ દિવસ અગાઉ જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ કરવી આવશ્યક છે. આ કાયદામાં પ્રક્રિયાના ઉલ્લંઘન બદલ સાત વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

બોમ્બે કેથોલિક સભાના પ્રવક્તા ડોલ્ફી ડી'સોઝાએ જણાવ્યું હતું કે, આ કાયદાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિથી સમુદાય નારાજ અને વ્યથિત છે. તેમણે દાવો કર્યો હતો કે, બળજબરીથી ધર્માંતરણના ખોટા આરોપોને કારણે પ્રાર્થનામાં ખલેલ પહોંચાડવાની ઘટનાઓ બની છે. તેમણે કહ્યું કે સ્વ-ઘોષણાનો હેતુ એ પુષ્ટિ કરવાનો છે કે દરેક વ્યક્તિ પોતાની મરજીથી ચર્ચમાં આવી રહી છે; તેમણે ઉમેર્યું કે સમુદાય અપેક્ષા રાખે છે કે પોલીસ કાયદાનો અમલ તમામ માટે સમાન રીતે કરે. (પીટીઆઈ)■

# પ્રભાદેવીની બિલ્ડિંગમાં નવ ફ્લેટમાં ગેરકાયદે બાંધકામને બીએમસીએ તોડી પાડયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રભાદેવીમાં ગોખલે રોડ પર આવેલા બિલ્ડિંગમાં મંજૂર કરવામાં આવેલા પ્લાનનું ઉલ્લંઘન કરીને અને ફ્લોર એરિયા ઇન્ડેક્સ (એફએસાઈ) અનુસાર કરવામાં આવેલા અનધિકૃત બાંધકામો અને ફેરફારો સામે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રભાદેવીમાં આવેલી રુસ્તમજી ક્રાઉન બિલ્ડિંગમાં રહેલા ગેરકાયદે બાંધકામ સામે મંગળવાર, ૨૪ ઑગસ્ટ અને બુધવાર, ૨૫ ઑગસ્ટના સતત બે દિવસથી કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં કુલ નવ ફ્લેટમાં રહેલા અનધિકૃત બાંધકામો અને મંજૂરી વગર કરવામાં આવેલા ફેરફારોને તોડી પાડવામાં આવ્યા હતા.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ રુસ્તમજી ક્રાઉનેમાં ત્રણ બેઝમેન્ટ પ્લસ ગ્રાઉન્ડ ફ્લોર સહિત ૬૩ માળ છે. બિલ્ડિંગના પહેલાથી ૧૨ માળ પાર્કિંગ માટે છે, ૧૦મો અને ૧૧મો માળ ફિટનેસ સેન્ટર માટે છે, ૧૩મો માળ સર્વિસ ફ્લોર માટે છે, જ્યારે ૧૪ થી ૬૩ માળ રહેણાંક ઉપયોગ માટે છે. રહેણાંક વિસ્તારમાં એ, બી અને સી એમ ત્રણ વિંગનો સમાવેશ થાય છે. એ અને સી વિંગને ઓક્યુપન્સી સર્ટિફિકેટ (ઓસી) મળ્યું છે અને બંને વિંગમાં ૧૮૬ ફ્લેટ છે.

આ ઇમારતમાં એફએસઆઈનું ઉલ્લંઘ અને અનધિકૃત બાંધકામો અને ફેરફારો અંગે મળેલી ફરિયાદો અનુસાર, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ અને મહારાષ્ટ્ર રિજનલ એન્ડ ટાઉન પ્લાનિંગ એક્ટ, ૧૯૬૬ (ખછ્છ્ઁડ એક્ટ) ની સંબંધિત જોગવાઈઓ અનુસાર એ અને સી વિંગમાં સંબંધિત ફ્લેટોને કુલ ૧૩૮ નોટિસ જારી કરવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા પછી કાર્યવાહીની નોટિસ બજવ્યા પછી સંબંધિતોને તેમના નિવેદનો, દસ્તાવેજો અને ખુલાસાઓ રજૂ કરવાની અને સાંભળવાની તક આપવામાં આવી હતી. સંબંધિતો દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો, નિવેદનો અને ઉપલબ્ધ રેકોર્ડને ધ્યાનમાં લીધા પછી લાગુ પડતા કેસોમાં બોલવાના આદેશો પસાર કરવામાં આવ્યા હતા.આ પછી, ૨૪ અને ૨૫ ઓગસ્ટના રોજ ફ્લેટમાં અનધિકૃત બાંધકામો અને ફેરફારો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી પાલિકાના કર્મચારી અને નિયુક્ત ખાલી કરાવવાના કૉન્ટ્રાક્ટર દ્વારા નિર્ધારિત કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી કરવામાં આવી હતી.

તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે કેટલાક ફ્લેટમાં, સામાન્ય લોબીનો એક ભાગ લાકડાના પદાર્થો અને હળવા વજનના સિપોરેક્સ ઇંટોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે બંધ કરવામાં આવ્યો હતો. આ ભાગ ફ્લેટના રહેવા યોગ્ય વિસ્તારમાં સમાવવામાં આવ્યો હતો. ■



















# બેસ્ટની પ્રોપર્ટીના વેચાણ અને તેના વિકાસ સામે બેસ્ટ કર્મચારીઓના યુનિયનનો વિરોધ

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમની મિલકતના વેચાણ તેમજ અન્ય માધ્યમો દ્વારા મિલકતની ટ્રાન્સફરની પ્રક્રિયા સામે બેસ્ટના કર્મચારીઓના યુનિયને આકરો વિરોધ નોંધાવ્યો છે. બેસ્ટ સંયુક્ત કાર્યકર કાર્યવાહી સમિતિએ આ સંદર્ભમાં બેસ્ટ સમિતિના અધ્યક્ષને પત્ર લખીને ટ્રેડ યુનિયનોને વિશ્વાસમાં લીધા વિના લેવામાં આવેલા નિર્ણયોને કારણે કર્મચારીઓમાં અસંતોષ જાગ્યો હોવાની શક્યતા વ્યક્ત કરી છે. બેસ્ટ સંયુક્ત કાર્યકર કાર્યવાહી સમિતિએ છ જૂન, ૨૦૨૬ ના રોજ રાજ્યના મુખ્ય પ્રધાનને પત્ર લખીને માગણી કરી હતી કે બેસ્ટ ઉપક્રમની સંપત્તિઓ હરાજી અથવા અન્ય કોઈપણ માધ્યમથી વેચવી ન જોઈએ. ■

# કરોડોના કૌભાંડમાં લાતુરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ધરપકડ

લાતુરઃ ૧૬ શેલ કંપની મારફત કરોડો રૂપિયા વિદેશમાં ટ્રાન્સફર કરી શકાય તે માટે આવશ્યક સર્ટિફિકેટ્સ કથિત રીતે જારી કરવા બદલ પોલીસે લાતુર જિલ્લાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ધરપકડ કરી હતી. ઉદગીર શહેર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ભુસનુરે જણાવ્યું હતું કે આરોપી શ્યામ કાલાણીની ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે ઉદગીરની કોર્ટે તેને નવ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આવકવેરા વિભાગ દ્વારા કરાયેલા સર્વેમાં મળી આવેલાં તારણોને આધારે ૨૧ ઑગસ્ટે પોલીસે ગુનો નોંધ્યો હતો. એફઆઈઆર અનુસાર કાલાણીએ અંતર્ગત દસ્તાવેજોની આવશ્યક ચકાસણી કર્યા વિના વિદેશમાં ભંડોળ મોકલવા માટે આવકવેરાના નિયમો હેઠળ ફૉર્મ ૧૫સીબીમાં ૧,૮૧૦ સર્ટિફિકેટ્સ ઈશ્યુ કર્યા હતા. ફૉર્મ ૧૫સીબી બિનનિવાસીઓને અમુક પેમેન્ટ્સ અથવા રેમિટન્સ સંબંધમાં સીએ દ્વારા જારી કરવામાં આવે છે અને અધિકૃત ડીલર અથવા બૅન્ક મારફત ભંડોળ ટ્રાન્સફર થાય તે પૂર્વે સુસંગત કરપાત્રતા અને કરકપાતની વિગતોને તે પ્રમાણિત કરે છે. (પીટીઆઈ)■



# સંસ્થા સમાચાર

## થાણેમાં ચાતુર્માસ

પૂ. આ. ભ. શ્રી દર્શનસાગર-સૂરીશ્વરજી મ. સા., પૂ. આ. ભ. શ્રીનિત્યોદય-સાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. ભ. શ્રીચન્દ્રાનન-સાગરસૂરીશ્વરજી મ. સા., પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી હરીશચન્દ્રસાગરજી મ. સા., પૂ.મુનિરાજ શ્રીમનનચન્દ્ર-સાગરજી મ. સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતા શ્રીજી મ. સા., શ્રી ચારુતાશ્રીજી મ.સા.(બેન મ.) આદિ ઠાણાનો શ્રી ઋષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ એન્ડ જ્ઞાતિ ટ્રસ્ટ, થાણા દ્વારા સંચાલિત શ્રી રાજસ્થાન શ્વે. મૂર્તિ. જૈન સંઘ, ટેંભીનાકા, થાણા (પ.)માં ચાતુર્માસ પ્રવેશ થયો. એમાં શ્રી પરમપદ તપનો શુભારંભ, દર શનિવારે શનિ મહા વિધાન, બહેનોની શિબિર, બાલ સંસ્કાર શિબિર, રોજ પ્રવચનો, શ્રી નેમિનાથ પ્રભુ જન્મ કલ્યાણક મહોત્સવ, દર રવિવારે સહકુટુંબ શિબિર જેવા કાર્યક્રમો યોજાયા. એક ગુરુભક્તે પૂ. આ. ભ. શ્રીચન્દ્રાનન-સાગરસૂરીશ્વરજી મ. સા.ના ૬૬મા જન્મમહોત્સવ નિમિત્તે ખાસ ગુરુભક્તિ બતાવી હતી.

## ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનું અષ્ટપ્રકારી પૂજન

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રીયોગરત્નવિજયજી મ. સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી તારકયશાશ્રીજી મ. સા. આદિ ઠાણાનો 'અભયમ ચાતુર્માસ'નો શુભારંભ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સુમેરનગર શ્વે. મૂર્તિ જૈન સંઘ, બોરીવલી (પ.)માં થયો. જેમાં રોજ રસપ્રદ પ્રવચનો, મહિલા શિબિર, દર રવિવારે ફેમિલી શિબિર યોજાયાં. શ્રી સંઘમાં ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું પૂ. ગણિવર્ય શ્રીયોગરત્નવિજયજી મ. સા.એ જળ-ચંદન-પુષ્પ-ધુપ-દીપક-અક્ષત-નૈવેદ્ય-ફળ એમ અષ્ટપ્રકારી પૂજન વિધિપૂર્વક કરાવ્યું હતું. એનો લાભ શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાએ સજોડે પરિવારજનો સાથે લીધો હતો.

# છેલ્લા પાનાનું ચાલુ

## હવે મુખ્ય પ્રધાનની

પછી, લોકાયુક્ત કાયદાના અમલીકરણનો માર્ગ મોકળો થયો.

નવી સિસ્ટમમાં મુખ્ય પ્રધાન, પ્રધાનો, રાજ્યપ્રધાનો, ધારાસભ્યો, સનદી કર્મચારીઓ, પોલીસ અને વન સેવા અધિકારીઓ, રાજ્ય સરકારી કર્મચારીઓ અને વિવિધ સરકારી, અર્ધ-સરકારી સંસ્થાઓ અને નિગમોના અધિકારીઓને લોકાયુક્તના કાર્યક્ષેત્ર હેઠળ લાવવાની જોગવાઈ હતી. જોકે, મુખ્ય પ્રધાન વિરુદ્ધ તપાસ શરૂ કરવા માટે વિધાનસભાના બે તૃતીયાંશ સભ્યોની મંજૂરી માટે ખાસ શરત રાખવામાં આવી હતી.

નવા કાયદા મુજબ, લોકાયુક્તને મુખ્ય પ્રધાન, ભલે તે વર્તમાન હોય કે ભૂતપૂર્વ, વિરુદ્ધ તપાસ શરૂ કરવા માટે વિધાનસભાની પૂર્વ મંજૂરીની જરૂર પડે છે. મુખ્ય પ્રધાન સામે તપાસની પ્રક્રિયા ગુપ્ત રાખવાની પણ જોગવાઈ છે.

## ચર્ચગેટ મેટ્રો

ખામીના કારણે ચર્ચગેટ મેટ્રો સ્ટેશનની એક લિફ્ટ થોડા સમય માટે બંધ થઈ ગઈ હતી. લિફ્ટમાં છ મુસાફરો હાજર હતા, જેમને પાંચ મિનિટમાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. એમએમઆરસીએ વધુમાં સ્પષ્ટ કર્યું કે મુસાફરોને બહાર કાઢ્યા બાદ લિફ્ટની કામગીરી સામાન્ય થઈ ગઈ છે અને હવે લિફ્ટ યોગ્ય રીતે કાર્યરત છે.

ચર્ચગેટ મેટ્રો સ્ટેશન પર બનેલી આ ઘટનાએ ફરી એકવાર મેટ્રો સ્ટેશનો પર લિફ્ટની નિયમિત જાળવણી અને ટેક્નિકલ તપાસના મહત્ત્વ પર સવાલ ઊભો કર્યો છે. જોકે, ઝડપી બચાવ કામગીરીને કારણે દુર્ઘટના ટળી હતી.

## લિફ્ટને બહાને

વાગ્યાની આસપાસ વાડા તાલુકાના કેળીચાપાડા નજીક બની હતી. ફરિયાદી ભારતી પષ્ટે (૭૨) ગામની ત્રણ મહિલા સાથે કેળીપાડાથી કંચાડ જવા નીકળી હતી. ચારેય જણ વાહન માટે મુખ્ય રસ્તા પર ઊભી હતી ત્યારે આરોપીઓ ઈકો કારમાં ત્યાં આવ્યા હતા.

લિફ્ટ આપવાને બહાને ચારેય મહિલાને કારમાં બેસાડી હતી. પછી થોડે આગળ સૂમસામ વિસ્તારમાં કાર ઊભી રાખી વૃદ્ધાની મારપીટ કરવામાં આવી હતી. પછી ગળામાંની ૧.૭૦ લાખ રૂપિયાની સોનાની માળા જબરદસ્તી લૂંટી વૃદ્ધાને કારમાંથી બહાર ધકેલી દેવામાં આવી હતી. ડરી ગયેલી અન્ય ત્રણ મહિલા પણ કારમાંથી ઊતરી ગઈ હતી. બાદમાં આરોપી ગુજરાત તરફ ફરાર થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં વાડા પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રદીપ પાટીલની ટીમ તપાસમાં લાગી હતી. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે કારનો નંબર મેળવવામાં આવ્યો હતો. કાર ગુજરાતની દિશામાં ગઈ હોવાનું જાણવા મળતાં વલસાડ પોલીસને જાણ કરાઈ હતી. વલસાડ પોલીસે તરત જ નાકાબંધી કરી ગુન્દલાવુ બ્રિજ નજીક કારને રોકી હતી. કારમાંથી ચારેય આરોપીને તાબામાં લઈ પાલઘર પોલીસને સોંપાયા હતા. પોલીસે લૂંટેલી માળા અને કાર જપ્ત કરી હતી.

## વિદ્યાવિહારમાં

રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ભાજપના નોમિનેટેડ નગરસેવક કોર્પોરેટર પ્રવીણ છેડાના જણાવ્યા અનુસાર ડિમોલિશનનું કામ કરતી વખતે પાલિકાના 'એન' વૉર્ડના મેઈન્ટેનન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા અહીં પૂરતી સલામતીની સાવચેતી લીધા વગર જેસીબી મશીનરીનો ઉપયોગ કરીને ડિમોલિશનનું કામ હાથ ધર્યું હતું. લોકોને ચેતવણી આપતા સિમ્બોલ કે સુરક્ષા માટે બેરિકેડ્સ પણ ઊભા કર્યા નહોતા. સુરક્ષાને લઈને પાલિકાએ અહીં મોટી બેદરકારી રાખી હતી.

વિદ્યાવિહાર પૂર્વનો સ્ટેશન રોડ અત્યંત વ્યસ્ત ગણાય છે. સોમૈયા કોલજની સાથે જ અહીં જંકશન પર આર.એન.ગાંધી સ્કૂલ હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની સાથે જ નાગરિકો આ રસ્તા પરથી જ સ્ટેશન જતા હોય છે. આટલો વ્યસ્ત રોડ હોવા છતાં સુરક્ષાની કાળજી નહીં લેતા પૂરતા સલામતીના પગલાં નહીં લેતા રસ્તા પર દુકાનો તોડી પાડવાનું કામ હાથ ધરવા બદલ પાલિકા પ્રશાસનની આકરી ટીકા થઈ રહી છે.

પ્રવીણ છેડાએ આ મુદ્દે પાલિકા કમિશનર અશ્વિની ભીડેને આપેલા પત્રમાં સાવચેતીના પગલાંમાં બેદરકારી રાખવા અને વિદ્યાર્થીના જીવને જોખમમાં મૂકવા બદલ સંબંધિત પાલિકાના અધિકારીઓ અને કૉન્ટ્રાક્ટરો સામે આકરી કાયદાકીય કાર્યવાહી કરવાની માગણી કરી છે. તે જ જખમી વિદ્યાર્થીની તમામ સારવારનો ખર્ચ પણ પાલિકાએ ચૂકવવો એવી માગણી પણ કરવામાં આવી છે.

વિદ્યાવિહારની આ દુર્ઘટના બાદ પાલિકાની રસ્તા પહોળા કરવા અને અતિક્રમણ દૂર કરવા માટેની ઝુંબેશ દરમ્યાન ફરજિયાત સેફ્ટી પ્રોટોકોલનો સખતાઈપૂર્વક અમલ કરવામાં આવે છે કે નહીં તે બાબતે સવાલ નિર્માણ થયા છે.

## કિશોરની પરિવારને

જણાવ્યું હતું કે, કુણાલ તેના માતા-પિતા વચ્ચેના તણાવને કારણે ખૂબ જ વ્યથિત હતો અને ઈચ્છતો હતો કે તેના પિતા ઘરે પાછા ફરે. દાભાડેએ કહ્યું કે તેણે કુણાલને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે કૌટુંબિક મતભેદો જીવનનો એક ભાગ છે, પરંતુ કુણાલ તેના પિતાને પાછા મેળવવા માટે મક્કમ હતો. ''મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે તે આવું કંઈક કરશે. મને લાગે છે કે આ એક અચાનક બનેલી ઘટના છે કારણ કે તેના માતા-પિતા તેને ખૂબ પ્રેમ કરતા હતા અને કોઈ આર્થિક સંકટ પણ નહોતું. કુણાલના પિતા તેને ખૂબ પ્રેમ કરતા હતા, જોકે તેઓ તેની સાથે રહેતા નહોતા,'' તેમ તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

## પાલઘરની આશ્રમ

મંડળ, મુંબઈના અધ્યક્ષ અને સેક્રેટરીને કારણદર્શક નોટિસ મોકલવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ માસવન ખાતેની આશ્રમ શાળામાં પહેલા ધોરણમાં અભ્યાસ કરતા સાત વર્ષના શ્રેયસ આંબટને બાવીસ ઑગસ્ટે સખત તાવ આવ્યો હતો. સારવાર માટે તેને સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો.

વિદ્યાર્થીને સોમવારે પાછો તાવો આવ્યો હતો. આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઑફિસરે તેનું ઑક્સિજન લેવલ્સ નીચું ગયું હોવાનું નોંધ્યું હતું, જેને પગલે તેને એમ્બ્યુલન્સમાં મનોરની ગ્રામીણ હૉસ્પિટલમાં લઈ જવાની ભલામણ કરાઈ હતી.

જોકે બાળકને હૉસ્પિટલમાં લઈ જતાં તબીબે ઈસીજી કર્યું હતું અને પછી તેને મૃત જાહેર કર્યો હતો. મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમના અહેવાલ પછી જાણી શકાશે, એમ પોલીસે જણાવ્યું હતું.

ઘટનાને પગલે આરોગ્ય અને વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ આશ્રમશાળામાં પહોંચ્યા હતા. શાળાના ૩૯૫ નિવાસી વિદ્યાર્થીઓની કૅમ્પસમાં આરોગ્ય તપાસણી કરાઈ હતી. સતર્કતાના પગલા તરીકે શરદી, ખાંસી અને તાવનાં લક્ષણ ધરાવતા પચીસ વિદ્યાર્થીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરાયા હતા, જેમાં ૧૪ છોકરા અને ૧૧ છોકરીનો સમાવેશ થાય છે. અન્ય ચાર વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થીને મનોરની ગ્રામીણ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આદિવાસી વિકાસ પ્રકલ્પ અધિકારી વિશાલ ખત્રીએ શાળા અને આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે તેમણે ચર્ચા પણ કરી હતી. માસવાન આશ્રમ શાળામાં નવેસરથી આરોગ્યની તપાસની જિલ્લા આરોગ્ય અધિકારીએ સૂચના આપી હતી. એ સિવાય સેનિટેશન અને જળશુદ્ધિ માટે જરૂરી પગલાં લેવાઈ રહ્યાં છે. (પીટીઆઈ)

## ગણેશમૂર્તિના આગમનની

હતો અને આ પ્રકરણે ગુનો નોંધી તપાસ આદરી હતી.

આ પ્રકરણ સંવેદનશીલ હોવાથી પોલીસની પાંચ ટીમ તૈયાર કરવામાં આવી હતી અને આરોપીની શોધ ચલાવવામાં આવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ અને ઉપલબ્ધ અન્ય પુરાવાને આધારે આરોપીને ઓળખી કાઢવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરાઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર ઓનલાઇન ઓર્ડર લઇને ઇંડાં ઘરે પહોંચાડવાનું કામ કરતો આરોપી દાનિશ શેર ખાન રવિવારે રાતના ઇંડાં પહોંચાડવા મઝગાંવ આવ્યો હતો. તે કોન્ટિનેન્ટલ હાઇટ્સ ઇમારતમાં પ્રવેશી રહ્યો હતો ત્યારે ગણેશમૂર્તિની ભવ્ય શોભાયાત્રા દરમિયાન ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ફટાકડાના ધુમાડાને કારણે તેની આંખોમાં બળતરા થવા લાગી હતી, જેને કારણે તેને ગુસ્સો આવ્યો હતો અને ગુસ્સામાં તેણે શોભાયાત્રા પર ઇંડાં ફેંક્યાં હતાં, એવું તપાસમાં જાણવા મળ્યું હતું. દાનિશ માનસિક રીતે અક્ષમ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

## હાઈ કોર્ટનો

નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. એમસીએ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિક્રમ નાનકાનીએ જણાવ્યું હતું કે એફડીએ એ સૌપ્રથમ 'સુધારણા નોટિસ' જારી કરવી જોઈતી હતી, જેથી ખામીઓ સુધારવાની તક મળી શકે. જોકે, બેન્ચે આ દલીલ એમ કહીને ફગાવી દીધી હતી કે જ્યારે તપાસ દરમિયાન 'ગંભીર ઉલ્લંઘનો' જોવા મળ્યા હોય, ત્યારે આ જરૂરી નથી. બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે ન્યાયી સંતુલન જાળવવા માટે, એફડીએ ગુરુવારે તે પાંચેય ખાણીપીણીનાં સ્થળોની ફરીથી તપાસ કરશે અને એમસીએ ત્યાં સુધીમાં તે પરિસરની સફાઈ કરી લેશે. હાઈ કોર્ટે નોંધ્યું કે રાજ્યના લોકો એફડીએની કાર્યવાહીની પ્રશંસા કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ આવી જ કાર્યવાહી કરવાની જરૂર છે.

## સાકરના જથ્થાબંધ

વેચાણ કરી રહ્યા છે. આમ, મોંઘી ખાંડનો સ્ટોક ખતમ થઈ જાય અને સસ્તી સાકર ઉપલબ્ધ થાય ત્યારે જથ્થાબંધ ભાવમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી ધીમે ધીમે પહોંચી શકે છે. બીજી તરફ ખેડૂત સંગઠને એવી દલીલ કરી છે કે તાજેતરમાં સાકરના ભાવમાં થયેલા વધારાને કારણે ખેડૂતોને નફાનો હિસ્સો મળવો જોઈએ.

મહારાષ્ટ્ર સરકારે સાકર માટે 'ડબલ પ્રાઇસિંગ મોડલ' રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ મોડલનો હેતુ સામાન્ય પરિવારોને મોંઘી સાકરથી બચાવવાનો છે, જ્યારે ખેડૂતોને યોગ્ય ભાવ અને સાકરના કારખાનાઓને આર્થિક સ્થિરતા આપવાનો છે. આ પ્રસ્તાવ મુજબ સામાન્ય પરિવારોને ખાંડ સસ્તા ભાવે મળશે, જ્યારે વ્યાપારી ઉદ્યોગો સાકર માટે વધુ ભાવ ચૂકવશે. મહારાષ્ટ્રના સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલે માહિતી આપી કે તેમણે એલપીજી સિલિન્ડરની જેમ સાકર માટે પણ આ નવો પ્રસ્તાવ કેન્દ્રીય સહકાર પ્રધાન અશ્વિની વૈષ્ણવ / અમિત શાહ અને કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ સમક્ષ રજૂ કર્યો છે. પાટીલે જણાવ્યું કે દેશમાં બનતી કુલ ખાંડમાંથી માત્ર ૧૦ થી ૧૫ ટકા સાકરનો ઉપયોગ જ ઘરોમાં સીધો થાય છે, બાકીની મોટાભાગની સાકર ઉદ્યોગો વાપરે છે. તેથી સામાન્ય જનતા પર બોજ ન પડવો જોઈએ.

## મુંબઈથી હૈદરાબાદ

૭૧૧થી ૭૬૭ કિમી.ના વિસ્તારમાં પથરાયલો હશે. આ સમગ્ર પ્રોજેક્ટનું નિર્માણ થતા મુંબઈથી હૈદરાબાદ વચ્ચેનું અંતર ચાર કલાકનું થઈ જશે. અગાઉ જે ૧૫ કલાકનો સમય જતો એમાં હવે માત્ર ચાર કલાકમાં જ હૈદરાબાદ પહોંચી શકાશે. મુંબઈથી પુણે વચ્ચેના ૧૫૦થી ૧૮૦ કિમી અંતરના રૂટ પર બીકેસી, નવી મુંબઈ, લોનાવલા, પિંપરી, ચિંચવડ અને પુણે મુખ્ય સ્ટેશન છે. આ રૂટની ટોટલ લેન્થ ૫૬૦થી ૫૯૦ મીટરની છે. પુણેથી સોલાપુર, કાલબુર્ગી, ઝહિરાબાદથી હૈદરાબાદ સુધીના રૂટને હાલમાં ફિક્સ કરી દેવામાં આવ્યો છે.

### રોકાણમાં પણ ફાયદો થશે

મુંબઈ અને પુણે વચ્ચેની ૧૫૦ કિમી.ની મુસાફરી બુલેટ ટ્રેન દ્વારા માત્ર એક કલાકમાં પૂર્ણ થશે. આ મુંબઈના વ્યાપાર કેન્દ્રને પુણેના શિક્ષણ કેન્દ્ર સાથે જોડશે. આ લાઇન નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક (શમશાબાદ) સાથે સીધી કનેક્ટિવિટી ધરાવશે. સોલાપુર (મહારાષ્ટ્ર) અને કાલબુર્ગી (કર્ણાટક)ના ઔદ્યોગિક વિસ્તારોને પણ બુલેટ ટ્રેનનો લાભ મળશે, તે રોકાણ આકર્ષિત કરશે અને રોજગારની તકોમાં વધારો કરશે. આ પછી હૈદરાબાદ બેંગ્લુરુ અને હૈદરાબાદ ચેન્નઈ બુલેટ ટ્રેનનો રૂટ ફિક્સ થાય એવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ બુલેટ ટ્રેનને લઈને હાલમાં કોઈ અપડેટ નથી પણ જે તે સમયે જાહેર થયેલા કાર્યક્રમમાંથી આ અંગે રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં પ્રધાનોની

હતું કે આવી નિમણૂકોને કારણે ઉછીની સેવા લેતી કચેરીઓ અને મૂળ કચેરીઓના કામકાજ પર પ્રતિકૂળ અસર પડતી હતી અને વહીવટી મુશ્કેલીઓ ઊભી થતી હતી. વળી, આના પરિણામે કર્મચારીઓએ તેમના મૂળ વિભાગોમાં મેળવેલી તાલીમ પણ વ્યર્થ જતી હતી. બીજી ચિંતા એ હતી કે પ્રતિનિયુક્તિ અથવા મૌખિક સૂચનાઓ પર કરવામાં આવેલી નિમણૂકોમાં પ્રામાણિકતાના પ્રમાણપત્રો, ચારિત્ર્ય પ્રમાણપત્રો, ગોપનીય અહેવાલો, વિભાગીય તપાસ અને સેવા-સંબંધિત અન્ય બાબતોની ચકાસણીનો સમાવેશ થતો નહોતો. આવી ચકાસણી જરૂરી છે કારણ કે પ્રધાન અને તેમની કચેરીનું કામ અત્યંત સંવેદનશીલ પ્રકારનું હોય છે. નવી સૂચનાઓ હેઠળ, કચેરીના વડાઓ અને 'ડ્રોઇંગ એન્ડ ડિસબર્સિંગ ઓફિસર્સ' (ડીડીઓ) ને ૧૫ સપ્ટેમ્બર સુધીમાં જે અધિકારીઓની નિમણૂક રદ કરવામાં આવી હતી, તેઓ તેમની મૂળ કચેરીઓમાં જોડાઈ ગયા છે એવા અહેવાલો રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે.

## ત્રીજા મુંબઈ

એમએમઆરડીએના અધિકારીઓ સાથેની બેઠકમાં ખેડૂતોનો વિરોધ સ્પષ્ટ કર્યો હતો. સમિતિએ સરકારની ૨૨.૫ ટકા વિકસિત જમીન આપવાના મોડલ ઉપરાંત રોકડ તથા એફએસઆઈ કે ટીડીઆરના વિકલ્પોને પણ સ્વીકારવાનો ઇનકાર કર્યો છે. ખેડૂતોનું કહેવું છે કે આ મોડલ તેમના હિતોનું પૂરતું રક્ષણ કરતું નથી.

ખેડૂતોના જણાવ્યા મુજબ અગાઉ સિડકો, જેએનપીટી અને નવી મુંબઈ એરપોર્ટ માટે થયેલા જમીન સંપાદનનો અનુભવ સારો રહ્યો નથી. આ જ કારણસર તેઓ થર્ડ મુંબઈ પ્રોજેક્ટમાં ખેતીલાયક જમીન, ઘરો અને હાલની વસાહતો પર અસર થવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. સમિતિના અધ્યક્ષ સુધાકર પાટીલે જણાવ્યું હતું કે અગાઉના જમીન સંપાદનથી ખેડૂતોની થયેલી હાલત તેઓ જોઈ ચૂક્યા છે અને થર્ડ મુંબઈમાં આ સ્થિતિ ફરી સર્જાવા નહીં દે.

પેણ તાલુકાના હેટવણે સિંચાઈ પ્રોજેક્ટ હેઠળ આવતા ૫૦થી વધુ ગામને લઈને પણ ખેડૂતોએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કાર્યકારી અધ્યક્ષ સંતોષ ઠાકુરે જણાવ્યું હતું કે આ ગામો સિંચાઈ વ્યવસ્થા પર નિર્ભર છે ત્યારે ફળદ્રુપ ખેતીની જમીનને શહેરી વિકાસ માટે કેમ ફેરવવામાં આવી રહી છે તે સરકાર સ્પષ્ટ કરે. ખેડૂતોની માગ છે કે આ વિસ્તારમાં ખેતીને પ્રોત્સાહન આપતું વૈકલ્પિક મોડલ તૈયાર કરવામાં આવે.

વિરોધ વચ્ચે ખેડૂતોની સમિતિએ ૧૬ માર્ચ, ૨૦૨૬ની જમીન નીતિ હેઠળની પ્રક્રિયાને બદલે જમીન સંપાદન માટે ૨૦૧૩ના 'રાઈટ ટુ ફેર કોમ્પેન્સેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઇન લેન્ડ એક્વિઝિશન, રિહેબિલિટેશન એન્ડ રિસેટલમેન્ટ ઍક્ટ' મુજબ કાર્યવાહી કરવાની માગ કરી છે. સાથે જ ૧૨૪ ગામમાં જમીનના વ્યવહારો પર રોક, હેટવણે પ્રોજેક્ટ સાથે જોડાયેલા ૫૦થી વધુ પેણ ગામોને થર્ડ મુંબઈમાંથી બહાર રાખવા અને એમએમઆરડીએના સર્વે તાત્કાલિક બંધ કરવાની માગ કરવામાં આવી છે.

ખેડૂતોનો આક્રોશ ૧૫ ઑગસ્ટે વધુ સ્પષ્ટ બન્યો હતો, જ્યારે તેમણે કોંકણ વિભાગીય કમિશનરની કચેરી બહાર પ્રતિકાત્મક ભૂખ હડતાળ કરી હતી ત્યાર બાદ પ્રતિનિધિમંડળે અર્બન ડેવલપમેન્ટ વિભાગના અધિકારીઓ અને એમએમઆરડીએના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. સમિતિના મહાસચિવ રૂપેશ પાટીલે જણાવ્યું હતું કે ૨૫ હજાર વાંધાઓ અને ગ્રામસભાના ઠરાવો પર સુનાવણી કર્યા વિના આગળ વધવું કુદરતી ન્યાયના અધિકારનું ઉલ્લંઘન છે.

જૂનમાં પણ ૧૨૪ ગામના સેંકડો રહેવાસીઓ ચિર્ણેર જંગલ સત્યાગ્રહ હુતાત્મા સ્મારક ખાતે એકત્ર થયા હતા અને જમીન ન આપવાનો સંકલ્પ લીધો હતો. દરમિયાન, મહારાષ્ટ્ર સરકારે થર્ડ મુંબઈના માસ્ટર પ્લાન માટે સિંગાપોર સ્થિત કંપનીની સલાહકાર તરીકે નિમણૂક કરી છે.

બીજી તરફ એમએમઆરડીએનું કહેવું છે કે પ્રોજેક્ટ તમામ કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરીને આગળ વધારવામાં આવી રહ્યો છે અને શહેરી વિકાસ સાથે સ્થાનિક ગામો તથા આસપાસના રહેવાસીઓના હિતો વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હવે ખેડૂતોની ૨૫ હજાર વાંધાઓ પર સુનાવણી થાય છે કે નહીં અને સરકાર તેમની માગણીઓ અંગે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

# હિન્દુ મરણ

સ્વ. જતીન નરેન્દ્ર પારીખ તે ચમક પારીખના પતિ. સચિન પરીખ અને જીજ્ઞા કાંટાવાલાના પિતા. જય કાંટાવાલાના અને શ્રુતિ પારીખના સસરા. સુહાનના નાના. આર્યા અને અર્જુનના દાદા તથા અંજની અક્ષયકુમાર શાહના ભાઇ તા. ૨૪-૮-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે.બેસણું રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે. તા. ૨૭-૮-૨૬ ગુરુવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. એફ.પી.એચ. હૉલ, ગરવારે લાલા લજપતરાય માર્ગ, મહાલક્ષ્મી.

**કોળી પટેલ**

ગામ ખરસાડ, પરભુભાઈ કરસનભાઈ પટેલ તથા સ્વ. હંસાબેનના પુત્ર નીતિનભાઈ (ઉં. વ. ૫૪) તા. ૨૧-૮-૨૬ શુક્રવારના દેવલોક પામ્યા છે. તે નલિનીના પતિ. ધ્રુવીતા અને વિધિના પિતાશ્રી. પિયુષના સસરા. માલતી શરદ પટેલ, સ્વ. નીલા પ્રવીણ પટેલ, પાર્વતી કમલેશ પટેલના ભાઈ. તેમનું બેસણું તા. ૨૭-૮-૨૬, ગુરુવાર તથા પૂછપાણી તા. ૧-૯-૨૬ મંગળવાર બપોરે ૩.૦૦ કલાકે ગામના નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટીયા**

કચ્છ માંડવી નિવાસી પૂના સ્વ. શાંતિબેન દ્વારકાદાસ ટોપરાણીના પુત્ર ઇન્દ્રજીત (ઉં. વ. ૭૪) તા. ૨૫-૮-૨૬ મંગળવારના શ્રીનાચરણ પામ્યા છે. તે ગં. સ્વ. ભાનુના પતિ. સ્વ. ગુણવંતીબેન ખટાઉ (ઘીવાળા)ના જમાઇ. બીજલ ને વિપુલના પિતાશ્રી. શિવશંકરના સસરા. કોકીલા, જયબાળા ને લહેરીના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લાઠીવાળા કલંઘર હાલ કાંદિવલી વસંતરાય લવજી બેચરદાસ મહેતા (ઉં. વ. ૯૪) સોમવાર, તા. ૨૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શારદાબેન (દેવીબેન)ના પતિ. સ્વ. હિંમતલાલ, વિમળાબેન મહેતા, સ્વ. શાંતાબેન-કાલિદાસ પટેલના ભાઇ. તે જશવંતભાઇ-સ્મિતાબેન, સ્વ. પ્રવીણભાઇ-જસીબેન, હસમુખભાઇ-જ્યોતિબેન, શરદભાઇ-કુસુમબેન, ગં. સ્વ. દર્શનાબેન-શશીકાંત મહેતા,ગં. સ્વ. દીપાબેન-વિનોદરાય સંઘવી, સ્વ. રમીલાબેન-અમિતકુમાર પટેલ, ઉષાબેન-અશ્વિનકુમાર મહેતાના પિતાશ્રી. ચિ. હિરેન, સેજલ, દીપલ, નરેન, મહેક, નીવ, વેદાંત, તનયના દાદા. સાસરા પક્ષે રાજુલાવાળા સ્વ. દિવાળીબેન જમનાદાસ શેઠના જમાઇ. સર્વે પક્ષ તરફથી ભજન સંધ્યા ગુરુવાર, તા. ૨૭-૮-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની પાસે, કાંદિવલી (વેસ્ટ).

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારશે બ્રાહ્મણ**

વલ્લભીપુરના વતની હાલ કાંદિવલી, અભિષેક સુધીરકુમાર મહેતા (ઉં. વ. ૩૩) તે સ્વ. સુધીરકુમાર નારણજી મહેતા અને ગં.સ્વ. રેણુકા મહેતાના સુપુત્ર. દિવ્યાના પતિ. પ્રાવીના પિતા. અતુલભાઈ દેવજીભાઈ જાલેરાના જમાઈ. સ્વ. સુભાષચંદ્ર, સ્વ. પ્રવિણચંદ્ર, સ્વ કિશોરભાઈ, કીર્તિભાઈ, સ્વ ભુપેનભાઈ, સ્વ વીણાબેન, સ્વ ઉષાબેન, સ્વ. રક્ષાબેન, અ.સૌ. વર્ષાબેન, ઇલાબેનના ભત્રીજા મુંબઈ તા. ૨૩/૮/૨૬ના રોજ સ્વર્ગવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૭/૮/૨૬ને ગુરુવારે સાંજે ૫ થી ૭. કેવલ બાગ, ડેલિકસી હૉટેલ પાસે ફલાય ઓવર બ્રિજની નીચે કાંદિવલી. લૌકિક પ્રથા બંધ છે.

**ખંભાતી વિશા લાડ**

હાલ બોરીવલી, ગં. સ્વ. ભાવના (ભાનુમતી) ભુપેન્દ્રભાઈ જવેરી (ઉં. વ. ૮૪) ૨૪/૮/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે કિશનલાલ જીણાભાઈ મહેતાના દીકરી. અનીશ, કિરણ, કેતનના માતુશ્રી. નેહા, પુનિતા, જોશીલાના સાસુ. જાનવી, માનવ, કુંજ, કાવ્યાના દાદી. સ્વ. કીર્તિભાઇ, હંસાબેન, માલતીબેનના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૨૭/૮/૨૬ના રોજ ૪ થી ૬. પાવનધામ, પહેલે માળે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

હાલ મેંગ્લોર નિવાસી સ્વ. જયાગૌરી તથા બાબુલાલ વસાણિયા સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૨) તા. ૨૨-૮-૨૬ના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે પદમાબેનના પતિ. કરિશ્મા કિરણકુમાર સંઘવીના પિતા. સ્વ. સવિતાબેન તથા સ્વ. પીતામ્બરદાસ પોપટ (રાજકોટવાળા)ના જમાઇ. સ્વ. રેખાબેન, મયુરભાઇ કારીયા, ગં. સ્વ. છાયાબેન જગદીશભાઇ અઢીઆ, સ્વ. માયાબેન દીપકકુમાર ઠક્કર અને ગં. સ્વ. સરોજબેન, સ્વ. યોગેશભાઇના ભાઇ. ચાંદની (રિદ્ધિ)ના મોટા પપ્પા. સ્વ. ગોકુળદાસભાઇ, સ્વ. જાદવજીભાઇ, શાંતીભાઇ, જયસુખભાઇના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

થાણે નિવાસી રવિકાંત નગીનદાસ થાણાવાલા (ઉં. વ. ૯૩) તા. ૨૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ગીતા રવિકાંત થાણાવાલાના પતિ. સુનીલ અને પૌલોમીના પિતા. અલ્પના દલાલના કાકા. તે પૂર્વાંગ-રાશી, મૌલીન-અનન્યાના દાદા. સોયરા તથા નેહશાના પરદાદા. સ્મૃતીસભા ગુરુવાર તા. ૨૭-૮-૨૬ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. ટીપટોપ પ્લાઝા, તીન હાથ નાકા પાસે, થાણે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

સ્વ. રસિકભાઇ મકવાણા ગામ ગુંદરણવાળા હાલ સાંતાક્રુઝ તા. ૨૨-૮-૨૬ શનિવારના કૈલાસવાસી થયા છે. તે ગં. સ્વ. ચંપાબેન શિવલાલભાઇ મકવાણાના દીકરા. આરતીબેનના પતિ. જિતેનભાઇ તથા નિરવભાઇના પિતા. સ્વ. ગીતાબેન કાંતિલાલ હરસોરા, સ્વ. ઇલાબેન મહેશકુમાર સિદ્ધપુરા, ગિરીશભાઇ અનિતાબેન અમીતકુમાર પીઠવાના મોટાભાઇ. સ્વ. ગિરધરભાઇ બાલુભાઇ ચુડાસમા (ગામ સાવરકુંડલા, હાલ દહીંસર)ના જમાઇ. મીતાબેન ગિરીશભાઇ મકવાણાના જેઠ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭-૮-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર, બીજો માળ, અંબાજીમાતાના મંદિરની બાજુમાં, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઇસ્ટ).

**મોઢ વણિક**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર શૈલેષભાઇ (ઉં. વ. ૭૯) તે સ્વ. લીલાવતીબેન નટવરલાલ મણિયારના પુત્ર. યોગેશ, હરેશ, ભારતી, હરીશ વોરાના ભાઇ. સ્વ. હર્ષદા, તરલાના પતિ. સ્વ. ધીરજબેન ગોકળદાસ ઠક્કરના જમાઇ. સ્વ. ભરતભાઇ ઠક્કર તથા સ્વ. ભાનુબેન હર્ષદભાઇ મુનીના બનેવી સોમવાર તા. ૨૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૭-૮-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. પહેલે માળે, કપોળ વાડી, એમ. જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ) ખાતે રાખેલ છે.

# પારસી મરણ

રૂસી દારાશાહ નરિમન (ઉ. વ. ૮૭) તા.૨૪-૮-૨૬ના ગુજરી ગયા છે. કલાંઉટના પતિ. દારાશાહ અને શિરીનના દીકરા. હોર્મઝદના પિતા. સૂહ્યુન કિમના સસરા. રેયાન, જેહાનના ગ્રાન્ડ ફાધર. ઠે. ૨૯, એસ્પ્લેનેડ હાઉસ, હઝારીમલ સોમાણી માર્ગ, બોમ્બે જીમખાના પાછળ, ફોર્ટ, મું-૧.

મીનોચેર પેસ્તનજી બાઠા તે રોશની મી. બાઠાના ખાવીંદ. તે મરહુમો ફેની તથા પેસ્તનજી બાઠાના દીકરા. તે અસ્પી તથા નોઝરના ભાઇ. તે કાવે, રતી, પરસીઆના, જીમી, અનાહીતા તથા ક્યોમઝના ફૂવાજી. તે મરહુમો નરગીશ તથા માનેકશા કાપડિયાના જમાઇ. તે રૂસી એમ. કાપડયા, નોશીર એમ. કાપડયાના બનેવી. (ઉં. વ. ૮૨) રે. ઠે. ઝવેરી બિલ્ડિંગ, ૪થે માળે, રૂમ નંબર-૮, રાજા રામ મોહન રોય રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૮-૨૬ના દિવસે સાંજે ૩.૪૦એ મેલ્લા પટેલની અગિયારીમાં કરવામાં આવશેજી.

**બોમી બહાદુર એન્જિનિયર**

તે સ્વ. વિલ્લૂ અને સ્વ. બહાદુર બોમનશા એન્જિનિયરના પુત્ર. શિરીન એન્જિનિયરના પતિ. તિઝાસ્પ અને પરાઝના પિતા. ચેતનાના સસરા. સ્વ. આબાદ, શાહરુખ અને રેયોમનના ભાઈ. સ્વ. નાજુ અને સ્વ. મરઝબાન ખંભાતાના જમાઈ તા.૨૫-૮-૨૬ રોજ કોલ્હાપુર ખાતે અવસાન પામ્યા છે. ઉઠમણું: ગુરુવાર તા. ૨૭-૮-૨૬ રોજ બપોરે ૩:૪૫ કલાકે - એસ. આર. પટેલ અગિયારી, પુણે.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોરાવરનગર નિવાસી હાલ મીરારોડ તે ભાનુમતી કાંતિલાલ શાહના સુપુત્ર કેતનભાઇ (ઉં.વ.૬૧) તા. ૨૪-૮-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સોનલબેનના પતિ. સ્વ. મનીષ તથા જતીનભાઇ, નૈનેશભાઇના ભાઇ. ભાવિષા, ફાલ્ગુની તથા મંજરીના જેઠ. સ્વ. દીશા તથા નિકેતના પપ્પા. તે કંથારિયા નિવાસી હાલ મીરારોડ અરુણાબેન વૃજલાલ અજમેરાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૬-૮-૨૬ના ૪થી ૫.૩૦. ઠે. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેક્ટર-૬, શાંતિનગર, મીરારોડ (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વલભીપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. પ્રતાપરાય હરજીવનદાસ મહેતાના ધર્મપત્ની માનકુવરબેન (ઉં. વ. ૯૭) તા. ૨૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે આશા પ્રદીપ શાહ, હીના કિરણ દોશી, રેખા નરેન્દ્ર ધ્રુવ, ભાવિકા ભરત સંઘવી, હર્ષા ભરત મહેતાના માતુશ્રી. સ્વ. ધીરજલાલ તથા સ્વ. નવનીતરાયના ભાભી. સ્વ. ચંદ્રાબેન તથા જયાબેનના જેઠાણી. પિયર પક્ષે કીર્તિભાઇ મૂળચંદ શાહના બહેન. સ્વ. હરેશભાઇ તથા જયેશભાઇના ભાભુ તા. ૨૬-૮-૨૬ના બુધવાર, બપોરે ૩થી ૫, સાદડી રાખેલ છે. ઠે. મુલુંડ ઘોઘારી જૈન સમાજ હોલ, હોરાઇઝોન સમ્યક (હેતલ) બિલ્ડિંગ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

મૂળ કચ્છ માંડવી નિવાસી હાલ વસઇ સ્વ. ચીમનલાલ તથા સ્વ. ચંદનબેનના પુત્ર ભાવેશભાઇ (ઉં. વ. ૭૯) તા. ૨૪-૮-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે મીનાક્ષીબેનના પતિ. અલ્પા અને મેહુલના પિતા. નિલેશભાઇ તથા હિતિક્ષાના સસરા. સ્વ. વિનોદભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. સરોજબેન અને સ્વ. પ્રકાશભાઇના ભાઇ. અનાયા અને આન્યાના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિસાશ્રીમાળી જૈન**

સાણંથલી ભુખલી નિવાસી હાલ કાંદીવલી, રંભાબેન નવલચંદ દોશીના સુપુત્ર જયંતીલાલ (ઉં.વ.૮૦) તે શોભનાબેનના પતિ. વૈભવ - સરોજ, જયેશ બોરડીયા - રાખી, અમિત મહેતા - ફાલ્ગુની, સુધીર ગાંધીના પિતા. સૌ. અમીના સસરા. સ્વ. વિનુભાઈ, સ્વ. ઇન્દુબેન હરેશ પારેખ, વસંતભાઈ - પ્રફુલભાઈના ભાઈ. મનસુખલાલ પરમાનંદ મહેતાના જમાઈ તા. ૨૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા વિંછી ફરિયાના રાજેન્દ્ર વોરા (ઉં.વ. ૬૫) તા. ૨૪-૦૮ના અવસાન પામેલ છે. પ્રજ્ઞાના પતિ. સુંદરબેન લક્ષ્મીચંદના સુપુત્ર. કિન્નરી, નેહા, ઋષભના પિતા. જિતેન્દ્ર, તલવાણાના ચેતના રાજેન્દ્ર મેઘજીના ભાઈ. નિર્મળા હિરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. રાજેન્દ્ર વોરા, ૭/૧, ચંદ્રોદય, ભાવેશ્વર રોડ, ઘાટકોપર (ઈ.), મુંબઈ-૭૭.

બેરાજા (હાલે ના. ભાડીયા)નાં ગંગાબેન ડુંગરશી ધરોડ (ઉં. વ. ૯૦) તા. ૨૧-૮-૨૬નાં કચ્છ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. વેલબાઇ તલકશીના પુત્રવધુ. ડુંગરશીના પત્ની. સ્વ. પાનબાઇ માણેક દેઢીયાના પુત્રી. રસીલા, રાજેશ, રમેશના માતુશ્રી. સ્વ. લાલજી, સ્વ. પ્રેમજી, સ્વ. તલકશી, સ્વ. વસનજી, સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. મણીબેનના બેન. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ ધરોડ, રાંભીયા ફળીયો, નાના ભાડીયા, તા. માંડવી, કચ્છ. ૩૭૦૪૫૫.

સણોસરાના સુંદરજીભાઈ મુલજી શાહ (ઉં. વ. ૮૪) તા. ૨૩-૮-૨૦૨૬ ના અવસાન પામેલ છે. વાલબાઈ મુલજીના પુત્ર. જયાબેનના પતિ. દિનેશ, રક્ષા ના પિતા. દેવચંદ, ભારતી, ચંચલ ના ભાઇ. રાયધણજરના કુંવરબાઈ રવજી વેલજી ગડા ના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ) ટા. ૩ થી ૪.૩૦.

મોટા આસંબીયાના ઇન્દિરા તલકશી છેડા (ઉં. વ. ૯૬), તા. ૨૪-૮-૨૬, સોમવારના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. તલકશી હીરજી છેડા ના ધર્મપત્ની. સ્વ. અશ્વીન, હર્ષદના માતુશ્રી. અમદાવાદના સ્વ. સમરતબા વાડીલાલ શાહ ના સુપુત્રી. સ્વ.રસિકલાલ વાડીલાલ શાહ ના બહેન. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : (સાંતાક્રુઝ વેસ્ટ) હર્ષદ છેડા, હાલે એ-૫૦૧/૫૦૪, જયા નિવાસ, ગોરસવાડી, તુંગા હૉસ્પિટલની બાજુમાં, માલાડ (પશ્ચિમ).

વડાલાના વસનજી ગાલા (ઉં. વ. ૮૪) તા.૨૩-૮-૨૬ના અવસાન પામેલ છે. રાણબાઈ ખીમજીના પુત્ર. ભાનુમતીના પતિ. દર્શના, સંજયના પિતા. મણીલાલ, વિમળા, જયંતિ, મંજુલાના ભાઈ. છસરા વેલબાઈ વેલજી ચના ગંગરના જમાઈ. પ્રા.યોગી સભાગૃહ, દાદર (સે.રે.) ટા. ૪ થી ૫.૩૦.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયેશ અમૃતલાલ શાહ (ઉં. વ. ૬૩) સ્વ. કોકિલાબેન અમૃતલાલ ભુરાલાલ શાહના પુત્ર. તૃપ્તિના પતિ. નિલયના પિતા. બિનિતાના સસરા. અલકાબેન નલિનકુમાર, મયુર તથા નિતીનના ભાઇ. હંસાબેન મગનભાઇ શાહના જમાઇ તા. ૨૫-૮-૨૬ મંગળવારના પરમધામ પામ્યા છે. શોકસભા : ગુરુવાર, તા. ૨૭-૮-૨૬ના ૧૦થી ૧૨. ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ (એચએલબી), અતુલ ટાવર પાસે, કાંદિવલી (પશ્ચિમ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ મુંબઇ જનકબેન રમણીકલાલ મહેતા (ઉં. વ. ૮૬) તા. ૨૪-૮-૨૬ સોમવારના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. મોહનલાલ સોમચંદ મહેતાના પુત્રવધૂ. સ્વ. વાડીલાલ શાહના સુપુત્રી. મીના, અમીત અને મિતુલના માતુશ્રી. સ્વ. નિમિષભાઇ, રૂપલ અને અલ્પાના સાસુ. હર્ષ, રિયા અને ક્રિશના દાદી. સોમીલ અને સલોમીના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઇન્ટરવલ

# કવાયત એસએમઇ પ્લેટફોર્મને મૂડીબજારનું નવું લૉન્ચપેડ બનાવવાની

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા




ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસએમઇ) માટેનું મૂડીબજાર. આ સેગમેન્ટની નાની કંપનીઓને ઇક્વિટી દ્વારા મૂડી મેળવવામાં મદદ કરવા અને રોકાણકારોને નવી તકો ઉપલબ્ધ કરાવવા માટે બનાવવામાં આવ્યું છે. પરંતુ વિકાસને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવેલા નિયમન જો ટ્રેડિંગને મુશ્કેલ બનાવે, ખર્ચ વધારે અને કંપનીઓના વિસ્તરણમાં અવરોધ ઊભો કરે, તો તેની સમીક્ષા અનિવાર્ય બની જાય છે. આ જોતાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા (સેબી) દ્વારા એસએમઇ લિસ્ટિંગ ફ્રેમવર્કની વ્યાપક સમીક્ષા કરવાનો નિર્ણય સમયોચિત છે.

આ વખતે માર્કેટ રેગ્યુલેટરનો અભિગમ પ્રત્યેક સંબંધિત વર્ગ માટે અવરોધક નહીં, પરંતુ સવલત પૂરી પાડનાર સંસ્થા જેવો જણાય છે. સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ તાજેતરમાં કરેલી ટિપ્પણીઓ દર્શાવે છે કે વર્તમાન એસએમઇ વ્યવસ્થામાં કેટલાંક એવાં અનિચ્છનીય પરિણામો સર્જાયા છે કે જેના પર હવે પુનઃવિચાર કરવાની જરૂર છે. અહીં સૌથી મોટો મુદ્દો લિક્વિડિટી, એટલે કે પ્રવાહિતાનો છે.

ઓડ-લોટના કારણે રોકાણકારો પાસે રહેલા શૅર સરળતાથી ખરીદી કે વેચી શકાતા નથી. આ સ્થિતિ લિસ્ટેડ સિક્યોરિટીની મૂળભૂત ખાસિયત (આવશ્યકતા પડે ત્યારે સરળતાથી રોકાણમાંથી બહાર નીકળવાની ક્ષમતા)ને નબળી પાડે છે. રોકાણકારો માટે આ મોટી સમસ્યા છે.

ટ્રેડિંગ લોટ અને અરજીની રકમ વધારવાનો નિર્ણય મુખ્યત્વે એસએમઇ સેગમેન્ટમાં રિટેલ રોકાણકારોની વધુ પડતી ભાગીદારીને નિયંત્રિત કરવા માટે લેવામાં આવ્યો હતો. પરંતુ જો એક તરફ આ હેતુ હાંસલ થયો ના હોય અને બીજી તરફ બજારમાં લિક્વિડિટી પર અસર થઈ હોય, તો આ નીતિ પર ફરી વિચાર કરવો યોગ્ય છે. નિયમનનો હેતુ વાસ્તવિક જોખમોને નિયંત્રિત કરવાનો હોવો જોઈએ, પરંતુ તે યોગ્ય રોકાણકારો માટે અનાવશ્યક અવરોધ ઊભો ન કરે તે પણ એટલું જ મહત્ત્વનું છે.

માર્કેટ-મેકિંગની વ્યવસ્થા પણ સુધારાની માગ કરે છે. એસએમઇ શૅરોમાં સામાન્ય રીતે મેઇનબોર્ડ કંપનીઓની તુલનામાં ટ્રેડિંગ વોલ્યુમ ઓછું હોય છે. તેથી આવા શૅરોમાં લિક્વિડિટી જાળવવા માટે અસરકારક માર્કેટ-મેકિંગ વ્યવસ્થા અત્યંત જરૂરી છે. જો માર્કેટ મેકર્સના ખર્ચ સતત વધી રહ્યા હોય અને તેમને પૂરતા પ્રોત્સાહન કે યોગ્ય માળખું ન મળે, તો માર્કેટ-મેકિંગ માત્ર નિયમનકારી ઔપચારિકતા બની રહેવાનું જોખમ છે.

અન્ડરરાઇટિંગની વ્યવસ્થા અંગે પણ પુનર્વિચાર જરૂરી છે. જો વર્તમાન સિસ્ટમ એસએમઇ કંપનીઓ પર નોંધપાત્ર ખર્ચ લાદે છે, પરંતુ તેના પ્રમાણમાં પૂરતો લાભ આપતી નથી, તો સેબીએ આ માળખાને વધુ કાર્યક્ષમ બનાવવાના વિકલ્પો શોધવા જોઈએ. નાની કંપનીઓ માટે કોમ્પ્લાયન્સ અને ટ્રાન્ઝેક્શન ખર્ચનું ભારણ ખાસ મહત્ત્વ ધરાવે છે. વધારાનો દરેક ખર્ચ રોકાણ, રોજગારી અને વ્યવસાયના વિસ્તરણ માટે ઉપલબ્ધ મૂડીને ઘટાડે છે.

અહીં એક મૂળભૂત પ્રશ્ન ઊભો થાય છે: માત્ર એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ હોવાને કારણે કંપનીએ ખરેખર મેઇનબોર્ડ કંપની કરતાં નોંધપાત્ર વધારે ખર્ચ કેમ કરવો જોઈએ? એસએમઇ સેગમેન્ટનો હેતુ નાની કંપનીઓને મૂડીબજાર સુધી પહોંચવામાં મદદ કરવાનો છે, તેમને કાયમી ખર્ચના ગેરલાભમાં રાખવાનો નહીં. નિયમન કરતી વખતે એ હકીકતને ધ્યાનમાં લેવી જરૂરી છે કે નાની કંપનીઓ પાસે મોટી કોર્પોરેટ કંપનીઓની સરખામણીમાં મર્યાદિત સંસાધનો હોય છે.

એસએમઇમાંથી મેઇનબોર્ડ પર સ્થળાંતરના નિયમોની પણ નવી રીતે સમીક્ષા થવી જોઈએ. માત્ર પેઇડ-અપ કેપિટલ સાથે માઇગ્રેશનની શરતોને જોડવી હવે કદાચ પૂરતું યોગ્ય માપદંડ નથી. કંપનીનું કદ, કોર્પોરેટ ગવર્નન્સ, નાણાકીય કામગીરી, રોકાણકારોનો આધાર અને શૅરની લિક્વિડિટી જેવાં પરિબળો વધુ અર્થપૂર્ણ માપદંડ બની શકે છે. કંપની એસએમઇ માળખાથી આગળ વધી ગઈ હોય ત્યારે તેને મેઇનબોર્ડ પર જવાની તક મળવી જોઈએ.

સેબીનું આગામી કન્સલ્ટેશન પેપર આ મુદ્દાઓને અલગ-અલગ ફેરફારો દ્વારા નહીં, પરંતુ સમગ્ર માળખાની સમીક્ષા દ્વારા ઉકેલવાની તક આપે છે. હેતુ માત્ર એસએમઇ લિસ્ટિંગને સરળ બનાવવાનો ન હોવો જોઈએ; સમગ્ર ઇકોસિસ્ટમને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને ટકાઉ બનાવવાનો હોવો જોઈએ.

એસએમઇ ક્ષેત્ર માટે સંદેશ સ્પષ્ટ છે, નિયમન રોકાણકારોના હિતોનું રક્ષણ કરે, પરંતુ ઉદ્યોગસાહસિકતાને દબાવી ન નાખે. યોગ્ય રીતે રચાયેલ એસએમઇ બજાર નાની કંપનીઓને ખાનગી વ્યવસાયમાંથી જાહેર મૂડીબજાર સુધી પહોંચવાનો વિશ્વસનીય માર્ગ આપવું જોઈએ અને સમય જતાં મેઇનબોર્ડ પર આગળ વધવાની તક પણ આપવી જોઈએ.

જો સેબી અનાવશ્યક ખર્ચ ઘટાડવામાં, લિક્વિડિટી સુધારવામાં અને માઇગ્રેશનના નિયમોને વધુ તર્કસંગત બનાવવામાં સફળ થાય, તો એસએમઇ પ્લેટફોર્મ ભારતની આગામી પેઢીની કંપનીઓ માટે માત્ર લિસ્ટિંગનું સ્થળ નહીં, પરંતુ વિકાસ માટેનું સાચું લૉન્ચપેડ બની શકે છે. ■

### મૂડીબજારથી વિકાસની નવી દિશા

એસએમઇ બજારની સફળતા માત્ર આઇપીઓની સંખ્યાથી નહીં, પરંતુ લિસ્ટિંગ પછીના નિયમિત ટ્રેડિંગ, યોગ્ય ભાવ શોધ, વધારાની મૂડી ઊભી કરવાની ક્ષમતા અને રોકાણકારોના વિશ્વાસથી માપવી જોઈએ. સેબીએ નિયમન અને વિકાસ વચ્ચે સંતુલન સાધીને નાના ઉદ્યોગોને ઓછા ખર્ચે મૂડીબજાર સાથે જોડવા, પારદર્શિતા વધારવા અને યોગ્ય કંપનીઓને સરળતાથી મેઇનબોર્ડ પર સ્થાળાંતરિત થવાની તક આપવી જોઈએ.

### બજાર નાનું, સંભાવના મોટી

*ભારતના એસએમઇ મૂડીબજારની સેબી દ્વારા થઇ રહેલી સમીક્ષા સમયોચિત છે. ઓડ-લોટ, ઓછી લિક્વિડિટી, વધતા ખર્ચ, માર્કેટ-મેકિંગ અને અન્ડરરાઇટિંગ જેવી અડચણો ઘટાડવાની જરૂર છે. નિયમન રોકાણકાર સુરક્ષા જાળવે, પરંતુ નાની કંપનીઓ પર અનાવશ્યક ભાર ન આવે એ અનિવાર્ય છે. સરળ માઇગ્રેશન અને વધુ પારદર્શિતા એસએમઇ પ્લેટફોર્મને ટકાઉ વિકાસ, મૂડીપ્રાપ્તિ અને મેઇનબોર્ડ સુધી પહોંચવાનું અસરકારક લૉન્ચપેડ બનાવી શકે છે.*



તૂર્કીના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગાન - સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન-પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ

# મક્કા સંધિ-પશ્ચિમ એશિયાના નવા ભૂ-રાજકીય સમીકરણથી શું ફરક પડી શકે?

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
અમૂલ દવે

ઓગસ્ટ ૨૦૨૬માં સઉદી અરેબિયા- તુર્કી અને પાકિસ્તાન વચ્ચે હસ્તાક્ષર થયેલું ‘મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ’ પશ્ચિમ એશિયાની પરંપરાગત સુરક્ષા વ્યવસ્થામાં એક અભૂતપૂર્વ અને યુગપ્રવર્તક મોડ તરીકે ઊભરી આવ્યું છે. સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તૂર્કીના પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ દ્વારા મક્કાના પવિત્ર આંગણે સહી કરવામાં આવેલા આ ત્રિપક્ષીય સમજૂતીને વૈશ્વિક રાજદ્વારી વર્તુળોમાં ‘ઇસ્લામિક નાટો’ અથવા ‘સુન્ની સુરક્ષા ચોકઠું’ તરીકે સંબોધવામાં આવી રહી છે. આ કરારનું મુખ્ય આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર તેમાં સામેલ ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન (નાટો)ના આર્ટિકલ-૫ ની તર્જ પર રચાયેલી સામૂહિક સુરક્ષા જોગવાઈ છે, જે અનુસાર કોઈ પણ એક સભ્ય દેશ પર થયેલો સૈન્ય હુમલો તમામ સભ્ય રાષ્ટ્રો પર થયેલો હુમલો ગણવામાં આવશે. ક્ષેત્રીય દષ્ટિકોણથી આ ગઠબંધન અત્યંત શક્તિશાળી પ્રતિકાત્મક ચહેરા સાથે સામે આવે છે, કારણ કે તે સઉદી અરેબિયાના વિપુલ આર્થિક સંસાધનો અને તેલ સમૃદ્ધિ, તૂર્કીની આધુનિક સૈન્ય-ઔદ્યોગિક ક્ષમતા અને નાટો-સમકક્ષ ડ્રોન-એર ગ્રાઉન્ડ તકનીક, તેમજ પાકિસ્તાનની વિશાળ સૈન્ય તાકાત અને અણુશક્તિના ત્રિવેણી સંગમનું પ્રતિનિધિત્વ કરે છે.

જોકે, આ સંધિની ઘોષણાએ અંકારા, રિયાધ, ઇસ્લામાબાદ અને તેલ અવીવ વચ્ચે ભૂ-રાજકીય સમીકરણોને વધુ જટિલ બનાવી દીધા છે અને ક્ષેત્રીય સ્થિરતા સામે અનેક નવા પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.

આ સંધિના આગમન સાથે જ સૌથી મોટો રાજદ્વારી અને સૈન્ય ઘર્ષણનો માહોલ તૂર્કી અને ઇઝરાયલ વચ્ચે રચાઈ રહ્યો છે, જેનું મુખ્ય કેન્દ્રબિંદુ સીરિયાની ધરતી બની છે. ૨૦૨૪ના અંતમાં સીરિયામાં બશાર અલ-અસદ શાસનના પતન બાદ અહમદ અલ-શારાના નેતૃત્વ હેઠળ સ્થપાયેલી નવી સત્તા પ્રણાલીને તૂર્કીનું પૂર્ણ રાજકીય અને લશ્કરી સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. અંકારા નવી સીરિયન સેનાને તાલીમ, હથિયારો અને વ્યૂહાત્મક સલાહ આપીને દમાસ્કસ પર પોતાનો અપ્રતિમ પ્રભાવ સ્થાપિત કરી ચૂક્યું છે. ઇઝરાયલ પોતાના ઉત્તરીય સરહદી વિસ્તારમાં તૂર્કીની આ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ મજબૂત સૈન્ય ઉપસ્થિતિને પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે સીધો અને મોટો ખતરો ગણે છે. ઓગસ્ટ ૨૦૨૬માં જ સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝ પર ઇઝરાયલી વાયુસેના દ્વારા કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલાએ આ તણાવમાં બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. ઇઝરાયલે આ સૈન્ય કાર્યવાહીને પોતાની સુરક્ષા માટેની ‘લાલ રેખા’ (રેડ લાઈન) ગણાવીને દાવો કર્યો હતો કે ત્યાં તૂર્કીના સૈન્ય સાધનો અને દળોની જમાવટ થઈ રહી હતી. જોકે તૂર્કી અને સીરિયા બંનેએ આ દાવાઓને સ્પષ્ટપણે ફગાવી દીધા છે, છતાં આ ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે સીરિયાની સરહદો પર ઇઝરાયલ અને તૂર્કી વચ્ચેનો સૈન્ય ટકરાવ હવે અટકળોથી આગળ વધીને પ્રત્યક્ષ ભય તરફ વધી રહ્યો છે.

આ પરિસ્થિતિ વધુ ગંભીર ત્યારે બને છે જ્યારે સીરિયાની નવી સરકાર પણ આ મક્કા સંધિ અથવા સુરક્ષા જૂથમાં જોડાય તેવી ઇચ્છા અને રાજદ્વારી હિલચાલ દર્શાવી રહી છે. જો સીરિયા અધિકૃત રીતે આ ‘ઇસ્લામિક નાટો’ જેવી વ્યવસ્થામાં સામેલ થાય, તો તેલ અવીવ માટે સુરક્ષાનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ જશે. ઇઝરાયલે ત્યાર બાદ માત્ર કોઈ એક પાડોશી દેશનો નહીં, પરંતુ સઉદી અરેબિયા, તૂર્કી, પાકિસ્તાન અને સીરિયાના બનેલા એક શક્તિશાળી ચતુષ્કોણીય મોરચાનો સામનો કરવો પડી શકે છે. સીરિયામાં તુર્કીનો સૈન્ય પ્રભાવ અને તેને મળતું સઉદી તથા પાકિસ્તાની પીઠબળ ઇઝરાયલની ઉત્તરીય સરહદ પર કાયમી ધોરણે મોટો સૈન્ય પડકાર ઊભો કરી શકે છે. વળી, આ ભૂ-રાજકીય હલચલ માત્ર મધ્ય-પૂર્વ પૂરતી મર્યાદિત ન રહેતાં દક્ષિણ એશિયા સુધી વિસ્તરતી દેખાય છે. દક્ષિણ એશિયામાંથી બાંગ્લાદેશ પણ આ જૂથમાં જોડાવા અથવા સહયોગી બનવા માટે રસ દાખવી રહ્યું છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદી વિવાદો, પાણીની વહેંચણી અને ક્ષેત્રીય રાજકારણને લઈને ચાલી રહેલા ઉતાર-ચઢાવ વચ્ચે જો બાંગ્લાદેશ આ જૂથ તરફ ઢળે છે  તો તેનાથી દક્ષિણ એશિયાના સંતુલનમાં પણ મોટા ફેરફારો આવી શકે છે. પાકિસ્તાન સાથે બાંગ્લાદેશની વધતી સમીપતા અને મુસ્લિમ રાષ્ટ્રોના સૈન્ય-આર્થિક મંચ પર તેની હાજરી પ્રાદેશિક સુરક્ષા ચિત્રને વધુ સંવેદનશીલ બનાવી શકે છે.

જોકે, વૈશ્વિક લશ્કરી અને રાજદ્વારી તથ્યોનું ઊંડું વિશ્લેષણ કરીએ તો મક્કા સંધિને તુરંત જ પૂર્ણ કક્ષાનું ‘નાટો’ ગણવું એ અતિશયોક્તિભર્યું અને ઉતાવળિયું મૂલ્યાંકન ગણાશે. વ્યવહારિક અને સૈન્ય સ્તરે આ સંધિ સામે અનેક પડકારો અને મર્યાદાઓ રહેલી છે. પશ્ચિમી નાટો ગઠબંધનની જેમ મક્કા સંધિ પાસે હજુ સુધી કોઈ એકીકૃત સૈન્ય કમાન્ડ, સ્થાયી વડું મથક કે તમામ દેશો માટે સમાન શસ્ત્ર પ્રણાલી અને પ્રોટોકોલ નથી. સઉદી અરેબિયા પાસે મુખ્યત્વે અમેરિકન અને પશ્ચિમી બનાવટના શસ્ત્રો છે, તૂર્કી નાટોના ધોરણો મુજબનું સૈન્ય માળખું ધરાવે છે, જ્યારે પાકિસ્તાન ચીની અને રશિયન હથિયારો તથા ટેકનોલોજી પર મોટા પ્રમાણમાં નિર્ભર છે. આ ત્રણેય દેશોની સૈન્ય સિસ્ટમનું ભૌતિક અને તકનીકી એકીકરણ કરવું અત્યંત જટિલ અને સમય માગી લે તેવું કાર્ય છે. આ ઉપરાંત, આ ત્રણેય રાષ્ટ્રોના વૈશ્વિક રાજકીય હિતો અને નિર્ભરતાઓ પણ અલગ-અલગ છે. તૂર્કી નાટોનું એક મહત્ત્વપૂર્ણ સભ્ય છે અને તે પશ્ચિમી દેશો સાથેના પોતાના સંબંધો પૂરા તોડી શકે તેમ નથી. સઉદી અરેબિયા પોતાની આર્થિક સુરક્ષા અને તેલ બજાર માટે અમેરિકા તથા પશ્ચિમ પર નિર્ભર છે, જ્યારે પાકિસ્તાનનું આર્થિક અને રાજકીય અસ્તિત્વ ચીન પર નિર્ભર છે.

બીજી તરફ, અમેરિકા અને ઇઝરાયલ વચ્ચેના સંબંધોમાં તાજેતરમાં જોવા મળેલો તણાવ પણ આ પરિસ્થિતિને નવો આયામ આપે છે. વોશિંગ્ટને ઇઝરાયલને પરંપરાગત સુરક્ષા છત્રી આપી હોવા છતાં, સીરિયા અને પેલેસ્ટાઇન મુદ્દે ઇઝરાયલી સેનાના આક્રમક હવાઈ હુમલાઓ અને નીતિઓની અમેરિકી રાજદૂતો અને સત્તાધીશો દ્વારા ટીકા કરવામાં આવી છે. અમેરિકા સીરિયામાં વધારાનો તણાવ ઊભો કરવા સામે ઇઝરાયલને ચેતવણી આપી રહ્યું છે અને તણાવ ઘટાડવા માટે ’ડિકન્ફિલક્શન મિકેનિઝમ’ પર ભાર મૂકી રહ્યું છે. આ સ્થિતિ ઇઝરાયલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે એકાંત અને દબાણની સ્થિતિ નિર્માણ કરે છે. આ તમામ તત્ત્વો વચ્ચે, મક્કા સંધિ હાલના તબક્કે પ્રત્યક્ષ યુદ્ધ માટેના સૈન્ય ગઠબંધન કરતાં સુન્ની રાષ્ટ્રો માટે પોતાના ક્ષેત્રીય હિતોના રક્ષણ, આર્થિક સમૃદ્ધિ અને સંરક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીના આદાન-પ્રદાન માટેનું એક મજબૂત રાજદ્વારી પ્લેટફોર્મ વધુ પ્રતીત થાય છે. ઇઝરાયલ અને તૂર્કી બંને શક્તિઓ હાલ પૂરતી પ્રત્યક્ષ સૈન્ય અથડામણથી બચવાનો પ્રયાસ કરી રહી છે, છતાં સીરિયાની ધરતી પર ચાલી રહેલી આ પ્રોક્સી વોર અને મક્કા સંધિ દ્વારા રચાઈ રહેલું નવું ભૂ-રાજકીય સમીકરણ પશ્ચિમ એશિયાના ભવિષ્યને નવી દિશા આપી રહ્યું છે, જ્યાં એક નાની રાજદ્વારી કે સૈન્ય ભૂલ વિશાળ પ્રાદેશિક સંઘર્ષમાં પરિણમી શકે છે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

# તાજ કોરિડોર કૌભાંડે માયાવતીના સત્તાના સિંહાસનને હચમચાવી નાખ્યું

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

તાજ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટને તાજ કોરિડોર કૌભાંડ બનાવનારાં અનેક પરિબળો હતાં. રાજકારણીઓ, બાબુ લોગ અને ઉદ્યોગપતિઓની ચોંકાવનારી ગેરકાયદે અને અનૈતિક હરકતો વિશે જાણીએ.

પર્યાવરણ કાર્યકરોએ સાફસાફ ચેતવણી આપી હતી કે નદીના પટમાં ફેરફાર થવાથી ઔદ્યોગિક એકમો દ્વારા છોડાતા પ્રવાહીના લીધે તાજમહેલના રંગમાં થતા ફેરફારો વધુ ગંભીર બની શકે છે. એટલું જ નહિ યુનેસ્કો દ્વારા સંરક્ષિત સ્થળના પર્યાવરણીય પરિદશ્યમાં ફેરફાર પણ થઈ શકે છે.

આ કઈ નાનીસુની બેદરકારી કહેવાય?

સુપ્રીમ કોર્ટને મામલો એકદમ ગંભીર લાગ્યો.આને લીધે સુપ્રીમ કોર્ટે ૨૦૦૩માં બાંધકામ જ અટકાવી દીધું. સાથોસાથ ગુનાહિત ગેરરીતિ અંગે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસ કરવાનો આદેશ પણ આપી દીધો હતો.

સીબીઆઈ પોતાની રીતે તપાસ કર્યા બાદ મુખ્ય પ્રધાન માયાવતી, તેમના કેબિનેટ પ્રધાન નસીમુદ્દીન સિદ્દીકી ઉપરાંત કેટલાક અધિકારીઓ સામે પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર) નોંધ્યો હતો.

અખબારી અહેવાલોના પ્રભાવ અને ૧ મે ૨૦૦૩ના સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ ૧૫ જૂન ૨૦૦૩ના રોજ જ કામ સંપૂર્ણપણે અટકાવવામાં આવ્યું હતું . કોર્ટે ફરજિયાત બનાવાયેલા પર્યાવરણીય અસર મૂલ્યાંકન અને વન સંરક્ષણનાં ધોરણોનું પાલન ન કરાયું હોવાનું સ્પષ્ટ થયું હતું સીબીઆઈએની

તપાસમાં પર્યાવરણ અને વન કાયદાના ઉલ્લંઘનના આક્ષેપો પણ થયા હતા અને પ્રોજેક્ટની ઉતાવળા અમલને વ્યાપક અનિયમિતતાઓ સાથે જોડવામાં આવી હતી.

આ બધા આરોપીઓ પર ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ સત્તાના દુરુપયોગ અને કાવતરાના આરોપો મૂકયા હતા. પરંતુ અંતે માયાવતી સામેની કાર્યવાહી અદાલતો દ્વારા પૂરતા પુરાવાના અભાવે રદ થઈ હતી. આ કૌભાંડમાં તેમના અંગત લાભ સાથે સીધી કડી સ્થાપિત થઈ શકી નહોતી.

જો કે ૨૦૨૩માં આ કેસ ફરી ચર્ચામાં આવ્યો હતો જ્યારે ઉત્તર પ્રદેશ સરકારે એન. પી. સી. સી.(નૅશનલ પ્રોજેક્ટ કન્સ્ટ્રકશન કૉર્પોરેશન)ના ભૂતપૂર્વ જનરલ મૅનેજર સામે સીબીઆઇને કાર્યવાહી કરવા માટે મંજૂરી આપી હતી. આ મામલો જાહેર પ્રોજેક્ટોની દેખરેખમાં જવાબદારી નક્કી કરવામાં રહેલી લાંબા સમયની ખામીઓને ઉજાગર કરતો હતો.

આ કૌભાંડની માયાવતીએ ભારે રાજકીય કિંમત ચુકવવી પડી હતી. આ કૌભાંડ માયાવતીની સત્તા ગુમાવવા માટેનું એક કારણ બન્યું હતું. ચૂંટણી પ્રચારમાં રાજકીય હરીફોએ તાજ કોરિડોર કૌભાંડ થકી તેમના શાસનની પ્રામાણિકતા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

આ કૌભાંડે મચાવેલા હોબાળા અને ઊથલપાથલને પરિણામે સ્થળનો પ્રસ્તાવિત પુનર્વિકાસ અટવાયેલો રહ્યો છે, પરંતુ એક સારું પરિણામ આવ્યું એ પછીના પ્રસ્તાવોમાં ધંધા અને નફા સાથે પર્યાવરણની જાળવણી અને પુનઃસ્થાપનને મહત્ત્વ મળવા લાગ્યું. (સંપૂર્ણ)■



બહુજન સમાજ પાર્ટી અધ્યક્ષ માયાવતી

## હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# એ 'જરા વાઇફ' છે ને!




એયને પેટ ભરીને મસ્ત જમ્યા પછી હું લગભગ માનવતાવાદી બની જતો હોઉં છું. ભરેલું પેટ હંમેશાં માણસાઈના વિચારો આપે. એમાંયે બીજાના ઘરે જમ્યા પછી તો મારા મનમાં વધુ ને વધુ ઊંચા ને પવિત્ર વિચારો આપોઆપ આવવા લાગે! જોકે કેટલાક લોકો ભૂખ્યા હોય ત્યારે ઊંડું ચિંતન કરવા માંડે છે. અમુક સંત ફકીર મહાત્માઓને પેટ ભરાઈ જાય પછી દુરાચાર સૂઝે છે ને ખાલી પેટે જીવનની ફિલસૂફી!

મારી પ્રકૃતિ એ મહાત્માઓ સાથે બિલકુલ મેળ નથી ખાતી. હું ભૂખ્યો હોઉં ત્યારે પાણીપૂરી, ભેલપૂરીની દુકાન સિવાય મારા વિચારો આગળ વધતા જ નથી. જોકે એટલું નક્કી છે કે વિચારો પેટમાંથી જ જન્મે છે. પછી એ ભરેલું હોય કે પછી ખાલી! એટલે સૌથી મુખ્ય વાત આધ્યાત્મને નહીં પણ પોતાના પેટને સમજવાની છે. જો તમે તમારા પેટને બરાબર નહીં સમજો તો ભવસાગરમાં ભૂખ્યાપેટે ગોથાં ખાઈ શકો છો.

મારા એક ગાંધીવાદી નેતા મિત્ર શુદ્ધિ માટે વર્ષમાં એકાદ-બે વાર ઉપવાસ કરી નાખતા હતા. દરેક ઉપવાસ પછી એમની પાર્ટીની હાલત વધારે બગડી જતી. મેં સમજાવ્યું તો એમણે ઉપવાસ બંધ કરી દીધા ને થોડા જ સમયમાં પાર્ટીની હાલત તરત સુધરવા માંડી. મેં સમજાવ્યું કે 'હવે પૉલિટિક્સમાં ઉપવાસથી નહીં, પણ માલ ખાવાથી સુધારો થાય છે. એક મહિનો કોઈ બીજાનું ખાઈને જુઓ કે કમરમાં કેટલી વૃદ્ધિ થાય છે.' નેતાએ ભોળાભાવે પૂછ્યું, 'એટલે કે હરામખોરીથી તંદુરસ્તી મળે?' મેં કહ્યું, 'મોંમાં આંગળા નાખીને બોલાવો નહીં. ઉપવાસનું કંઈ ઠેકાણું નથી. તમે સોમવારના નામે ઉપવાસ રાખીને આખો દેશ સારું વિચારે છે કે ખરાબ, એનું રિસર્ચ કરીને રિપોર્ટ કઢાવો.'

એક સવારે સામેની ઝૂંપડીમાં રહેતી સ્ત્રી એના છોકરાને એટલા માટે ઢીબતી હતી, કારણ કે એ રોટલી માગી રહ્યો હતો. છોકરાએ વિચાર્યું કે ભૂખ સહન કરવા કરતાં માર ખાવામાં વધારે ત્રાસ છે. એ ભૂખ્યો જ મા-બહેનની ગાળો આપી નાસી ગયો. હવે મને એ છોકરાથી ડર લાગે છે કે મને જમતો જોઈને ગાળો ના આપી બેસે!

એકવાર દોસ્તના લગ્નપ્રસંગે ભરપૂર થાળી જમીને ઊંઘતા ઊંઘતા વિશ્વકલ્યાણની ઊંચી ઊંચી કલ્પનાઓના ઘેનમાં ઘોરતો હતો કે ભાઈ અચાનક મળવા આવ્યા. શું છે કે મારા જેવો જે લેખક નોકરી નથી કરતો તે એવી ગાય હોય છે જેને કોઈ પણ પકડીને મફતમાં દોહી શકે. હું સમજી ગયો કે આ સજ્જનને ચા માટે દૂધની જરૂર પડી ગઈ છે એટલે મને દોહવા અર્થાત્ જ્ઞાન મેળવવા આવ્યા છે.

એમના હાથમાં એક પાઠ્યપુસ્તક હતું. કહેવા લાગ્યા, 'સૉરી, થોડી મદદ કરશો? આમાંથી કબીરદાસનાં પદોનો અર્થ સમજાવશો?'

મેં કહ્યું, 'તમે કોઈ પરીક્ષા આપવાના છો?'

એમણે કહ્યું, 'અરે ના, ના. મારી વાઇફ પરીક્ષા આપવાની છે.'

મેં કહ્યું, 'તો તમારે શું કામ દોહાના અર્થ સમજવા છે?.'

એમણે કહ્યું, 'હું સમજી લઉં પછી પત્નીને સમજાવી દઈશ.'

મેં પૂછ્યું, 'એ પોતે કેમ નથી સમજી લેતાં?'

ભાઈ ચૂપ થઈ ગયા. મેં વિચાર્યું, કાં તો આ મને મૂર્ખ સમજે છે અથવા પોતાની પત્નીને ચાલુ! એને શંકા છે કે એની વાઇફને કબીરજી સમજાવતાં સમજાવતાં, હું ભર્તૃહરિનું શૃંગારશાસ્ત્ર સમજાવવા લાગું.

મેં કહ્યું, 'જુઓ, તમે સાહિત્યના વિદ્યાર્થી નથી. હું જે સમજાવીશ એનું ૫૦ ટકા તમને સમજાશે. એમાંથી ૨૫ ટકા જ પત્નીને તમે કહી શકશો. પાસ થવા માટે કમસે કમ ૩૩% જોઈએ. એટલે તમે અર્થ સમજાવશો તો એ ફેલ થઈ જશે.'

એમણે થોડી વાર વિચારીને કહ્યું, 'હં રાઇટ. મારી પત્નીએ જ સમજવું જોઈએ.'

મેં ધીમેથી કહ્યું, 'આ પુસ્તકમાં તો શૃંગારિક કવિવિદ્યાપતિ પણ છે.' એમણે તરત જ કહ્યું, 'રહેવા દો. એ તો અશ્લીલ છે. એ હું સમાજાવી દઈશ.'

મેં મનમાં કહ્યું, 'અલ્યા, તું કબીરજીને કેટલો સમજે છે? એમને બરોબર સમજો તો વિદ્યાપતથીયે ખતરનાક લાગે.'મન ફૂલા ફૂલા ફિરે જગ મેં કૈસા નાતા રે'-જો ધ્યાનથી તારી પત્ની સમજી લે તો તારી મૅરિડ લાઇફની વાટ લાગી જાય!'

એક આચાર્ય અમને હિન્દી કાવ્ય ભણાવતા, એમને પણ અશ્લીલતાનો બહુ ખોફ હતો. જ્યાં પણ સુંદર કાવ્યપંક્તિઓ આવતી તેઓ મોઢું બગાવીને કહેતા, 'આને જવાદો, અશ્લીલ છે.' જોકે છોકરીઓને અલગથી એ પંક્તિઓ સમજાવવા માટે તે સદાતત્પર રહેતા. કેટલાક લોકો માટે દરેક સુંદરતા અશ્લીલતા છે. જે કુરૂપ છે, એ જ પવિત્ર છે. કુરૂપતા સિવાય પવિત્રતાની કલ્પના જ એમનાથી થતી નથી.

વરસો પહેલાં હું 'વસુધા' મૅગેઝિન કાઢતો. એક સજ્જન પોતાની કવિતાઓ આપવા આવ્યા. મેં પૂછ્યું, 'આ તમે લખી છે?'

તે બોલ્યા, ના, 'વાઇફે' લખી છે. જરા જોઈ લોને.'

'ઠીક છે.'

'તો તમારા મૅગેઝિનમાં છાપી દો.'

મેં કહ્યું, 'નહીં છપાય.'

'કેમ?'

મેં કહ્યું, 'નબળી છે.'

તે બોલ્યા, 'જે ખરાબી હોય એ તેમને જણાવી દો. જે સુધારા તમે કહેશો, હું મારી પત્નીને કહી દઈશ. એ સુધારી લેશે.'

મેં કહ્યું, 'આ કવિતા છે. ગણિત નથી કે હું દાખલો ઉકેલવાની રીત સમજાવી દઉં ને તમે સમજી લો. આ તો જેણે લખ્યું છે એ જ સમજી શકે.'

તે ફરી આગ્રહ કરવા લાગ્યા.

મેં કહ્યું, 'હું એમને જ કહીશ.'

તે ચિંતાતુર થઈને બોલ્યા, 'એ કેવી રીતે આવશે?'

'કેમ? વાઇફને ચાલવામાં પ્રૉબ્લેમ છે?' મેં પૂછ્યું,

'ના... ના... વાત એમ છેને કે એ 'જરા વાઇફ' છે ને!'

હું ચકરાઈ ગયો કે 'એ જરા વાઇફ છે ને!' એટલે શું?

મને થયું કે એની પત્ની બીમાર પડે ને ડૉક્ટર પાસેથી સ્ટેથોસ્કોપ લઈને આ ભાઈ એની પોતાની છાતી પર મૂકતો હશે?

ડૉક્ટર પણ કહેતો હશે કે બીમાર તો તમારી પત્ની છે!

ને આ કહેતો હશે, હા, પણ મને જ તપાસી લો... 'એ જરા વાઇફ છે ને'!

ડૉક્ટર કહેતો હશે, 'એમની જીભ જોવી છે.'

આ પોતાની જીભ બહાર કાઢતો હશે, 'મારી જ જીભ જોઈ લો. એ જરા વાઇફ છે ને!'

મેં એમને સમજાવ્યું, 'જુઓ ભાઈ, આ કવિતાઓ લઈ જાઓ. પતિવ્રતાઓએ આવી ઝંઝટમાં ન પડવું જોઈએ.'

પોતાની સ્ત્રીની પ્રગતિ ચાહનારા ઉત્સાહી પુરુષો સાથે અનેક વાર પનારો પડ્યો છે. એ બધાની મૂંઝવણ સમજું છું ને સહાનુભૂતિ પણ રાખું છું.

સફળ સ્ત્રીના પતિ કહેવડાવવાનું ગૌરવ સારું કહેવાય, પણ પેલી 'જરા વાઇફ' આગળ વધે કેવી રીતે? કેટલાક લોકો વાઇફની આંખો પર પટ્ટી બાંધીને એને આગળ લઈ જવા માગે છે. જ્યારે પટ્ટી ખૂલે ત્યારે એ કહે, 'અહા, જોયું ડાર્લિંગ, તમે તો કેટલા આગળ વધી ગયાં!'

આમાં કંઈ ખરાબ નથી. ફક્ત એટલું જ કે માણસ જિંદગીભર વાઇફના કુલીનું કામ કરે રાખે છે. હું જાણું છું આવી વાતોથી લોકો નારાજ થાય છે.

થોડા દિવસો પહેલાં આવા જ લોકો મારાથી નારાજ થઈ ગયેલા. એક સાંસ્કૃતિક સંસ્થાનો વાર્ષિકોત્સવમાં મને બોલવેલો. નાટ્યસંગીતના રંગારંગ પ્રોગ્રામ પછી સંસ્થાવાળાઓ સાથે ચા પીતાં મેં પૂછ્યું, 'વર્ષમાં કેટલાં નાટક ભજવો છો?'

તે બોલ્યા, 'વધારે નથી થઈ શકતાં. શું છે કે સ્ત્રી પાત્રો માટે સારા ઘરની સ્ત્રીઓ નથી મળતી.'

'તો તમારી પત્નીઓને સ્ટેજ પર ઉતારોને? તમારી પત્નીઓ જો નાટકમાં કામ કરશે તો બીજાઓની પણ આવશે. તમારામાંથી કેટલાની પત્ની સ્ટેજ પર આવે છે?'

'કોઈની નહીં.'

મેં કહ્યું, 'આપણી આ જ મુશ્કેલી છે કે આપણે હંમેશાં બીજાની પત્નીને શોધીએ છીએ. બીજાની સ્ટેજ પર આવી જાય, પોતાની ન આવે. બીજાની ન આવે તો કહીએ કે બહુ પછાત લોકો છે. આપણે પછાત નથી? આપણે તો વાઇફનું જાણે અથાણું બનાવીને ઘરમાં મૂકી રાખી છે.'

એ લોકો નારાજ થઈ ગયા, પણ મને સારું લગાડવા કહ્યું કે 'તમે એકદમ સાચું કહો છો.' જોકે એમની આંખો કહેતી હતી, એ કેવી રીતે આવશે? એ 'જરા વાઇફ'છે ને! ■

## અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

### ૭૦ વર્ષના જુવાનની ૩૫ વર્ષના ઘરડા સાથે ટક્કર



ના, હેડિંગમાં કોઈ ભૂલ નથી કે નથી કોઈ ટીખળ કે રમૂજ. બલકે છેલ્લા આઠેક વર્ષથી લંડનમાં આયોજિત 'વિન્ડોક્લિનીંગ વર્લ્ડ કપ' (ઝરૂખો ઝાપટવાની વૈશ્વિક સ્પર્ધા)ની સફાઈ છે. આપણે ત્યાં કમ સે કમ દિવાળીના આગમન પહેલાના સફાઈ અભિયાન વખતે ઘરનાં બારી બારણાં ઝાપટવાની અને એના પર ભીના પોતાં મારવાનું કામ ઘણા પરિવારમાં સ્વબળે હોંશે હોંશે કરવામાં આવે છે. એમાં બારીની સફાઈનું કામ સરખામણીમાં આસાન હોય છે, ખાસ કરીને 'સ્કવીજી' જેવાં ઉપકરણને લીધે આ કામ ડાબા હાથનો ખેલ લાગે છે. જોકે,'વિન્ડો ક્લિનીંગ વર્લ્ડ કપ'માં વડીલોની સફાઈ કમાલ જોયા પછી જુવાનિયાઓને ખ્યાલ આવી ગયો કે કામ આસાન ભલે હોય પણ એમાં પ્રાવીણ્ય મેળવવું આસાન નથી. સઘન તાલીમ જરૂરી છે.

૧૭ વર્ષથી ઝરુખા ઝાપટવાની સ્પર્ધામાં સહભાગી થતા યુકેના ૭૧ વર્ષના મિસ્ટર ટેરી બરોઝ કહે છે કે 'હું જે કુશળતાથી સફાઈ કરી શકું છું એ આવડત મારી અડધી ઉંમરના યુવાનોમાં પણ નજરે નથી પડતી. બારી સાફ કરવાના કામમાં નિપુણ થવા ટ્રેનિંગ લેવી જરૂરી છે. મેં લીધી છે. આજકાલના જુવાનિયા એને માટે તૈયાર નથી.'

મિસ્ટર ટેરી વિન્ડો ક્લિનિંગના ઉસેન બોલ્ટ (૧૦૦ મીટર દોડનો વર્લ્ડ રેકોર્ડ ધરાવતો એથ્લીટ) કહેવાય છે, કારણ કે ૨૦૦૯માં તેમણે ૪૫ ઈંચ X ૪૫ ઈંચની વિન્ડો માત્ર ૯.૧૪ સેકન્ડમાં ચોખ્ખીચણાક કરી વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો જે આજ સુધી અકબંધ છે. દરેક સ્પર્ધક ચાંપતી નજરે જોતા ત્રણ જજની હાજરીમાં સ્કવીજીની મદદથી એસ આકારમાં બારીની સફાઈ કરી કોઈ ડાઘ ન રહી જાય એની તકેદારી રાખવાની હોય છે. કામ પૂરું થઈ ગયું હોય ત્યારે 'સ્ટોપ' એમ બૂમ પાડવાની હોય છે. જેથી ટાઇમર અટકાવી દેવામાં આવે. આ કામમાં ઝડપ જરૂરી અને મહત્ત્વની છે, પણ કોઈ ડાઘ કે નિશાની રહી જાય તો પ્રતિ ડાઘ માટે અડધી સેકન્ડની પેનલ્ટી લાગે છે. ઝીણી આંખે જોવામાં પાવરધા ત્રણ જજની નજર નાની અમથી ભૂલ શોધી દંડ કરે છે. વિજેતાને એક હજાર પાઉન્ડ (આશરે સવા લાખ રૂપિયા) ઈનામ પેટે મળે છે. સફાઈમાં ચીવટનો આગ્રહ જોતા ૭૦ વર્ષના વડીલ કેમ ૩૫ વર્ષના જુવાનિયાને હંફાવે છે એ સમજાય છે.

### ના ઉમ્ર કી સીમા હો, ના ચોકલેટ કા હો બંધન..



...'જબ લંબા જિએ કોઈ તો દેખે કેવલ ફન' એવું ગીત (ગીતકાર ઈન્દીવરની ક્ષમાયાચના સાથે) લખવું પડે એવું ઉદાહરણ ૧૦૬ વર્ષનું દીર્ઘાયુ ભોગવી રહેલા દાદીમાએ પૂરું પાડ્યું છે. આજે ૭૦ વર્ષની આસપાસના લોકોમાં ઘૂંટણની તકલીફ, પીઠનો પ્રોબ્લેમ, ગેસ - કબજિયાત જેવી સમસ્યાઓ સામાન્ય બની રહી છે.

યુવાવર્ગમાં પણ સતત ભાગદોડ, સ્ટ્રેસ અને કવેળાના ભોજનને કારણે વ્યાધિ જોવા મળે છે. આવા માહોલમાં યુકેની યોર્કશાયરમાં જન્મેલાં એડિથ હિલ નામનાં દાદીમાએ આયુષ્ય બળવાનનું રહસ્ય છતું કરતા અનેક લોકોને આશ્ચર્ય થયું છે. દાદીમાએ કહ્યું છે કે સેન્ચુરી દરમિયાન તેમણે ખૂબ પાર્ટી એન્જોય કરી છે, ફન (મોજમજા) કર્યો છે અને ચોકલેટ ખાવામાં કોઈ રેશનિંગ નથી રાખ્યું. ૧૯૧૯માં જન્મેલાં ને સ્વતંત્ર જીવન જીવનારાં દાદીમાનું આ હેલ્થ સિક્રેટ છે, બોલો. જોકે, દીર્ઘાયુ માટેના તેમણે આપેલાં કારણોમાં ક્યારેય ધુમ્રપાન નહીં તેમજ જવલ્લેજ અને માપસર શરાબ સેવનને પણ ગણાવ્યાં છે. યુકે જેવા દેશમાં તો મહિલા વાઈન અને વ્હિસ્કી પીવે એ સહજ અને સ્વાભાવિક ગણાતું હોવા છતાં એડિથ દાદી એના ગુલામ ન બન્યાં એ વાત મહત્ત્વ ધરાવે છે. બે વર્લ્ડ વોર અને જીવનમાં અનેક ઉતાર-ચડાવ જોઈ ચૂકેલાં દાદીમા મન સ્વસ્થ તો શરીર તંદુરસ્ત એવી માન્યતાનું મજબૂત પ્રમાણ છે.

### ૧૦૭ વર્ષમાં ૩૦ ધ્વજ બદલાયા



૧૫ ઓગસ્ટ આપણા દેશમાં સુવર્ણઅંકિત દિવસ છે. બ્રિટિશ ગુલામીમાંથી આપણને સ્વતંત્રતા મળી. જોકે, આ જ દિવસ અફઘાનિસ્તાન માટે કથીર દિવસ છે, કારણ કે પાંચ વર્ષ પહેલા એટલે કે ૨૦૨૧ની ૧૫ ઓગસ્ટે અત્યાચારી તાલિબાને અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર કબ્જો જમાવી દેશને ફરી અસ્થિર યુગમાં મોકલી દીધો. તાલિબાનો આ દિવસને 'વિજય દિવસ' તરીકે ઉજવે છે. પાકિસ્તાન સાથે એકથી વધુ વાર યુદ્ધજન્ય પરિસ્થિતિ અને અન્ય વિચિત્રતાને કારણે દેશના નાગરિકોને અસ્થિર અફઘાનિસ્તાનમાં વસવાટ કરવો પડે છે. હેરત પમાડે એવી વાત એ છે કે દેશના ધ્વજનું અસ્તિત્વ પણ અસ્થિર રહ્યું છે. હાલ જે ધ્વજ છે એ ૨૦૨૧માં તાલિબાન શાસન સત્તારૂઢ થયું ત્યારે બદલવામાં આવ્યો હતો. ચોંકી જવાય એવી વાત એ છે કે ૧૯ ઓગસ્ટ ૧૯૧૯માં સ્વતંત્રતા મળ્યા પછી છેલ્લાં ૧૦૭ વર્ષમાં અફઘાનિસ્તાનનો ધ્વજ ત્રીસ વાર બદલાઈ ચુક્યો છે.૧૯૧૯માં જ છ વાર ફેરફાર થયા હતા. જોકે, આ બદલાવમાં ધ્વજના ત્રણ રંગ કાળો, લાલ અને લીલાની હાજરી સાતત્યપણે જોવા મળી છે. તાલિબાનનું શાસન શરૂ થયા પછી અફઘાનિસ્તાનમાં સફેદ રંગનો ધ્વજ જોવા મળે છે જેમાં કેલિગ્રાફિક સ્ક્રિપ્ટમાં 'મોહમ્મદ ભગવાનના દૂત છે' તેમજ પશ્તો ભાષામાં 'ઈસ્લામિક એમિરેટ્સ ઓફ અફઘાનિસ્તાન' લખવામાં આવ્યું છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે - યુનાઈટેડ નેશન્સમાં કાળો, લાલ અને લીલા રંગનો ઈસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાનનો ફ્લેગ લહેરાવવામાં આવે છે.

### મેરેજઃ ડોક્ટર ઈઝ ઓલવેઝ ઓન ડ્યુટી



અક્ષય કુમારની ૨૦૧૪માં આવેલી ફિલ્મનું ટાઈટલ હતું 'હોલિડેઃ અ સોલ્જર ઈઝ નેવર ઑફ ડ્યુટી'. મતલબ કે સૈનિકે ૨૪X૭ ચૌકન્ના રહેવાનું હોય છે. હાકલ પડે ને રક્ષા કાજે સરહદે દોડી જવાનું. આગબંબાવાળા, પોલીસ ઓફિસર તેમ જ ડોક્ટર -નર્સના કેસમાં પણ એવું જ હોય છે.

તાજેતરમાં સૌથી દેશના શિક્ષિત ગણાતા કેરળ રાજ્યના કન્નુર શહેરમાં લગ્નનો માંડવો સારવાર કેન્દ્ર બની ગયો. 'ડોક્ટર ઈઝ ઓલવેઝ ઓન ડ્યૂટી'નું બેમિસાલ ઉદાહરણ ત્યાં જોવા મળ્યું. થયું એવું કે વ્યવસાયે ડોક્ટર એવી એક કોડીલી કન્યાને એના દિલનો 'દરદી' મળી ગયો અને શુભ મુહૂર્ત જોઈ બંનેએ સપ્તપદીના ફેરા ફરવાનો નિર્ણય લીધો. ભારતીય લગ્નમાં અને એમાંય જો બંને પક્ષ મોભાદાર હોય તો ખાણીપીણીની વરાયટીમાં કોઈ કસર બાકી ન રહે. કેટરિંગ સર્વિસને ભાવતા ભોજન સાથે શાનદાર સર્વિસનો કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો. મહેમાનો લગ્ન માણી રહ્યા હતા એ દરમિયાન કેટરિંગ સર્વિસની એક મહિલા કર્મચારીના નાકમાંથી લોહી નીકળ્યું. અન્ય એક મહિલાને ચક્કર આવ્યા. લગ્નસ્થળે હોહા થઈ ગઈ અને 'કન્યા પધરાવો સાવધાન' પછી 'ડોક્ટર પધારવો સાવધાન'ની બૂમ પડી. પાનેતર પહેરીને જસ્ટ માંડવે આવેલી ડોક્ટર દુલ્હન ગોર મહારાજને 'ઘડીક ખમો' કહી તરત ઈમરજન્સીના નિયમને અનુસરી સારવાર માટે દોડી. બંને મહિલાનો પ્રાથમિક ઈલાજ કરી પાછી વરરાજા સામે ગોઠવાઈ ગઈ અને લગ્નવિધિ પૂર્ણ કરી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો અને અનેક લોકો કન્યા પર ઓવારી ગયા.

### લ્યો કરો વાત

*'મહાભારત'ના સમયકાળમાં 'સ્વર્ણપ્રસ્થ' (સોનાની નગરી) તરીકે ખ્યાતિ મેળવનારા આજના ભારતના હરિયાણાના સોનીપત શહેરમાં હીરા જેવા મૂલ્યવાન મનુષ્ય જોવા મળી રહ્યા છે. તાજેતરમાં આ શહેર એક અનોખો વિક્રમ સ્થાપવામાં સફળ રહ્યું છે. ૧૯૯૮માં મહિલા વિશ્વકપ હોકી સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરી કેપ્ટનની જવાબદારી પણ પાડનારી પ્રીતમ રાની સિવાચનો પુત્ર યશદીપ સિવાચ પુરુષોની વિશ્વ કપ હોકી સ્પર્ધામાં ભારતીય ટીમમાં પસંદ થયો છે. હોકીની રમતના વર્લ્ડ કપમાં ભારતીય ટીમ વતી રમનારી આ પ્રથમ માતા - પુત્રની જોડી બની છે. એક મજેદાર વાત એ પણ છે કે પ્રીતમ જે મહિલા વિશ્વ કપમાં રમી એનું આયોજન નેધરલેન્ડ્સમાં થયું હતું અને આ વર્ષનો મેન્સ વર્લ્ડ કપ પણ બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં સંયુક્તપણે રમાઈ રહ્યો છે.* ■

feedback@bombaysamachar.com

## તસવીરની આરપાર

ભાટી. એન.

# રક્ષાબંધનઃ ભાઈ-બહેનને એક સૂત્રમાં બાંધતું પવિત્ર પર્વ



**રક્ષાબંધન** એટલે ભાઈ અને બહેનના નિર્મળ, નિઃસ્વાર્થ અને અતૂટ પ્રેમનું પર્વ. બહેન જ્યારે ભાઈના કાંડે રાખડી બાંધે છે ત્યારે માત્ર દોરો જ નથી બાંધતી, પરંતુ ભાઈની સુખાકારી, દીર્ઘાયુષ્ય અને સલામતી માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરે છે. એક સમય હતો જ્યારે સાદો રેશમી દોરો કે નાનો કાચો દોરો પણ પ્રેમની લાગણી સાથે રાખડી બની જતો; આજે સમય બદલાયો છે અને રાખડીમાં પણ અવનવી કલ્પનાઓ, રંગો, આકારો અને આકર્ષક ડિઝાઇનનો સમન્વય જોવા મળે છે.

હાલ બજારોમાં રક્ષાબંધનની રોનક છવાઈ ગઈ છે. રંગબેરંગી રાખડીઓથી શણગારેલી દુકાનો ભાઈ-બહેનના પવિત્ર સંબંધની સુંદર ઝલક રજૂ કરી રહી છે. નાનાં બાળકો માટે કાર્ટૂનથી લઈને વિવિધ આકર્ષક આકારોની રાખડીઓ અને ભાઈઓ માટે ખાસ પસંદગીની રાખડીઓ બજારમાં જોવા મળે છે. શ્રાવણ માસ એટલે તહેવારોની હારમાળા. રક્ષાબંધન બાદ સાતમ, આઠમ અને જન્માષ્ટમી જેવા પર્વોની ઉજવણી સાથે ગામેગામ મેળાઓ અને ધાર્મિક કાર્યક્રમોની પણ શરૂઆત થશે. સમગ્ર વાતાવરણમાં ભક્તિ, આનંદ અને ઉત્સવની રંગત છવાઈ જશે.

રક્ષાબંધન માત્ર એક તહેવાર નથી, પરંતુ ભાઈ-બહેનના સ્નેહની એવી અમર પ્રેમકહાની છે, જેમાં બાળપણની યાદો, લાગણી, લાગવગ અને જીવનભરનો સાથ સમાયેલો છે. બહેનની રાખડી ભાઈના કાંડે બંધાય છે, પરંતુ તેની લાગણી સીધી હૃદય સુધી પહોંચે છે. ભાઈ પણ બહેનના માન-સન્માન અને સુખની રક્ષા કરવાનો સંકલ્પ કરે છે. તા. ૨૮/૦૮/૨૦૨૬, શુક્રવારના રોજ ઉજવાતું આ પવિત્ર પર્વ દરેક ભાઈ-બહેનના જીવનમાં પ્રેમ, સુખ, સમૃદ્ધિ અને લાગણીના નવા રંગો ભરી દે તેવી શુભકામનાઓ. ■

feedback@bombaysamachar.com
સાત સમંદર પાર
રવિ નાયક

# શું તમને ઊડતા વિમાનની પાંખ પર ચાલવાનો વિચાર આવ્યો છે?





બેટી બ્રોમેજનો રેકોર્ડબ્રેકિંગ વિન્ગ વોક અને એવોર્ડ

હા, એક મહિલાને આવ્યો છે...

અદ્ધર આકાશમાં આ રીતે ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં બેટી બ્રોમેજ નામના એક મહિલાએ ઊડતા વિમાનની પાંખ પર મુસાફરી કરીને વિશ્વવિક્રમ પણ સ્થાપ્યો છે. !

સામાન્ય સમજ એવી છે કે વિમાન હવામાં ઊડતું હોય ત્યારે દરવાજો ખોલીને બહાર લટાર મારવા જઈ શકાતું નથી. જોકે કેટલાક સાહસિકો ચાલુ વિમાને પાંખ પર ચઢવાના કરતબ કરી દેખાડે છે. આવા કરતબ માટે 'વિન્ગ વોકિંગ' શબ્દ વપરાય. વિન્ગ વોકિંગ એ કોઈ સ્પોર્ટ નથી, પણ કેટલાક સાહસિકોએ એને એડવેન્ચર્સ એક્ટિવીટી તરીકે અપનાવી લીધું છે.

હવે પેલા બેટી બહેને એવું તે શું પરાક્રમ કર્યું કે વિશ્વવિક્રમ બની ગયો? ૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ગ્લોસ્ટરશાયર ખાતે બેટીએ જ્યારે વિંગ વોકનો કરતબ કરી દેખાડ્યો, ત્યારે એમની ઉંમર હતી પૂરા ૯૭ વર્ષની! આ ઉંમરે કોઈ વ્યક્તિ જીવિત હોય તો ય મોટે ભાગે પથારીવશ હોય. એટલે સૌથી મોટી ઉંમરે વિંગ વોક કરવાનો વિશ્વવિક્રમ બેટી બ્રોમેજના નામે નોંધાઈ ગયો. આ અગાઉનો રેકોર્ડ ૮૭ વર્ષની ઉંમરે વિન્ગ વોક કરવાનો હતો અને એ રેકોર્ડ પણ દસ વર્ષ પહેલા બેટીએ જ બનાવેલો! સૌથી મજેદાર વાત તો એ છે કે ગયા વર્ષે બેટીને સ્ટ્રોકનો એટેક આવ્યો, એમાંથી સાજા થયા બાદ બેટીએ સ્ટ્રોક પેશન્ટ્સની સારવાર કરતી હોસ્પિટલ માટે ફંડ ભેગું કરવા વિક્રમી વિંગ વોક કર્યું.

એક સમયે નર્સ રહી ચૂકેલાં એવાં આ 'ખતરો કે ખિલાડી' એવાં બેટી બ્રોમેજ વીતેલા દાયકા દરમિયાન છ વખત વિન્ગ વોક કરી ચૂક્યાં છે.

પ્રશ્ન એ છે કે ઊડતા વિમાનની પાંખ પર ચઢવાનો અને ત્યાં જ ઊભા ઊભા મુસાફરી કરવાનો વિચાર સૌથી પહેલા કોને આવ્યો હશે?

ઓર્મર લેસ્લી લોકલિયર અમેરિકન ડેરડેવિલ સ્ટંટ પાઈલટ અને સાયલન્ટ ફિલ્મના અભિનેતા હતા. ૧૮૯૧માં ટેક્સાસના ગ્રીનવિલ ખાતે એનો જન્મ. મૂર્ખામીની હદ વળોટી જાય એવી બહાદુરી દેખાડવાનો શોખ બાળપણથી જ.

મોટરસાઈકલ પર જોખમી સ્ટંટ કરવા અને ભાઈઓ સાથે ગ્લાઈડર બનાવીને છત પરથી કૂદવાની રમત એને બહુ ગમતી. પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું પછી ઓર્મરને બહાદુરી બતાવવાનો ખરો મોકો મળ્યો. એણે યુએસ આર્મીની એર સર્વિસમાં જોડાઈને ફ્લાઈટ ઇન્સ્ટ્રક્ટર બનવાની તાલીમ લીધી.

એક વાર ચાલુ ફ્લાઇટે રેડિએટર કેપ ઢીલી પડી ગઈ. આને કારણે ગરમ પાણી અને વરાળનો છંટકાવ શરૂ થઇ ગયો. આવા સંજોગોમાં લેન્ડિંગ કરવું મુશ્કેલ હતું. બચવાનો એક જ માર્ગ હતો, કોઈક રીતે રેડિયેટર કેપ સુધી પહોંચીને એને સરખી બેસાડવી, પણ આ માટે તો વિમાનની કોકપિટમાંથી બહાર નીકળીને પાંખ પર જવું પડે. અહીં બાળપણમાં કરેલી સ્ટન્ટબાજી કામ આવી. કહેવાય છે કે ઊડતા વિમાને ઓર્મર કોકપિટ ખોલીને બહાર નીકળ્યો અને વિમાનની પાંખ પર જઈને કેપ ફરીથી બેસાડી દીધી. આ ઘટનાને વિશ્વનું પહેલું વિન્ગ વોક ગણી શકાય. એ પછી તો દરેક પાઈલટને ટ્રેનિંગના ભાગરૂપે વિન્ગ વોકિંગ શીખવવાની શરૂઆત થઇ.

જો કે ખરો રસપ્રદ ઘટનાક્રમ તો પ્રથમ વિશ્વયુદ્ધ સમાપ્ત થયા પછી સર્જાયો. સૌથી પહેલા તો એ સમજી લેવું જોઈએ કે વિન્ગ વોકિંગ માટે કોઈ પણ વિમાન પસંદ કરો એ ન ચાલે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અમેરિકન હવાઈદળ જે કર્ટિસ જેએન-૪ વિમાનો વાપરતું, એની રચના જ એવી હતી કે ચાલુ ફ્લાઇટે કોકપિટ ખોલીને બહાર જઈ શકાય. આજે પણ વિન્ગ વોક માટે એ પ્રકારની રચના ધરાવતાં વિમાનો જ વપરાય છે. હવે થયું એવું કે પ્રથમ વિશ્વયુદ્ધ સમાપ્ત થયા બાદ સંખ્યાબંધ કર્ટિસ વિમાનો અને પાઈલટ્સ નવરાધૂપ હતા. પાઈલટ્સને તો સરકારે નોકરીમાંથી છૂટા કર્યા, પણ વિમાનોનું શું કરવું? અમેરિકન સરકારે કર્ટિસ વિમાનો બહુ સસ્તા દામે વેચવા કાઢ્યા, પણ આ વિમાનો ખરીદે કોણ?

સિમ્પલ, જેમને સરકારે નોકરીમાંથી છૂટા કરેલા એવા બેકાર પાઈલટ્સ. આ પાઈલટ્સ આજીવિકા રળવા માટેના સાધન તરીકે વિમાનોનો ઉપયોગ કરવા માંડ્યા. જેમ સર્કસમાં ટિકિટ ખરીદીને ચકડોળમાં બેસી શકાય એમ ટિકિટ ખરીદીને લોકો કર્ટિસની હવાઈ રાઈડ માણતા. કેટલાક પાઈલટ્સે વળી વિમાન આડા-તેડા ઉડાડીને કરતબ દેખાડવાનું શરૂ કર્યું.

એક રીતે જોઈએ તો આ એક પ્રકારની સ્ટન્ટબાજી જ હતી. અંગ્રેજીમાં આવા ખેલ માટે 'બાર્નસ્ટોર્મિંગ' શબ્દ વપરાય છે. ગામ કે નાનકડા કસબાના લોકો ખુલ્લી જગ્યામાં ભેગા થાય અને પાઈલટ ત્યાંથી વિમાન ઉડાડીને વિન્ગ વોક સહિતના કરતબ દેખાડે. ઘણા વળી અધ્ધર આકાશે એક વિમાનમાંથી બીજા વિમાનમાં જઈ બતાવે. લોકો આ બધું જોઈને મોઢામાં આંગળા નાખી જતા.

સ્વાભાવિક છે કે આવા કરતબો અનેક દુર્ઘટનાઓને સીધું આમંત્રણ આપનારા નીવડે. ખુદ ઓર્મર લેસ્લી લોકલિયર પણ એક ફિલ્મ માટે હવાઈ સ્ટન્ટ કરવા જતા મોતને ભેટ્યા. આખરે ૧૯૨૬માં એવિયેશન અંગેના કડક કાયદાઓ દ્વારા બાર્નસ્ટોર્મિંગ પર પ્રતિબંધ મુકાયો.

જો કે એ પછી પણ સુરક્ષાના કડક નિયમોના પાલન સાથે વિન્ગ વોકની પ્રવૃત્તિ વિકસતી રહી. આજની તારીખે સુરક્ષાનાં અનેક ઉપકરણો અને નિયમો હોવા છતાં બહુ થોડા લોકો વિન્ગ વોકર બનવાનું સાહસ ખેડે છે. એવામાં બેટી બ્રોમેજનું સાહસ વિરલ ગણાય. વિશ્વવિક્રમ સ્થાપી લીધા પછી બેટીએ જાહેર કર્યું છે કે જો એ સો વર્ષ પૂરા કરશે તો એની ઉજવણી માટે ફરીથી આવું જ કોઈક સાહસ કરશે.

બ્રેવો... ૯૭ વર્ષની 'યુવાન' બેટી બ્રોમેજ ! ■

feedback@bombaysamachar.com
કચ્છી ચોવક
કિશોર વ્યાસ

# આકાશને આંબતી ઈચ્છા સામે લાલબત્તી!



કહેવતો પરથી કચ્છી કિસ્સાઓ બન્યા કે, કચ્છી કિસ્સાઓ પરથી કહેવતો (ચોવકો) બની? એ સવાલને કોરણે મૂકીએ અને એક કહેવત સાથે બનેલો કિસ્સો માણીએઃ કહેવત છેઃ ''મુલાં મારે મુઠસેં, નેં અલ્લા મારે ઉઠ સેં'' એ ચોવક સાથે સંલગ્ન કિસ્સો એવો છે કે, ''એક ગામમાં એક મુલ્લાજી ઘાણીમાં તલ પીલવાનો ધંધો કરતા હતા, થતું એવું કે, એ દરેક ગ્રાહકના પીલાવા માટે આવેલા તલમાંથી એક મૂઠી ભરીને તલ ચોરી લઈ પોતાના માટે રાખી દેતા! એ રીતે તલની ચોરી કરતાં કરતાં મુલ્લાજી ખૂબ જ પૈસાદાર થઈ ગયા. કોથળીમાં નાણાંનો વધારો થતાં તેણે ઘાણીમાં જોડેલા બળદને વેચી નાખીને એક અલમસ્ત ઊંટની ખરીદી કરી ઘાણીમાં જોતરી દીધો. પોતે બેઠાબેઠા ગીતો ગાતો રહે અને મૂછને તાવ દેતો રહે. ઘાણી ઘુમતી રહે. તલ પીલાતા રહે, પણ અચાનક એવું થયું કે તેનો એ ઊંટ મરી ગયો. મુલ્લાની જાહોજલાલીને થપ્પડ લાગી.

એ લોકોના તલ ચોરીને 'મૂઠે' મારતો, તો અલ્લાએ તેને 'ઊંટ'થી માર્યો! બસ ત્યાંથી ચોવક ચાલી ''મુલાં મારે મુઠસેં, અલ્લા મારેં ઉઠસે''! ખેર! બે વ્યક્તિ વચ્ચેની અસમાનતા બતાવવા માટે એવી એક ચોવક પ્રચલિત છે કે, ''હિકડ઼ો રાણૂં, ત બ્યોકાંણૂં'' મતલબ કે બે વ્યક્તિઓ વચ્ચે આસમાન જમીન જેટલો ફરક!

કોઈ એક કામ માટે જ્યારે બિનજરૂરી વધારે માણસો જોડાયા હોય ત્યારે વપરાતી ચોવક છેઃ ''હિકડ઼ો હકલે બ્યો હૂં હૂં કરે'' અર્થાત્ કામ તો કરનારા કરતા રહે પણ વધારાના માણસો કાંતો તેને પોરસાવવાનું કામ કરે અને કાંતો નવરા બેઠા નખ્ખોદ વાળે (હૂં હૂં કરે!) જ્યારે એક ખોટું કામ છુપાવવા માટે બીજાં કેટલાંય ખોટાં કામ કરવાં પડે ત્યારે ચોવક કહે છે કે, ''હિકડ઼ો કુડ઼ લિકાયલા બ્યા સો કુડ઼ કેંણાં પે'' 'કુડ઼' એટલે ખોટું અને 'લિકાયલા' એટલે છુપાવવા. આવું છુપાવવા કરતાં તરત જ ખુલાસો કરવો સારો નહીં? વાતનો છેડો ફાટે. ''હિકડ઼ો ઘા નેં બ ટુકર'' એક ઘાને બે ટુકડા!

એક જરા વધારે રસપ્રદ ચોવક માણીએં. કોઈ વ્યક્તિને તેની જરૂરિયાતથી વધારે ધન મળે, તો, તેના માટે ચોવક છેઃ ''આંમરી મેં આમાં પકા'' અનુવાદ એવો થાય કે, આંબલીનાં વૃક્ષમાં આંબા પાક્યા! 'આંમરી' એટલે આંબલી અને 'આમાં' એટલે આંબા. પણ ભાવાર્થ તો એ જ થાય કે, 'જરૂરિયાતથી વધારે ધન મળી રહેવું.'

ઘણી વખત લોકો બહુ વધારે પડતી આશામાં જીવતા હોય છે ત્યારે એમ કહેવાય કે, ''અણકમાઉ નેં ઉનાં પાણી'' 'અણકમાઉ' એટલે કમાણી કોડીની ન હોય પણ ઈચ્છા-અપેક્ષા-આશાઓ આકાશને આંબતી હોય! વળી, ઘણા લોકો સારો સમય આવે તે પહેલાં જ સોનેરી સપનાં જોવા લાગી જાય છે. એવા લોકો પર કટાક્ષ કરતી એક ચોવક છેઃ ''આમેં મોર નેં કલાણેં લેખો'' મતલબ કે આંબાના વૃક્ષ પર હજુ મોર લાગ્યા જ હોય, પણ કેટલી કેરી પાકશે તેનાં હરખભેર લેખાં શરૂ થઈ જાય!

કોઈ પણ વ્યક્તિના દેખાવ પરથી તેનામાં રહેલા ગુણોનો અંદાજ ન લગાવી શકાય. આપણે ગુજરાતી ભાષામાં કહીએ છીએ ને કે, ''ચળકે એ બધું સોનું ન હોય.''! એ જ રીતે કચ્છીમાં ચોવક કહે છે કે, ''અછો મિડ઼ે ખીર ન વે'' સફેદ પ્રવાહી બધાં દૂધ જેવાં લાગે ખરાં પણ ખરેખર એ બધાં દૂધ ન હોય! દેખાવ કરતાં તેના ગુણની મહત્તા આ ચોવક દર્શાવે છે. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECIPIENT | ધારવું |
| RECIPROCAL | રજૂઆત |
| RECITAL | સ્વીકારનાર |
| RECKON | અવિચારી |
| RECKLESS | અરસપરસ |

## માતૃભાષાની મહેક

બળ એટલે કૌવત, તાકાત, જોર, શક્તિ, સામર્થ્ય. ત્રણ પ્રકારનાં બળ કહેવાય છેઃ સહજબળ, કાલકૃતબળ અને યુક્તિકૃતબળ. આમાં શરીર અને મનના કુદરતી બળને સહજબળ કહે છે. અવસ્થાને લઈને આવતા બળને કાલકૃતબળ કહે છે. ખોરાક દ્વારા અગર તો કસરત દ્વારા યા તો કોઈ પણ દવા મારફત મેળવેલા બળને યુક્તિકૃતબળ કહે છે.

## ગુજરાત મોરી મોરી રે

'માતા બાળકોને જન્મ આપે પણ મિલકતના ભાગનું ન વિચારે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નવ જણે ગણે માવડી પણ ભાગડા

## ઈર્શાદ

*આપણો છે, આપણો ક્યાં થાય છે?*
*શ્વાસ મારો જિન્દગીને ખાય છે.*

શયદા

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | | | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | | ■ | ■ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | | ૧૩ | ■ | ■ | ■ | ૧૪ | ■ | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | |
| ■ | ■ | | ■ | ■ | ■ | ૨૨ | ૨૩ | | ■ |
| ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ |
| | ■ | ■ | | ■ | ૨૯ | ૩૦ | | ■ | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. ઠામ બદલો, સ્થળફેર (૪)
૪. જરૂરી (૪)
૬. જઠર, પેટ (૩)
૮. સર્વ, બધું (૩)
૧૦. ઉત્કટ ઈચ્છા (વ્યસનની) (૩)
૧૧. તોર, અભિમાન (૨)
૧૨. રહેવાશી (૩)
૧૫. શરમિંદું (૨)
૧૬. એક મહાકાય પ્રાણી (૨)
૧૭. મહાવરો, આદત (૨)
૧૯. આપણું રાષ્ટ્રિય પક્ષી (૨)
૨૦. નર્મદાનું બીજું નામ (૨)
૨૧. વણખીલ્યું ફૂલ (૨)
૨૨. ---માં અકલ નહીં (૩)
૨૪. દૂધ (૨)
૨૫. ઘરની પાછલી ભીંત (૩)
૨૭. જરીક, થોડું (૩)
૨૯. દેડકો (૩)
૩૧. તહેનાતમાં રહેનારો નોકર (૪)
૩૨. આચ્છાદન (૪)

### ઊભી ચાવી

૧. થંભી ગયેલું, રોકાયેલું (૩)
૨. આળ, આરોપ (૪)
૩. ઝીણી ધૂળ (૨)
૪. આક્ષેપ (૩)
૫. આંબલીનું બી (૩)
૭. પદ્ધતિ, રૂઢિ (૨)
૯. કમોસમનો વરસાદ (૩)
૧૩. ઝાકળ (૩)
૧૪. જેવા સાથે --- (૨)
૧૫. દર (૨)
૧૭. પશુ જેવું (૩)
૧૮. નથ (૨)
૧૯. મુક્તિ, છૂટકારો (૨)
૨૧. મોરના માથાની શોભા (૩)
૨૩. મધુરવ ધ્વનિ (૪)
૨૪. રક્ષણ (૩)
૨૫. અક્કર્મીનો --- કાણો (૩)
૨૬. ત્યારે (૨)
૨૮. પતિ (૩)
૩૦. આશીર્વાદ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મૂ | ૨ ક | બ | ૩ ધિ | ૪ ર | ■ | ૫ મા | ટી | ૬ પ | ગું |
| ૭ લા | ડી | ■ | ૮ રા | જ | ૯ પા | ટ | ■ | ડા | ■ |
| ક્ષ | ■ | ■ | ણ | ■ | ક | ■ | ■ | ૧૦ વ | ૧૧ શ |
| ૧૨ ર | ૧૩ સ | ના | ■ | ■ | ૧૪ ટ | ૧૫ પા | લ | ■ | ત્રુ |
| ■ | બૂ | ■ | ૧૬ વ | ક | ■ | વ | ■ | ૧૭ વિ | ખ |
| ૧૮ વિ | ત | ■ | ર | ■ | ૧૯ ધા | ન | ■ | ર | ■ |
| તા | ■ | ૨૦ ક | દી | ૨૧ ક | ■ | ■ | ૨૨ સા | હ | ૨૩ સ |
| ૨૪ ન | ૨૫ વ | ■ | ■ | રા | ■ | ૨૬ પ | ■ | ■ | ફો |
| ■ | લ | ■ | ૨૭ ક | લ | ૨૮ દા | ર | ■ | ૨૯ વ | ખો |
| ૩૦ જ | ય | વા | રો | ■ | ૩૧ હ | વા | લ | દા | ર |

## ઓળખાણ પડી?



વૃક્ષના વિશ્વમાં સૌથી ઓછી ઊંચાઈ ધરાવતું વામન વૃક્ષ વિશ્વ યુરોપના કયા દેશમાં જોવા મળે છે એની ઓળખાણ પડી?

અ) જર્મની બ) ડેનમાર્ક ક) આઈસલેન્ડ ડ) પોર્ટુગલ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ભાલ સોંસરી ઝાલ' કહેવતમાં ભાલ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) નસીબ બ) હથિયાર ક) ચરણ ડ) કપાળ

## માઈન્ડ ગેમ

દિલ્હીમાં આયોજિત વર્લ્ડ બેડમિન્ટન સ્પર્ધાની પહેલી જ મેચમાં વર્લ્ડ નંબર વન ખેલાડીને હરાવનારા ભારતીય ખેલાડીનું નામ જણાવો.

અ) રોહન કુમાર બ) ભરત રાઘવ ક) લક્ષ્ય સેન ડ) આયુષ શેટ્ટી

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૧ |
| | ૯ | | ૧ | | ૨ | | ૩ | |
| ૮ | ૧ | ૭ | | | | ૨ | ૪ | ૯ |
| ૨ | | ૬ | | ૫ | | ૪ | | ૩ |
| | | | ૭ | | ૩ | | | |
| ૧ | | ૮ | | ૪ | | ૭ | | ૨ |
| ૭ | ૨ | ૫ | | | | ૯ | ૧ | ૪ |
| | ૪ | | ૨ | | ૫ | | ૮ | |
| ૬ | | | | | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૯ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૭ | ૮ | ૬ |
| ૮ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૯ | ૧ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૯ | ૫ | ૭ | ૩ |
| ૭ | ૯ | ૪ | ૩ | ૫ | ૮ | ૬ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૬ | ૧ | ૭ | ૨ | ૮ | ૪ | ૯ |
| ૬ | ૭ | ૯ | ૨ | ૧ | ૫ | ૪ | ૩ | ૮ |
| ૩ | ૪ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૫ |
| ૧ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૨ | ૬ | ૭ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECEPTION | સ્વાગત |
| RECEPTIVE | ગ્રહણશીલ |
| RECESS | વિશ્રાંતિ |
| RECESSION | મંદી |
| RECIPE | નુસખો |

**ગુજરાત મોરી મોરી રે:**
સમય વરતે તે સાવધાન

**ઓળખાણ પડી?**
દેવદાર

**માઈન્ડ ગેમ :**
જવેલીન થ્રો

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
તુચ્છ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) રશીક જુ થાણી - ટોરંટો - કેનેડા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) કુંદન કે. મારુ (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલિયા (૨૩) કમલ માતલિયા (૨૪) અરવિંદ કામદાર (૨૫) ડાયના સંતોકે (૨૬) ગિરીશ મિસ્ત્રી (૨૭) અલકા વાણી (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) ઈનાક્ષીબેન દલાલ (૩૫) રમેશભાઈ દલાલ (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) મહેશ દોશી (૪૧) પ્રવીણિ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) અબ્દુલા એફ. મુનીમ

## ૪. ધાર્મીક સંબંધી

### ભાગવત કથા

**વૈષ્ણવ ધર્મપ્રેમી ભાવિકોને સત્સંગનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ. પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે તા. ૨ થી ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન વિશ્વકર્મા એ. સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ) ખાતે સમદર્શન સેવા પરિવાર દ્વારા ફંડ રેઈઝિંગ પ્રોજેક્ટનું આયોજન, 250 અંધજનોની માનવસેવા તથા દહાણુના 3,000 આદિવાસી વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રોજેક્ટના લાભાર્થે [80G/ CSR AVAILABLE] ભાગવત કથા, પોથીજી પૂજન, વિષ્ણુસહસ્રનામ પ્રવચન, હવન, કુમારિકા પૂજન, આનંદના ગરબા, મુખ્ય, સહ-મુખ્ય યજમાન, પોથીજી, ઉત્સવ યજમાન નોંધણી સંપર્ક: ૯૩૨૪૨ ૫૦૮૫૦, ૯૦૭૬૩ ૦૮૧૧૭. (૧૩૦૫-જી)**

## ૫. અંગત

### ''મરણ નોંધ''- ''પ્રાર્થનાસભા'' - ''શ્રદ્ધાંજલી''

**''પબ્લીક નોટીસની'' જાહેરાતો ''Reasonable Rateથી'' ''ઘરબેઠા'' ''Whatsapp મોકલાવો'' - 9920694381. (૫૫૧/સી)**

## ૬. પરચુરણ

GOLDEN CHANCE TO GET Life Membership of Andheri Recreation Club - Modern, Well Equipped, Well Maintained. Next to Bhavan's College, Andheri West. Contact: 9820057703. (1344-A)

## ૯. લગ્ન સંબંધી

### ગુજરાતી

અપરિણિત, NRI, ડિવોર્સી, સ્પેશ્યલ કેસઃ યુવક - યુવતીઓ માટે મેટ્રિમોનિયલ ગ્રૂપ. 8655185667. (દહેજ નહીં). (૧૨૬૬-સી)

### વિલેપારલા સ્થિત

**જૈન સાધનસંપન્ન વેરી વેલસેટલ્ડ ફેમિલીના સ્માર્ટ હેન્ડસમ કુંવારા યુવક M. S. COMPUTER U.S.A. રીટર્ન જન્મ - 1997 ઉંચાઈ - 5'8'' માટે વેલસેટલ્ડ કન્યાના વડીલો સંપર્ક કરે. 9819201737. (દહેજ નહીં). (૧૩૨૫-એ)**

### સાધના શાહ

**વેસ્ટર્ન સબર્બ સ્થિત હાઈ નેટવર્થ સ્વતંત્ર બિઝનેસ ધરાવતા જૈન યુવક 1995/ 5'-8''/CFA માટે સમક્ષ પરિવારની જૈન/ વૈષ્ણવ યુવતીના વડીલ સંપર્ક: 7738654743. (દહેજ નહીં). (એસડીબી-૩૪૯૭)**

## ૧૦. મહિલાઓ માટે

### કાનનાં મોટા કાણાં

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૯૭૩)

### રાખડીઓનું ભવ્ય કલેકશન

મહાવીર (માય શોપી) સાંતાક્રુઝ (વે.)માં રાખડીઓનું ભવ્ય કલેકશન. ચાંદી, સુખડ, રૂદ્રાક્ષ, મોતી, સ્ટોન (A.D.), લુમ્બા ઉપરાંત નાના બાળકોના ફેવરેટ કાર્ટૂનની રાખડીઓમાં વિવિધ વેરાયટીઝ એકદમ વ્યાજબી ભાવે ઉપલબ્ધ. રક્ષાબંધન માટે લાડલી બહેનો માટે પૂજાની થાળીઓનું કલેકશન, તેમ જ ભાઈ તરફથી લાડલી બહેનોને ગીફ્ટ આપવા માટે કસ્ટમાઈઝ ગીફ્ટ હેમ્પર બનાવીને મળશે. તે ઉપરાંત સ્ટે. સ્ટીલ, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક તથા ગીફ્ટ નોવેલ્ટીઝ, કપડાં સૂકવવાના સ્ટેન્ડમાં ઘણી બધી વેરાયટીઝ. લેડર (સીડી), આયર્નીંગ બોર્ડ ઈત્યાદિ. મુંબઈમાં કોઈપણ એરિયામાં ફ્રી હોમ ડિલીવરી મળશે. સારી વસ્તુઓ ગેરંટી / વોરંટી સાથે. રાખડી માટે ગોવિંદભાઈ 9892563046 બીજી વસ્તુઓ માટે મુકેશભાઈ દેસાઈ 9820076401 મહાવીર માય શોપી, માચીસવાલા કંમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. (એસડીબી-૩૪૭૯)


## મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

### OMK TOURS

**મહારાષ્ટ્રના પાંચ જ્યોતિર્લિંગ પંઢરપુર અષ્ટવિનાયક શિરડી 06 સપ્ટેમ્બર કાશી વિશ્વનાથ રામ જન્મભૂમિ પ્રયાગરાજ હૈદરાબાદ શ્રીશૈલમ મલ્લિકાર્જુન 29 ઑગસ્ટ ઓમકારેશ્વર મહાકાલેશ્વર ઉજ્જૈન કોલકત્તા ગંગાસાગર જગન્નાથપુરી ચંપારણ વૈજયનાથ કામાખ્યા 21 સપ્ટેમ્બર સિક્કિમ ગંગટોક દાર્જિલિંગ ગુવાહાટી રામેશ્વર કન્યાકુમારી મદુરાઈ તિરુપતિ 21 ઑક્ટોબર 9270319140/ 8669662636. (એસડીબી-૩૪૯૨)**

### કોસબાડ દહાણુ

**કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટેઃ પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)**

## ૧૪. નોકરી ખાલી છે

### આવક વધારો

(વયઃ 25-65), પાર્ટ/ ફૂલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શનઃ- 9320132162/ 9920062154. (૧૩૦૨-એ)

### પ્યુન

**ફોર્ટ વિસ્તારમાં એક રેપ્યુટેડ બિલ્ડરની ઓફિસમાં જરૂરત છે. સંપર્ક ૮૮૨૮૮૬૯૯૯૮. (બી-૧૭૯૭૮)**

### WANTED

B.Sc and 12th Pass with Science Subjects for Lab and Back Office Candidate at Borivali Contact: 9870550891 / 9821322833. (1332-C)

### PURCHASE ASSISTANT

**For Electronic Equipment Manufacturing Co. at Lower Parel (West), with Minimum 5 years experience. Email Resume: hdg251940@gmail.com (SDB-3498)**

REQUIRED LADY FOR OFFice Clerical Work (Fresher). Person from Dombivali to Ghatkopar & Digha to Airoli / Pawne should apply. Meet Matangi Trading Corpn - 3 A/ B, Phalaj Kunj, Shivaji Path, Thane (W) - 400601. (B-18034)

## ૧૭. જગ્યા આપવી છે

### બ્રીચકેન્ડી - દેરાસર

2 BHK - 850' - 1 પાર્કિંગ - શાકાહારી સોસાયટી - તુરંત કબજો - ભાડું ₹ 1.75 લાખ. કરણ 9821231619. (૧૩૧૫-ઈ)

### બોરીવલી વેસ્ટ

**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રકશન 1.20 કરોડમાં તરત વેચાણમાં. કેતનભાઈ: 9137869496. (૧૩૦૩-ડી)**

### ટ્રેડિઅન્ટ જુહુ

**ગુલ્મ્હોર, ક્રોસ રોડ 12, જુહુમાં 1641 કાર્પેટ, રેડી પજેશનમાં, FULL FLOOR, (60,000/- પ્રતિ ચોરસ ફૂટ). વેચાણમાં. કેતનભાઈ: 9137869496. (૧૩૦૩-ઈ)**

### આમ્રપાલી ફોનિક્સ

**અકવેરિયા કલબ પાસે, બોરીવલી વેસ્ટમાં, 3 બેડરૂમના 1485', 1361 રેડી પજેશનમાં (45,000/- પ્રતિ ચોરસ ફૂટ). વેચાણમાં. કેતનભાઈ: 9137869496. (૧૩૦૩-એફ)**

### દેવલાલી

**ફક્ત 39 લાખમાં, ૨ બેડરૂમનાં ફ્લેટો, પઝેશન ટૂંક સમયમાં, મહારેરા રજીસ્ટર્ડ પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, જુજ ફ્લેટો બાકી. સોલ એજન્ટઃ પરેશ રાયચંદ ધરમસી - 9930803959, 9930106054. (૧૩૦૫-ઈ)**

### ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ

૬૦', ૯૦', વલ્લભબાગ, તિલક રોડ, નીલકંઠવેલી, ગારોડિયા ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ, ઓફિસ, તૈયાર, બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (એસડીબી-૩૪૭૪)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

### HEAVY DEPOSIT

**નાલાસોપારા (ઈસ્ટ): ''તુલીંજ રોડ'', રાધે ક્રિષ્ના હોટલની સામે, ૨ બેડરૂમ (લીફ્ટ નથી) 9 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો (ઓનર): 7666644727 (૧૩૨૮-એફ)**

### વિરાર

સચોટ માર્ગદર્શન, વ્યવહારમાં પારદર્શિતા, પ્રોપર્ટી ખરીદવા વેચવા. તેજસ એસોસિએટ્સ 8806349777. (બી-૧૮૦૦૦)

### દેવલાલીમાં ફ્લેટ વેચાણથી

**રેડી પઝેશન 'સૌભાગ્યનગર' લામરોડ કાર્પેટ એરિયા 2050' - બિલ્ટઅપ એરિયા 2550' સ્કવેર ફીટ, 3 બેડરૂમ + 1 ફેમિલી હોલ + 1 લિવિંગ રૂમ, 3 WC ફર્નિચર સાથે પાર્કિંગ. સંપર્ક માલિક 9822352825- 8975977454 પરાગ શાહ. (૧૩૧૪-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

### અંધેરી (પૂર્વ)

શેરે પંજાબઃ ઓનરશીપ 2 BHK 600' કાર્પેટ, લિફ્ટ, પાઈપ ગેસ, 24 કલાક સિક્યોરિટી, રોકાણ માટે આદર્શ, NO OC, 1.40 કરોડ, નેગ. 9820094585. (૧૩૩૭-સી)

### ઘાટકોપર (ઈસ્ટ)

**હમણાં નહિ તો ક્યારેય નહિ, પ્રાઈમ લોકેશન, MICL પ્રોજેક્ટ 3.5 બેડરૂમ, હોલ, કિચન- 1320' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ લેવીસ ફ્લેટ, 3.65 CR, 2 કાર પાર્કિંગ. HOME ALONE PROPERTY જુગ્નું શાહ- 9833352224. (૧૩૪૩-એ)**

### પારલા (વેસ્ટ)

2 બેડ ભાડેથી નવી બિલ્ડીંગ સ્ટેશન / દેરાસર પાસે અમિત - 7045622403. (બી-૧૮૦૨૫)

LONAVALA
TUNGARLI,
PRIME LOCATION
5 BHK
READY POSSESSION
INDEPENDENT BUNGALOW
BEST GATED COMPLEX
Magnificent Hill View,
Club House,
Swimming pool,
Land Scape Garden,
Gym, Cafeteria,
Tight Security.
4.50cr Negotiable
Cont: Shraddha
98335 33806
(B-18012)

### કાંદિવલીમાં - બોરીવલીમાં - દહીસરમાં

**મોકાના ફ્લેટો લેવા / વેચવા - ભાડેથી ''શ્રીજી'' - 9820045571 / 9653185938 (ઇન્વેસ્ટર આવકાર્ય). (જેપી/૪૫૭૩-ડી)**

### માટુંગા

ડોન બોસ્કો બે બેડરૂમ સાડા ત્રણ કરોડ નવા તૈયાર મકાન ત્રણ લિફ્ટ કાર્પેટ ૭૦૦ માટુંગા ભાવ પચાસ હજાર. વિનોદ 9892980593. (બી-૧૮૦૨૨)

### સાયનઃ જૈન સોસાયટી

રો હાઉસ ગ્રાઉન્ડ ૧ માળ. ગાર્ડન વ્યૂ: 2200: ૪ બેડરૂમ 1200'+ વરંડા 160'+ 600' ટેરેસ, પાર્કિંગ- દેરાસર પાસે- ફર્નિશ્ડ.: 4.11 કરોડ. ઓનર કમલેશ દોશીઃ 9820588840. (૧૩૩૭-એ)

### કિંગ્સ સર્કલઃ કર્મક્ષેત્રઃ

ઉપરનો માળઃ ફર્નિશ્ડ 2 BHK + સ્ટડી/ પૂજા રૂમઃ ૩ બાથરૂમ ૮૫૦' કાર્પેટઃ રિઝર્વ્ડ પાર્કિંગ. ભાડું 1.30 લાખ. 9773033507. (૧૩૩૭-ડી)

### REDEVELOPMENT ગયેલા

**બિલ્ડીંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૧૩૩૬-એ)**

MALAD WEST
NEAR RAILWAY STATION,
OPP. JAIN DERASAR
READY POSSESSION WITH OC
1 BHK 1.20 Cr
2 BHK 1.70 Cr
WITH ALL MODERN AMENITIES
FULL PACKAGE
9821291100
7506953114
(B-17965)

### પ્રીમીયમ કોમ્પલેક્ષ

**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

### ઘાટકોપર (ઈસ્ટ)

**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કારપેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વૉશિંગ મશીન, એકઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એકવાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતાઃ ૯૩૨૩૮૭૧૯૩૩. (૧૨૬૬-એફ)**

### ઘાટકોપર (ઈસ્ટ)

વેચાણથી તિલક રોડ, નવા બિલ્ડીંગમાં ૧ બેડરૂમ, હોલ, કિચન-425' કારપેટ, જોડી શક્ય, હાયર ફ્લોર, 1.42 CR નેગોશીએબલ. સંપર્ક - 9833807018, 9833042043. (૧૩૩૦-એ)

### સાઉથ મુંબઈ

૧ થી ૪ બેડરૂમના ફ્લેટ તથા ઓફિસ / લેવા / વેચવા / ભાડેથી, આપના બજેટ મુજબ કિરણ શાહ - 9820085979. (બી-૧૮૦૦૫)

### ખાર (વેસ્ટ)

લક્ષ્મીનગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૦૦૩)

## ૧૭. જગ્યા આપવી છે

### RAHEJA BORIVALI

ભાડેથી - 1 BHK, સેમી ફર્નિશ્ડ, રેડી પઝેશન, Raheja Estate, 32,000/ 100,000 Ram Raheja - 9821438220. (૫૫૨/બી)

### માહિમ / પ્રભાદેવી / વર્લી

ફ્લેટો, ઓફિસ, ગોડાઉન, દુકાન, લેવા-વેચવા, મળો ''જીતુભાઈ'' 9869322453. (૧૩૦૮-એ)

### પાર્લા (પૂર્વ)

૨ બેડરૂમનો ફ્લેટ એરીયા ૭૫૦' કારપેટ, સેમી ફર્નિશ્ડ, લિફ્ટ, પાર્કિંગ, ભાડું રૂ. ૯૦,૦૦૦/- ૧ કલાકની નોટિસમાં જોવા મળી શકશે. રેડી પઝેશન. ફોનઃ- ''વેદાંત પટેલ'' ૯૬૧૯૬૯૩૦૯૦. (બી-૧૭૯૮૭)

### મલબાર હિલ

2 BHK: તુરંત કબજોઃ 1080' - પાર્કિંગ - સારા હવા - ઉજાસ ભાડું ₹ 2.50 લાખ. કરણ 9821231619. (૧૩૧૫-સી)

### લોઅર પરેલ - લોટસ એમ્પાયર

3 BHK: - 1600' - હાયર ફ્લોર - વેલ ફર્નિશ્ડ - 2 પાર્કિંગ - ભાડું 3.50 લાખ - તૈયાર કબજો. કરણ 9821231619. (૧૩૧૫-ડી)

### સોફિયા લેન

1 BHK 400' - હવા-ઉજાસ - સારી બિલ્ડિંગ - 1 પાર્કિંગ - 3 કરોડ. કરણ 9821231619. (૧૩૧૫-એફ)

### નેપિયનસી - દેરાસર

૨/૩ BHK ફર્નિશ્ડ - ૧૨૦૦'/૧૫૦૦' - પાર્કિંગ - ભાડું ૨.૭૫ લાખ. તુરંત કબજો. કરણ 9821231619. (૧૩૧૫-એ)

**■ ઉપલબ્ધ TDR 20,000 - 1,00,000 ચો. ફૂટ @ 650/- નાયગાંવ - વિરાર. 9867447391, 9867447374. (૧૩૪૫-એ)**

### પાર્લા (વેસ્ટ)

3 બેડરૂમ, ફર્નિશ્ડ, 1400 કાર્પેટ ભાડેથી આપવાનો છે એજન્ટઃ 8850666935. (એસડીબી-૩૪૯૬)

### ફ્લેટ વેચાણથી

1 બેડરૂમ 440' કારપેટ - રેડી પઝેશન, 2 બેડરૂમ 725' કારપેટ Woth OC - (1 બેડ - 2 બેડ માસ્ટર બેડરૂમ) કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, એસવી રોડ ટચ Swastik House બિલ્ડર સાઈટ - 9820866563. (જેપી/૪૫૭૭-એ)

### જુહુ

3 બેડરૂમ (1225'/ 1250'/ 1535') 4 બેડરૂમ (1775'/ 2100'/ 2200'/ 2500') ફ્લેટો એમેનિટીસ સાથે વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૧૩૪૬-સી)

### જુહુ

3 બેડરૂમ (1100 કાર્પેટ) ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, ઈલેક્ટ્રોનિક્સ સાથે ભાડે આપવાનો છે. એજન્ટઃ 8850666935. (એસડીબી-૩૪૯૫)

### વિલેપાર્લે (વેસ્ટ)

3 બેડરૂમ વેચાણથી, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, નવું બિલ્ડીંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ-વેસ્ટ ઓપન. સંપર્કઃ 9324512690 / 9821165431. (બી-૧૮૦૩૦)

### દાદર (વેસ્ટ)

૩ બેડરૂમનો ફ્લેટ ૧૩૧૫' કારપેટ, પોલીસ સ્ટેશન પાસે, હાયર ફ્લોર, ૩ પાર્કિંગ, જીમ, બેન્કવેટ હોલ, જોગીંગ / વોકીંગ ટ્રેક, ૫.૬૫ કરોડ. સંપર્કઃ- ''મીતી'' 8928904238. (બી-૧૮૦૩૨)

### બાન્દ્રા (વેસ્ટ)

ટર્નર રોડ, લીવલાયસન્સ ૩ BHK, ૨ બાથ, પાર્કિંગ નથી, ભાડું ૧,૪૫,૦૦૦/=, ૨ BHK ફર્નિશ્ડ, ૧,૧૦,૦૦૦/= તુરંત કબજો. સંપર્કઃ ૯૮૨૦૨ ૯૬૬૯૩. 'કટારીયા' એજન્ટસ. (બી-૧૮૦૩૫)

### બોરીવલી (ઈસ્ટ)

સ્ટેશન નજીક, નવા બાંધકામમાં 1/2/3.5 બેડ હોલ કિચન, Full IOD/ CC સાથે, 21 ફ્લોરના બિલ્ડિંગમાં 0% બ્રોકરેજ, ડાયરેક્ટ બિલ્ડર પાસેથી, "Sample Flat" જોવા સંપર્કઃ વિરાગ ઘરોડ - 8080145045/ 7070965659. Maharera No. PR1180002500660. (૧૩૪૮-એ)

ANDHERI (W)
Off Veera Desai Rd
2 BHK for Sale
- Near Andheri Sports Complex
- 640' + 100' Mofa cpt
- 6th Flr - Semifurn
- 1 Parking - With OC

JAGDISH PAREKH
79 77 355 123
(1313-A)

### દેવલાલી

**વેચાણથી. ખેતીની જમીન, 60 ગુન્ટા, છીન્નર ગોટી તથા સમૃદ્ધિ હાઈવે નજીક તથા NA પ્લોટ મળશે. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-એ)**

### દેવલાલી

**વેચાણથી. 3 બેડરૂમ, હોલ, કિચન- 900' + 300' + પર્સનલ ટેરેશ - 600 કારપેટ, લીફ્ટવાળા બિલ્ડિંગમાં. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-બી)**

### દેવલાલી

**વેચાણથી. દેરાસરની બાજુમાં, 2 બેડરૂમ, હોલ, કિચન, 1024' કારપેટ, ગ્રાઉન્ડ ફલોર. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-સી)**

### દેવલાલી

**વેચાણથી. દેરાસર સામે, 3 બેડરૂમનો બંગલો, 1550'. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-ડી)**

## ૧૭. જગ્યા આપવી છે

### ઘાટકોપર (ઈસ્ટ)

**વેચાણથી. M. G. ROAD, ગાંધી માર્કેટ - હવેલી નજીક, ૧ બેડરૂમ, હોલ, કિચન - 360' ફુલ્લી ફર્નિશ્ડ, AC, TV, ફ્રીઝ બધું નવું, લીફ્ટ, રેડી કબજો. લલિત મહેતા - 9323191622, 9819098468. (૧૩૪૭-ઈ)**

### ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૩૪૭-જી)

### બંગલો

**કાંદિવલી 2000' Ground +1, Plot 151 મીટર ચારકોપ વેચાણથી. અરજન્ટ લેવા. દીનેશ - 9320202779. (એસડીબી-૩૫૦૪)**

### LODHA PARK

Allura / Marquees / Parkside. 2 BHK & 3 BHK Sale / Rent. Many more proposals. Contact Shradha 9920655056 / 9821036552 (SFRC). (1324-A)

### BORIVALI WEST

Near Poisar Gymkhana, Newly Renovated 2 Bedroom 696' sqft Builtup + 1 Parking, fully furnished for Sale. Vijay Realtors: 9224214227 / 9594404050. (1320-A)

### KANDIVALI EAST

**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

### ANDHERI PARK ALTEZA

**Upper Juhu D. N. Nagar 3 BHK 1100' sqft ready to move in spacious flat price (4,65,00,000/-). Parth: 98205 25127. (SDB-3475)**

### BANDRA / KHAR / SANTACRUZ

3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-18033)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

### વસઈ - કામણ

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
રુષભ ઉપાધ્યાય
9049625073
હિતેષ ઉપાધ્યાય
9326470109
(એસડીબી-૩૪૫૦)

### INDUSTRIAL

NA Lands and Industrial Sheds Available on Sale / Rent at Umbergaon, Sarigaon, Vapi from 5000 to 1 Lac sqft. Rajesh - 9898530747. (554/A)

## ૨૦. ધંધાદારી જગ્યા

### બુમરેંગ

**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 3100, 3856 બિલ્ટઅપ, ફુલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૦૩-એ)**

### બુમરેંગ

**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 4729 બિલ્ટઅપ, ફુલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાં: 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૦૩-બી)**

### માનસ રેસીડેન્સી

**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 150/-, વેચાણમાં: 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૦૩-સી)**

### બોરીવલી (વેસ્ટ)

**યોગીનગર અને એક્સર રોડના જંકશને જુના ભાડાની જગ્યા - 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 68,00,000/-) 7666644727. (૧૩૨૮-ઈ)**

### ઘાટકોપર (ઈસ્ટ)

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

### PRELEASED જોઈએ

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા, BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ. સોદાની ખાત્રી. (બજેટ 5 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૩૩૬-સી)**

### નેપયન્સી રોડ

780' કોમર્શિયલ જગ્યા 3,00,000 ભાડે. યોગા, PILATES, ક્લિનિક યોગ્ય. સંપર્ક 9819569698. (૧૩૪૬-એફ)

## ૨૦. ધંધાદારી જગ્યા

### મસ્જિદ બંદર

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા-વેચવા/ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૩૩૦-સી)

### FURNISHED OFFICE

**વેચાણથી/ લીઝથી ઓફિસ ઉપલબ્ધ. બોરીવલી (વેસ્ટ) લીંક રોડ - "TECHNO PARK" - ઓફિસ - 600' - 900' (SURFACE PARKING) તેમજ અન્ય આકર્ષક પ્રપોઝલો સ્ટેશન પાસે પણ. "D. S. REALTY": 7666644727. (૧૩૨૨-સી)**

### વિલેપાર્લે (ઈસ્ટમાં)

સ્ટેશનની નજીક પાર્લે ઈન્ટરનેશનલ હોટલની સામે શોપ-245', અગ્રવાલ માર્કેટ, શ્યામકમલ બિલ્ડિંગમાં આઉટરાઈટથી આપવાનો:- 9819445558. (૧૩૩૨-ઈ)

SANTACRUZ (W)
S.V. ROAD
PRE LEASED
PROPERTY FOR SALE
ROI: 6 %
TENANT:
A+ GARMENT RETAILER,
BASEMENT OFFICE,
COMMERCIAL PASS
WITH OC.
CARPET AREA: 1900.
ASKING 6.25 CR
NEGOTIABLE
SHRADDHA SINGH
98335 33806
(B-18011)

### કાંદિવલી (વેસ્ટ)

''મોદી આરકેડ'' સ્ટેશન તથા એસ. વી. રોડથી ફક્ત એક મિનિટ, નવા બંધાતા કમર્શિયલ બિલ્ડિંગમાં 238 થી 744 Sqft ની ઓફિસો પાર્કિંગ સાથે જોવા તથા નોંધાવા આજે જ સંપર્ક કરો ''કલ્પેશભાઈ'' 9821307161. (જેપી/ ૪૫૭૩-સી)

### વિલેપાર્લે (વેસ્ટ)

વેચાણથી બજાજ રોડ પર, કોમર્શિયલ ઓફિસ 1લો માળ, કાર્પેટ 1000 ચો. ફૂટ (2) ગ્રાઉન્ડ ફ્લોર - શોપ - કાર્પેટ 475 ચો. ફૂટ. સંપર્કઃ 9324512690 / 9821165431. (બી-૧૮૦૩૧)

### દુકાન / શોરૂમ

મસ્જિદ (વેસ્ટ), કાજી સૈયદ સ્ટ્રીટ, એરિયા - ૬૦૦ + ૬૦૦ (૧૨૦૦) ઓનરશીપ રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - ફોન - 9820253026. (એસડીબીજી-૩૫૦૧)

### ઓફિસ/ ગોદામ/ દુકાન

સેમ્યુઅલ સ્ટ્રીટ - કાજી સૈયદ સ્ટ્રીટ - નરશીનાથા સ્ટ્રીટ - નાગદેવી સ્ટ્રીટ. નાની મોટી જગ્યાઓ - ગ્રાઉન્ડ ફ્લોર / ૧લે માળે લેવા વેચવા મળો મહેશ શાહ - ફોન 9820253026. (એસડીબીજી-૩૫૦૦)

### દુકાન- ભાડેથી

મહાવીર નગર કાંદીવલી વેસ્ટ, 180'ની દુકાન ભાડેથી 17000/- નીગોશિયેબલ MG Realtors 9867441569 - 8104289360 - 9820964062. (જેપી/ ૪૫૭૬-સી)

### મઝગાંવમાં પ્રાઈમ કોમર્શિયલ

જગ્યા વેચવાની છે. ૧૨૧૦ ચોરસ ફૂટ કાર્પેટ એરીયા, ગ્રાઉન્ડ ફ્લોર. GST ભવનની બાજુમાં, કોર્ટની સામે. ડોક્ટર્સ હબ અને ક્લિનિક્સ, લૉ ફર્મ્સ, બેંકો, NBFCs અને બેક ઓફિસો માટે ઉત્તમ. ૨ કાર અને ૪ બાઈક માટે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ. ઉત્તમ કનેક્ટિવિટી (સેન્ટ્રલ/હાર્બર લાઈન, ફ્રી-વે, અટલ સેતુ). સંપર્ક કરોઃ જીતુભાઈ - 9821041515, ફિરોઝભાઈ - 9821587539. (એસડીબીજી-૩૫૦૫)

### જોગેશ્વરી ઈસ્ટ

સ્ટેશન પાસે 700'+700' માળિયાવાળું ઈન્ડસ્ટ્રીઅલ ગાળો + વોશરૂમ - 2.50 કરોડ. 9819569698. (૧૩૪૬-એફ)

### આર્કિટેક્ટ ઓફિસ

જોઈએ 500' - 700' ઓફિસ રેસિડેન્સી લોઅર પરેલ ઈસ્ટ, પરેલ, દાદર પારસી કોલોની 1,00,000 ભાડે. 9819569698. (૧૩૪૬-એફ)

### VILEPARLE (E)

Office of 450 sq.ft. on Gr. Floor in O.C. received Building on Rambhau Barve Marg with Attached / Separate Basement of area 1100 sq.ft. along with 2 Parking facility for Sale / Rent. Contact - 9320075559 / 9076311900. (1333-C)

### OFFICE - ANDHERI - PARLA

Office for Sell 1200' - 2500' - 3000' - 3500' - 4000' Ready Possession + 3 to 6 Parking's. 9820442089. (1346-A)

### "CHEMBUR / GHATKOPAR"

**Available on L/L Fully Furnished Commercial Premises 650' at Pestom Sagar Near Amar Mahal - Suitable for Office / Beauty Parlour / Spa / Clinic / Classes / Cloud Kitchen, etc. "Kotak" 9821054415 / 9004457259. (SDBG-3503)**

### CHURCHGATE

**One Office for Sale Carpet 230. Rate 60K Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18029)**

# લદાખમાં ઉકળતો ચરુઃ કેન્દ્ર સાથે વાંકું પડ્યું છે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ કેન્દ્ર સરકાર અને લદાખ વચ્ચે લાંબા સમયથી ઊભી થયેલી મડાગાંઠ વચ્ચે આ ક્ષેત્રમાં નવેસરથી અસંતોષ વધુ ઘેરો બન્યો છે. લેહ એપેક્સ બૉડી અને કારગિલ ડેમોક્રેટિક અલાયન્સે કેન્દ્ર સરકાર સમક્ષ ચૂંટાયેલી વિધાનસભા, બંધારણીય સુરક્ષા અને સ્થાનિક વહીવટીતંત્રને વધુ સત્તા આપવાની માગણીને હવે સ્પષ્ટ રીતે પ્રાથમિકતા આપી છે. વર્ષ ૨૦૧૯માં લદાખને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવામાં આવ્યા બાદ તેને રાજ્યનો દરજ્જો આપવાની અને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માગણી આંદોલનનો મુખ્ય આધાર રહી છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાયેલી બેઠકમાં કેન્દ્ર સરકારે લદાખને રાજ્યનો દરજ્જો આપવાની અને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માગણી નહોતી સ્વીકારી અને વૈકલ્પિક વહીવટી વ્યવસ્થાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેને લદાખના પ્રતિનિધિઓએ નકારી કાઢ્યો હતો. ■

## ૨૩. મનોરંજન

### બજેટથી પ્રાર્થનાસભા

જન્માષ્ટમી- ગણપતિ ભજન સંધ્યા, પર્યુષણ સાંજી, લગ્નગીત, સંગીત સંધ્યા, ANNIVERSARY. મનસુખભાઈ- 9326801860. (૧૩૩૬-જી)

### પ્રાર્થના - 4500/-

ગણપતિ, નવરાત્રી દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલીયાઃ- 9820889938. (૧૩૧૮-ઈ)

## ૩૧. નાણાંકીય

### 'લોન' સંબંધી માર્ગદર્શન

EMI SAMBEKAI'S - Systematic - Investment & Credit Strategy (SICS) પદ્ધતીથી તમારી નવી અથવા હાલની ''હોમ લોન'' / 'LAP'ને લગભગ ખર્ચમુક્ત, તણાવમુક્ત અને સંપતી નિર્માણમાં મદદરૂપ કેવી રીતે બની શકે, તેનું માર્ગદર્શન 'ફ્રીમાં' મેળવવા સંપર્કઃ 9821799535. (બી-૧૮૦૩૬)

## ૩૨. જમીન-મિલકત

■ બોહરા બજાર - ફોર્ટ મકાન પાંચ માલા ૨જો માલો ખાલી. દુકાન ભોંયતળિયે - ટોઈલેટ સાથે ૪૫૦ ફૂટ - ઊંચાઈ ૨૦ ફૂટ મોબાઈલ 8425844327. (૩૫૯)

### જૂના મકાનો -

ભાડુત સાથે / વગર પ્રોપર મુંબઈમાં વેચનાર પાર્ટી સંપર્ક કરે - મહેશ શાહ - ફોન - 98202 53026. (એસડીબીજી-૩૪૯૯)

## ૩૩. ધંધાદારી

### હોમ મેડ મીઠાઈઓ

માવા, ડ્રાયફ્રૂટ શુદ્ધ ઘીની મુંબઈમાં મંગાવોઃ 9274793095 / 9427577771. (૧૩૨૬-ઈ)

### સાગર એંટરપ્રાઈઝ

OVERHEAD ટાંકી ગ્રાઉન્ડ ટેરેસની સફાઈ કરી આપીશું. સંપર્કઃ 9016658683. (૧૩૨૮-એ)

### LABEL/ STICKER

**ફરસાણ, વાસણ, કાપડ તેમજ અલગ હેતુ માટે સ્ટીકર/ લેબલ બનાવી આપીશું. ચાદવઃ 9326141649, શિવાની: 8104047320. (૧૩૨૮-સી)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

### HEART HIDDEN SECRETS

**રેકી માસ્ટર / ટેરોટ કાર્ડ / ફેસ ઓરા & એનર્જી રીડર / ન્યુમરોલોજી પ્રેમ પૈસા પરિવાર સંબંધો કારકિર્દી નજરદોષ નકારાત્મક ઊર્જા એનર્જી બેલેન્સ હાર્ટ હિલીંગ. કોલ - 9833454753. (જેપી ૪૫૭૩-બી)**

### * શ્રી ચામુંડા જ્યોતિષ *

**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). (બી-૧૭૯૯૭)**

## ૫૨. કુરીઅર્સ

### મનસ્વી પાર્સલ

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

### દુનિયાભરમાં પાર્સલ

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૯૯૨)

# ભારતને મેઘરાજા અને નીચલા ક્રમના બૅટ્સમેનોએ કર્યા પરેશાન

## માનવ-ક્રિષ્નાની ત્રણ-ત્રણ વિકેટ: શ્રીલંકાને ફૉલો-ઑનથી બચવા હજી ૩૯ રનની જરૂર

કોલંબો: બે ટેસ્ટની સિરીઝમાં ૧-૦થી અપરાજિત સરસાઈ ધરાવનાર ભારત સામે શ્રીલંકાએ બીજી અને અંતિમ ટેસ્ટમાં ગઈ કાલે પ્રથમ દાવમાં વહેલી પૂરી થયેલી રમતના અંત સુધીમાં આઠ વિકેટે ૨૬૫ રન બનાવ્યા હતા. ફૉલો-ઑનથી બચવા શ્રીલંકાએ આજના ચોથા દિવસે બીજા ૩૯ રન બનાવવા પડશે એ સ્થિતિમાં ભારતનો હાથ ઉપર છે, પરંતુ મંગળવારે ભારતીય ખેલાડીઓએ બે રીતે પરેશાન તો થવું જ પડ્યું હતું. ભારતથી શ્રીલંકા હજી બીજા કુલ ૨૩૮ રન પાછળ હતું. આજે સવારે ૯.૪૫ વાગ્યે રમત શરૂ કરાશે એવી ગઈ કાલે સાંજે કોલંબોમાં ચર્ચા હતી.

શ્રીલંકાના ખાસ કરીને સાતમા, નવમા અને દસમા ક્રમના બૅટ્સમેનોએ ભારતીય બોલર્સને હંફાવ્યા હતા. અધૂરામાં પૂરું, મેઘરાજાએ પણ બન્ને ટીમને પરેશાન કરવામાં કંઈ બાકી નહોતું રાખ્યું. વરસાદ તથા બૅડ લાઇટને કારણે





કુલ મળીને એક કલાક કરતાં પણ વધુ સમય બગડ્યો હતો. આ રમત ગઈ કાલે સાંજે ૬.૧૩ વાગ્યા સુધી ચાલુ રાખવાની હતી, પણ ખરાબ હવામાનને લીધે અમ્પાયરોએ રમત સંકેલી લેવી પડી હતી.

### કયા બૅટ્સમેન કેટલા બૉલ રમ્યા?

ભારતના પ્રથમ દાવના ૯/૫૩૦ ડિક્લેર્ડના જવાબમાં શ્રીલંકાએ માત્ર ૧૩૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી, પરંતુ પછીથી નીચલા ક્રમના બૅટ્સમેનોની લડતને લીધે રમતને અંતે સ્કોર ૮/૨૬૫ સુધી પહોંચ્યો હતો. નીચલા ક્રમના ત્રણ બૅટ્સમેન ૫૦ કે ૫૦થી વધુ બૉલ રમ્યા હતા. એમાં સાતમા નંબરના સોનાલ દિનુશા (૮૫ નૉટઆઉટ, ૧૩૭ બૉલ, બે છગ્ગા, છ ચોગ્ગા), નવમા નંબરના કેશારા નુવાન્થા (૧૮ રન, ૭૪ બૉલ, એક છગ્ગો, બે ચોગ્ગા) અને દસમા નંબરના લાહિરુ કુમારા (આઠ નૉટઆઉટ, ૫૦ બૉલ, એક ચોગ્ગો)નો સમાવેશ હતો. એ પહેલાં, ચોથા નંબરના પસિન્દુ સૂર્યાબંડારા (૮૦ રન, ૧૩૩ બૉલ, નવ ચોગ્ગા)એ ભારતીય બોલર્સને હંફાવ્યા હતા અને ફીલ્ડર્સને દોડાવ્યા હતા. જોકે બ્રેકથ્રુ અપાવીને લાંબી ભાગીદારી તોડાવવામાં ચપળ રવીન્દ્ર જાડેજાએ સૂર્યાબંડારાને ક્લીન બોલ્ડ કરીને કરીઅરની પ્રથમ સેન્ચુરીથી વંચિત રાખી દીધો હતો.

સ્પિનર માનવ સુથારે ૮૩ રનમાં ત્રણ તથા પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ બૅટ્સમેનો સામે વારંવાર શૉર્ટ બૉલ ફેંકતા રહીને ૪૭ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. જાડેજાની ૧૯.૪ ઓવરમાં ચાર મેઇડન હતી અને તેણે ૪૫ રનમાં એક મૂલ્યવાન વિકેટ લીધી હતી. મોહમ્મદ સિરાજે ૩૩ રનમાં એક વિકેટ મેળવી હતી. નવા ઑફ-સ્પિનર સારાંશ જૈનને ૫૧ રનમાં વિકેટ નથી મળી. ■

# શ્રીલંકામાં સારું રમ્યા, પણ ન્યૂ ઝીલૅન્ડમાં જીતવું બહુ મોટો પડકાર: દ્રવિડ

## ‘વિરાટ, રોહિત, પુજારા, રહાણે જેવા અનુભવીઓની ખોટ તો વર્તાશે જ’

મુંબઈ: ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન, ભૂતપૂર્વ હેડ-કોચ અને ‘ધ વૉલ’ તરીકે વિશ્વ વિખ્યાત રાહુલ દ્રવિડનું કહેવું છે કે ‘ભારતીય ટીમ શ્રીલંકાની ટેસ્ટ-સિરીઝમાં સારું રમી રહી છે, પરંતુ ઑક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડની ધરતી પર વિરાટ કોહલી, રોહિત શર્મા, ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણે જેવા અનુભવીઓની ગેરહાજરીમાં રમવું અને જીતવું ટીમ ઇન્ડિયા માટે બહુ મોટો પડકાર બની જશે.’

આ ચારેય દિગ્ગજમાં વિરાટ-રોહિત હવે માત્ર વન-ડે રમે છે, જ્યારે પુજારા-રહાણે નિવૃત્ત થઈ ગયા છે. ભારતની ટેસ્ટ ટીમ ઑક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડમાં બે ટેસ્ટની શ્રેણી રમશે. દ્રવિડે એક જાણીતી ઍપને મુલાકાતમાં કહ્યું, ‘ન્યૂ ઝીલૅન્ડમાં કિવીઓ સામે રમવું હંમેશાં મોટી ચૅલેન્જ બની જતી હોય છે. ભારતની વર્તમાન ટેસ્ટ ટીમના ઘણા યુવાન ખેલાડીઓ ન્યૂ ઝીલૅન્ડમાં હોય છે એવી પરિસ્થિતિમાં ક્યારેય નથી રમ્યા એટલે ભારત માટે એ ટૂર મોટો પડકાર બની જશે.’

દ્રવિડનું એવું પણ કહેવું છે કે આગામી જાન્યુઆરીમાં ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ ભારતમાં પાંચ મૅચની બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ સિરીઝ રમવા અત્યારથી જ ઉત્સુક હશે.

વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારત હાલમાં બાંગ્લાદેશથી પણ પાછળ (છઠ્ઠા) નંબરે છે. દ્રવિડે કહ્યું, ‘ભારત ડબ્લ્યૂટીસીમાં બે વખત ફાઇનલ સુધી પહોંચ્યું છે, પરંતુ આ વખતે રેસમાં ધાર્યા કરતાં થોડું પાછળ છે. ભારતીયોએ ઑક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડને હરાવવું જ પડશે. જોકે તેમની ધરતી પર જીતવું જરાય આસાન નથી.’ ■

# શ્રીલંકન ખેલાડીએ બૅટ ફટકારીને બાઉન્ડરી લાઇનને નુકસાન કર્યું એટલે મૅચ રેફરીનો ઠપકો મળ્યો



કોલંબો: અહીં ભારત અને શ્રીલંકા વચ્ચે રમાતી બીજી અને અંતિમ ટેસ્ટમાં મૅચ રેફરીનું કામ ક્રિકેટ સિવાયના અન્ય કારણ બાબતમાં વધી ગયું છે, કારણકે આ ટેસ્ટમાં તેમણે ખેલાડીઓને ઠપકો આપવો પડ્યો હોય કે દંડ કર્યો હોય એવો બીજો બનાવ બન્યો છે અને તેમણે કુલ ત્રણ ખેલાડી સામે પગલાં ભરવા પડ્યા છે જેમાં શ્રીલંકાના સ્પિનર પ્રભાત જયસૂર્યાનો કિસ્સો લેટેસ્ટ છે.

જયસૂર્યાને સોમવારના બીજા દિવસે સ્પિનર માનવ સુથારના બૉલમાં અમ્પાયરે એલબીડબ્લ્યૂની અપીલમાં આઉટ આપ્યા બાદ પાછા જતી વખતે જયસૂર્યાએ બૅટ બાઉન્ડરી લાઇન પર ફટકારીને એને નુકસાન પહોંચાડ્યું હતું તેમ જ ડ્રેસિંગ રૂમમાં જઈને ગ્લવ્ઝ ફેંકીને ગુસ્સો કાઢ્યો હતો.

મૅચ રેફરી ઍન્ડી પાયક્રોફ્ટે આઇસીસીની આચારસંહિતાની કલમ ૨.૨ અનુસાર જોરદાર ઠપકો આપ્યો હતો. છેલ્લા ૨૪ મહિનામાં તેની આ પહેલી હરકત હતી એટલે માત્ર ઠપકો આપીને છોડી દેવામાં આવ્યો છે.

### માંજરેકરે શ્રીલંકનોને વખોડ્યા

શ્રીલંકાએ સોમવારના બીજા દિવસના અંત સુધીમાં બે વિકેટે આઠ રન કર્યા હતા. બન્યું એવું કે શ્રીલંકાના બંને બૅટ્સમેનની બૅડ લાઇટનું કારણ આપીને રમત ચાલુ રાખવાની ઈચ્છા નહોતી. માંજરેકરે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે ‘સૂર્યનો પ્રકાશ રમવા માટે પૂરતો હતો અને બૉલ પણ બરાબર દેખાતો હતો એટલે અમ્પાયરે રમત ચાલુ રાખી હતી અને તેમની સાથે દલીલ કરવામાં જ શ્રીલંકાના બન્ને બૅટ્સમેનોએ રમવા પરથી એકાગ્રતા ગુમાવી હતી અને થોડી જ વારમાં સ્પિનર માનવ સુથારે પ્રભાત જયસૂર્યાની એલબીડબલ્યૂમાં વિકેટ લીધી હતી. સામાન્ય રીતે બૅડ લાઈટના કિસ્સામાં ખુદ અમ્પાયર જ બૅટ્સમેનોને વિકલ્પ આપતા હોય છે કે રમત ચાલુ રાખવી કે નથી રાખવી? કોલંબો ટેસ્ટના કિસ્સામાં પ્રકાશ નબળો નહોતો એટલે અમ્પાયરે રમત ચાલુ રાખી હતી.’

### શ્રીલંકનોએ પોતે જ એકાગ્રતા ગુમાવી

બેમાંથી એક અમ્પાયર અહેસાન રઝા પાકિસ્તાનના અને બીજા અમ્પાયર સરફુદૌલા બાંગ્લાદેશના હતા. માંજરેકરે મુલાકાતમાં કહ્યું છે કે ‘શ્રીલંકાના બૅટ્સમેનોએ પોતે જ રમત પરથી ફોકસ ગુમાવ્યું હતું અને એવામાં નાઈટ વૉચમૅન પ્રભાત જયસૂર્યા વિકેટ ગુમાવી બેઠો હતો. સ્પિનર માનવ સુથાર તેના બેસ્ટ ફોર્મમાં છેજેણે જયસૂર્યાને જાળમાં ફસાવીને આઉટ કરી દીધો હતો’ સોમવારે પાયક્રોફ્ટે રવિવારની રમત દરમ્યાન ગુસ્સામાં સામસામે આવી ગયેલા યશસ્વી જયસ્વાલ અને અસિથા ફર્નાન્ડોને પચીસ-પચીસ ટકા મૅચ ફીનો દંડ ફટકાર્યો હતો. ■

# ચહલ દિલ્હીની ફેમસ ક્રિકેટર બિધુરીની ઍક્ટિંગ કરીને ફરી ચર્ચામાં આવી ગયો!

મૅન્ચેસ્ટર: ભારતીય ક્રિકેટમાં ઘણા મહિનાઓથી સ્પિનર યુઝવેન્દ્ર ચહલ ચર્ચામાં નથી, પણ દિલ્હીની નવયુવાન સ્પિન-ઑલરાઉન્ડર મેધાવી બિધુરી જરૂર ચર્ચાસ્પદ છે અને બન્યું એવું કે ચહલે ઇંગ્લૅન્ડની કાઉન્ટીમાં બિધુરીની સ્ટાઇલ કરી એ સાથે તે સોશ્યલ મીડિયામાં ફરી વાઇરલ થઈ ગયો છે.

ચહલ ઇંગ્લિશ કાઉન્ટીમાં નૉર્ધમ્પ્ટનશર ક્લબની ટીમ વતી રમી રહ્યો છે. મૅન્ચેસ્ટરમાં ઑલ્ડ ટ્રૅફર્ડના મેદાન પર રવિવારે પૂરી થયેલી એક મૅચમાં ચહલે બન્ને દાવમાં સારું પર્ફોર્મ કર્યું હતું જેની મદદથી નૉર્ધમ્પ્ટનશરની ટીમે લૅન્કેશર સામે ૩૧૬ રનથી વિજય મેળવ્યો હતો.



ચહલે પ્રથમ દાવમાં બે વિકેટ અને બીજા દાવમાં એક વિકેટ મેળવી હતી. વધુ નવાઈની વાત એ છે કે ઑલ્ડ ટ્રૅફર્ડમાં નૉર્ધમ્પ્ટનશરે ૧૯૯૯ પછી (૨૭ વર્ષમાં) પહેલી વખત મૅચ જીતી લીધી હતી.

બન્યું એવું કે બિધુરી થોડા દિવસથી મહિલાઓ માટેની દિલ્હી પ્રીમિયર લીગમાં લેગ-સ્પિનની મદદથી સારું પર્ફોર્મ કરવા ઉપરાંત તેના સુંદર ચહેરા અને વિકેટ પછીના સેલિબ્રેશનની અનોખી સ્ટાઇલ માટે પ્રચલિત થઈ છે અને ચહલે ઑલ્ડ ટ્રૅફર્ડમાં એક વિકેટ લઈને બિધુરીની સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું.

બિધુરીની ૬૭ નંબરની જર્સી છે અને સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા વીડિયોમાં તે ‘૬-૭’ બોલતા રહીને હસતાં ચહેરા સાથે બન્ને હાથ ઉપર-નીચે કરીને અનોખી સ્ટાઇલમાં વિકેટ સેલિબ્રેટ કરતી જોવા મળી છે.

ચહલ ઑલ્ડ ટ્રૅફર્ડમાં બિધુરી જેવી ઍક્ટિંગ કરીને મીડિયામાં છવાઈ ગયો છે.

ચહલ ભારત વતી ૭૨ વન-ડે અને ૮૦ ટી-૨૦ રમ્યો છે. તે ભારત વતી છેલ્લે ૨૦૨૩માં રમ્યો હતો. આઇપીએલમાં ચહલ કુલ ૨૩૩ વિકેટ સાથે પ્રથમ સ્થાને છે. ■

# સરફરાઝ ખાને બબડાટ કરીને શ્રીલંકાની બે વિકેટ અપાવી: જાણો, કેવી રીતે...

કોલંબો: મૂળ મુંબઈના યુવાન ક્રિકેટરો હાલમાં કોલંબોમાં કંઈક અલગ અંદાઝમાં ટીમ ઇન્ડિયાને વિકેટ અપાવી રહ્યા છે. વાત એવી છે કે પહેલાં યશસ્વી જયસ્વાલે ગયા અઠવાડિયે ગૉલની પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકાના વિકેટકીપર-બૅટ્સમૅન નિરોશન ડિકવેલાને એક સ્ટૅન્ડ તરફ હાથ બતાવીને ત્યાં સિક્સર ફટકારવા લલચાવ્યો ત્યાર બાદ ડિકવેલાએ વિકેટ ગુમાવી દીધી એ પછી હવે કોલંબોની બીજી ટેસ્ટમાં શ્રીલંકાનો કૅપ્ટન ધનંજય ડિસિલ્વા અને ડિકવેલા ભારતના સબસ્ટિટ્યૂટ ખેલાડી સરફરાઝ ખાનની મજાકનો શિકાર થયા અને વિકેટ ગુમાવી બેઠા. સરફરાઝે સતત બોલતા રહીને ખાસ કરીને ધનંજયને જે ખલેલ પહોંચાડી અને તેણે વિકેટ ગુમાવી એનો વીડિયો અને ફોટો વાઇરલ થયા છે. વાત એવી છે કે રિષભ પંત હાથની ઈજા બાદ ફરી બૅટિંગ કરવા આવ્યો હતો અને ૧૩૮ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૬૩ રન બનાવ્યા હતા. જોકે પંત ફીલ્ડિંગ કરવા ન આવતાં મંગળવારના ત્રીજા આખા દિવસે તેની ગેરહાજરીમાં સરફરાઝે ફીલ્ડિંગ કરી હતી.



ક્રીઝની નજીક શૉર્ટ લેગના સ્થાને ઊભેલા સરફરાઝે એકધારી ટિપ્પણી કરી જેને પગલે પહેલાં ધનંજયે આઠમા રન બનાવીને ૧૪મા બૉલ પર અને પછી ડિકવેલાએ શૂન્ય પર ત્રીજા જ બૉલમાં વિકેટ ગુમાવી દીધી હતી. ધનંજયને સ્પિનર માનવ સુથારે કૅચઆઉટ કરાવ્યો હતો. ધનંજયની એકાગ્રતાભંગ થતાં તે સ્લિપમાં કે. એલ. રાહુલના હાથમાં કૅચઆઉટ થયો હતો. ૧૦ ઓવર બાદ ડિકવેલાએ પણ સરફરાઝની સતત ટિપ્પણી સંભળાયા બાદ સિરાજના બૉલમાં કાર્યવાહક વિકેટકીપર ધ્રુવ જુરેલને કૅચ આપી બેઠો હતો. ■

ધનંજયે વિકેટ ગુમાવી એ પહેલાં (સ્ટમ્પ માઇક પરથી જાણવા મળ્યા મુજબ) સરફરાઝે તેને ખલેલ પહોંચાડવા કહ્યું, ‘પેલા મેગા સ્ક્રીનની પાછળ કંઈ નથી. કોઈ મૂવમેન્ટ નથી. ભાઈ, તું કારણ વગર વારંવાર ત્યાં જોયા કરે છે અને તારો જ સમય બગાડે છે. આજુબાજુ જોયા વગર સીધું જો અને રમવા પર ધ્યાન આપ. ડર નહીં, તું કૅપ્ટન છે. કમ ઑન, બ્રો.’

સરફરાઝ આવું બોલ્યો ત્યાર બાદ થોડી જ વારમાં ધનંજયે વિકેટ ગુમાવી દીધી હતી. માનવ સુથારના મિડલ સ્ટમ્પ પરના બૉલને ધનંજય ડિફેન્ડ કરવા ગયો, પણ તેના બૅટની ધારને કટ લાગ્યા બાદ બૉલ સ્ટમ્પ્સની પાછળ ગયો હતો અને વિકેટકીપર જુરેલના ગ્લવ્ઝને લાગ્યા બાદ રાહુલ તરફ ગયો હતો જેણે કૅચ ઝીલી લીધો હતો.

સરફરાઝે ધનંજય પછી ડિકવેલાને નિશાન બનાવ્યો હતો. બન્ને એકમેક સામે હસ્યા હતા, પણ ડિકવેલા પણ સરફરાઝની જાળમાં ફસાઈ ગયો હતો અને જુરેલને કૅચ આપી બેઠો હતો.

# ઇક્વિટી હિસ્સાના મુદ્દે ધોની અને સીએસકે વચ્ચેના સંબંધો બગડ્યા: અહેવાલ

ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને પાંચ-પાંચ ટાઇટલ અપાવનાર ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્રસિંહ ધોનીની એક વાત સીએસકેના મૅનેજમેન્ટે નથી માની એવો ચોંકાવનારો દાવો એક અહેવાલમાં કરવામાં આવ્યો છે.

કહેવાય છે કે સીએસકેનું મૅનેજમેન્ટ એમએસ ધોનીને વધુ ઇક્વિટી હિસ્સો આપવા ન માગતું હોવાથી તેની સાથેની મંત્રણા પડી ભાંગી હતી. અહેવાલ અનુસાર ધોનીએ સીએસકેમાં પચીસ ટકા ઇક્વિટી હિસ્સો માગ્યો હતો, પરંતુ સીએસકેનું મૅનેજમેન્ટ માત્ર ૩.૩ ટકાનો જ હિસ્સો આપવા તૈયાર હતું.

કહેવાય છે કે ધોનીએ પોતાની ડિમાન્ડ ઘટાડીને ૧૮ ટકા કરી હતી એમ છતાં સીએસકેના સંચાલકો ટસના મસ ન થયા અને તેને વધુમાં વધુ ૫.૫ ટકા હિસ્સો આપવા તૈયાર છે એવી ચર્ચા છે. બન્ને વચ્ચેની ચર્ચા કોઈ પણ નિષ્કર્ષ પર આવ્યા વિના પૂરી થઈ ગઈ હોવાનું મનાય છે.

ધોની ઈજાને કારણે ૨૦૨૬ની આખી આઇપીએલમાં નહોતો રમી શક્યો અને હવે ૨૦૨૭ની સીઝનમાં રમશે કે કેમ એ હજી નિશ્ચિત નથી. જોકે એક અહેવાલ એવો પણ વાઇરલ થયો છે કે ૨૦૨૬ની સીઝન પહેલાં સીએસકેના મૅનેજમેન્ટે ટ્રેડ ડીલમાં રવીન્દ્ર જાડેજા રાજસ્થાન રૉયલ્સને આપી દીધો એ ધોનીને જરાય નથી ગમ્યું. ■

# ફૂટબૉલરનું મેદાન પર મૃત્યુ: થોડા દિવસ પહેલાં જ ઇંગ્લૅન્ડથી સ્વદેશ પોર્ટુગલ પાછો આવ્યો હતો

લિસ્બન: પોર્ટુગલના યુવાન ફૂટબૉલ ખેલાડી કેવિન કૅસ્ટ્રોનું સ્થાનિક ફૂટબૉલ મૅચ દરમ્યાન મૃત્યુ થયું હોવાનું લિસ્બન ફૂટબૉલ અસોસિયેશને શનિવારે જાહેર કર્યું હતું. તે પચીસ વર્ષનો હતો અને ક્લબ ટૂર્નામેન્ટની એક ફ્રેન્ડલી મૅચ દરમ્યાન તે અચાનક ઢળી પડ્યો હતો અને ટૂંકી સારવાર બાદ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

કેવિન કૅસ્ટો થોડા જ દિવસ પહેલાં ઇંગ્લૅન્ડથી પાછો આવ્યો હતો. ત્યાં તે ઇંગ્લિશ ફૂટબૉલની કેટલીક ક્લબ વતી રમ્યો હતો અને વર્તમાન સીઝન પહેલાં જ પોર્ટુગલ પાછો આવ્યો હતો.

કેવિન જ્યારે રિયલ સ્પોર્ટ ક્લબ વતી એસ્ટ્રેલા ડા ઍમન્ડોરા સામેની મૅચમાં રમવા મેદાન પર આવ્યો ત્યારે તેની તબિયત સારી હતી, પણ થોડી જ વારમાં તે અસ્વસ્થ થઈ ગયો હતો. તે મેદાન પર ઢળી પડતાં તાબડતોબ ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતા, તેને તરત જ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેના મૃત્યુને પુષ્ટિ આપવામાં આવી હતી. કેવિને કરીઅરનો મોટા ભાગનો સમય ઇંગ્લિશ ફૂટબૉલમાં વીતાવ્યો હતો જ્યાં તે ચેલ્સીની અન્ડર-૨૩ ટીમ ઉપરાંત બીજી કેટલીક જાણીતી ક્લબ વતી રમ્યો હતો. ■

# વૈભવ સામે બોલર્સનું એક જ મિશન...તે કાબૂમાં નહીં રહે એટલે આક્રમણ કર્યા સિવાય છૂટકો નથી: હરભજન સિંહ

નવી દિલ્હી: ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ દુલીપ ટ્રોફીમાં ઈસ્ટ ઝોનની ટીમનું ઉપ-કપ્તાનપદ સંભાળ્યું અને બૅટિંગમાં નહીં તો બોલિંગમાં કરામત બતાડી એ સાથે તેની નવી કરીઅરમાં નવું પ્રકરણ શરૂ થયું છે, પરંતુ અત્યારે ખાસ તો તેના બૅટિંગ-અપ્રોચ પર જ આખી દુનિયાની અને વિશેષ કરીને હરીફ ટીમોના બોલર્સની નજર રહેતી હોય છે અને સ્પિન-લેજન્ડ હરભજન સિંહે પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા (પીટીઆઇ)ના પૉડકાસ્ટ પરની મુલાકાતમાં આ જ વાત કરી છે.

હરભજને કહ્યું છે કે ‘ક્રિકેટ જગતમાં સૂર્યવંશીનો બૅટિંગ પ્રત્યેનો અભિગમ અન્યોથી સાવ નોખો છે અને જે કોઈ બોલર તેની સામે આવે તેનો અપ્રોચ વૈભવ સામે આક્રમક બનવાનો જ રહેશે, કારણકે તેમનાથી તે કાબૂમાં તો રહેવાનો જ નથી.’

### બોલરના મગજમાં ડર બેસાડે છે

ભજ્જીનું એવું પણ માનવું છે કે ‘સૂર્યવંશી ઉંમરમાં ઘણો નાનો છે અને તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો કંઈ જ અનુભવ નથી એમ છતાં બોલરના મગજમાં ડર બેસાડવાની તેનામાં ક્ષમતા છે. સૂર્યવંશી અસાધારણ અને અનોખો બૅટ્સમૅન છે. તેના જેવો ખેલાડી અગાઉ મેં કદી જોયો નથી. તેની ક્ષમતા તો જુઓ...૧૫ વર્ષની ઉંમરે તે ભલભલા બોલર્સ પર પ્રભુત્વ જમાવી શકે છે.’

સૂર્યવંશીએ ૨૦૨૫ની સાલમાં ૧૪ વર્ષની ટીનેજ વયે આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું, રાજસ્થાન રૉયલ્સ વતી રમીને તેણે ૩૫ બૉલમાં ટી-૨૦નો યંગેસ્ટ સેન્ચુરિયન બનવાની સિદ્ધિ મેળવી હતી અને આ વખતની આઇપીએલમાં તેના ૭૭૬ રન તમામ ખેલાડીઓમાં સૌથી વધુ હતા. તેણે જસપ્રીત બુમરાહ અને પૅટ કમિન્સ જેવા અવ્વલ દરજ્જાના ફાસ્ટ બોલર સામે પહેલા જ બૉલમાં છગ્ગા ફટકાર્યા હતા. સૂર્યવંશીએ આઇપીએલની પહેલાં અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડ સામે ૮૦ બૉલમાં ૧૭૫ રન ખડકીને આ ટૂર્નામેન્ટની ફાઇનલનો હાઇએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો તેમ જ ભારતને ટાઇટલ અપાવવાની સાથે પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ પણ જીતી લીધો હતો. તાજેતરમાં તેણે સિનિયર ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ઇંગ્લૅન્ડ સામે રમીને જ ડેબ્યૂ કર્યું હતું.

ભજ્જીનું કહેવું છે કે ‘સૂર્યવંશીનો પ્રભાવ તો જુઓ! વિશ્વના ટોચના બોલર્સે લાંબુ વિચારવું પડે છે કે આ છોકરાને કાબૂમાં રાખવા કેવા પ્રકારનો બૉલ ફેંકવો. એકંદરે, બોલર્સનો અભિગમ આવો જોવા મળ્યો છે...સૂર્યવંશીને અંકુશમાં રાખવો ખૂબ મુશ્કેલ છે એટલે તેની સામે સફળ થવા માટે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવો અને બને એટલી જલદી તેની વિકેટ લઈ લો.’

### સૂર્યવંશી સામે ભજ્જીનો અભિગમ કેવો હોત?

તમે સૂર્યવંશી સામે બોલિંગ કરી હોત તો તેની સામે તમારો અભિગમ કેવો હોત? એવું પૂછાતાં ભૂતપૂર્વ ઑફ-સ્પિનર હરભજને કહ્યું, ‘તે જે રીતે રમે છે એ મુજબ નહીં, પણ હું જે પ્રકારની બોલિંગ કરતો હતો એ અનુસાર મેં ફીલ્ડિંગ ગોઠવી હોત. તે ખૂબ જ સારો બૅટ્સમૅન છે એ દરેકે સ્વીકારવું જ રહ્યું. તેની સામે ડરીને બોલિંગ કરવાનો કોઈ મતલબ નથી. એક બૉલમાં તેની સામે સફળતા ન મળે તો પછીનો બૉલ તેને કેવી રીતે આઉટ કરવો એવી માનસિકતા સાથે જ ફેંકવો જોઈએ એવું હું માનું છું.’ ■

||જય શ્રી કૃષ્ણ||



**સ્વ. જતીન નરેન્દ્ર પારીખ** તેઓ ચમક પારીખના પતિ તથા સચિન પરીખ અને જીજ્ઞા કાંટાવાલાના પિતા, જય કાંટાવાલાના અને શ્રુતિ પારીખના સસરા, સુહાનના નાના, આર્યા અને અર્જુનના દાદા તથા અંજની અક્ષયકુમાર શાહના ભાઈ **૨૪ ઓગસ્ટ ૨૦૨૬** ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરું, સદગત ના આત્માની શાંતિ માટે બેસણું નીચે મુજબ રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

**તારીખ: ૨૭ ઓગસ્ટ ૨૦૨૬, ગુરુવાર**

**સમય: સાંજે ૫:૩૦ થી ૭:૩૦ કલાક સુધી**

**સ્થળ: એફ.પી.એચ. હોલ, ગરવારે લાલા લજપતરાય, માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ**

**શોકાતુર:**

**પારીખ પરિવાર તથા ઠક્કર પરિવાર**


# હવે મુખ્ય પ્રધાનની પણ લોકાયુક્ત તપાસ કરી શકે છે

## રાજ્ય સરકાર દ્વારા નવા લોકાયુક્ત સુનીલ શુક્રેની નિયુક્તિ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં નવા લોકાયુક્ત કાયદાનો અમલ શરૂ થઈ ગયો છે, જે અંતર્ગત હવે મુખ્ય પ્રધાન પણ લોકાયુક્તની તપાસના દાયરામાં આવી ગયા છે. જોકે, મુખ્ય પ્રધાન વિરુદ્ધ કોઈ પણ પ્રકારની તપાસ શરૂ કરતા પહેલાં વિધાનસભાના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સભ્યોની મંજૂરી લેવી ફરજિયાત રહેશે.

આ નવા કાયદાની અમલવારી વચ્ચે, નિવૃત્ત ન્યાયાધીશ સુનીલ બાળકૃષ્ણ શુક્રેએ મંગળવારે 'લોકભવન' ખાતે મહારાષ્ટ્રના મુખ્ય લોકાયુક્ત તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ જીષ્ણુ દેવ વર્માએ તેમને પદના શપથ લેવડાવ્યા હતા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી નવા લોકાયુક્ત કાયદાની પ્રક્રિયા ચાલી રહી છે. અણ્ણા હજારે સમિતિની ભલામણોની પૃષ્ઠભૂમિમાં, કેન્દ્રમાં લોકપાલની જેમ રાજ્યમાં સક્ષમ લોકાયુક્ત વ્યવસ્થા સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે, મહારાષ્ટ્ર લોકાયુક્ત બિલ, ૨૦૨૨ રજૂ કરવામાં આવ્યું અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું. ત્યારબાદ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ વિધાનસભા દ્વારા બિલની સુધારેલી જોગવાઈઓને મંજૂરી આપવામાં આવી અને વિધાનસભાએ તે જ સત્રમાં સુધારેલા બિલને પસાર કર્યું હતું. આખરે ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ મહારાષ્ટ્ર લોકાયુક્ત (સુધારા) બિલ, વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. તે બંને ગૃહો દ્વારા એક જ દિવસે પસાર કરવામાં આવ્યું હતું. આ સુધારાઓ

(જુઓ પાનું ૪) ▸▸

## 30 હૉસ્પિટલમાં

અન્ય વિદ્યાર્થીઓમાં પણ શરદી-ખાંસી અને તાવનાં લક્ષણ તપાસ માટે એસઆઈટી નિયુક્તઃ એફડીએ પણ કિચનની ચકાસણી માટે પહોંચી

# પાલઘરની આશ્રમ શાળાના સાત વર્ષના વિદ્યાર્થીનું મૃત્યુ

પાલઘરઃ ગઢચિરોલીમાં આશ્રમ શાળાની હોસ્ટેલમાં જમીન પર સૂતેલી ત્રણ બાળકીનાં સર્પદંશને કારણે મૃત્યુ થયાની ઘટના હજી તાજી છે ત્યાં પાલઘરની આશ્રમ શાળાના સાત વર્ષના વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યાની ઘટના સામે આવી હતી. તાવ પછી એકાએક ઑક્સિજન લેવલ નીચું જતાં બાળકે જીવ ગુમાવ્યો હતો, જ્યારે વિદ્યાર્થીને શરદી-ખાંસી અને તાવનાં લક્ષણને પગલે ૩૦ વિદ્યાર્થીને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સમસ્યા સામે આવતાં ફૂડ ઍન્ડ ડ્રગ એડ્‌મિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા આશ્રમ શાળાના કિચનની તપાસ કરવામાં આવી હતી. રસોડામાંથી હળદર, મરચાંની ભૂકી સહિતના મસાલા તેમ જ તેલના ડબ્બા લૅબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. આ મામલાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) નીમવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. વિદ્યાર્થીના મૃત્યુને પગલે ફરજમાં 'ગંભીર બેદરકારી' બદલ શાળાના સુપરિન્ટેન્ડેન્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એ સિવાય શાળાનું સંચાલન કરતી સંસ્થા આદિવાસી સેવા

(જુઓ પાનું ૪) ▸▸

# ચર્ચગેટ મેટ્રો સ્ટેશનની લિફ્ટમાં ફસાયા છ પેસેન્જર

મુંબઈઃ જો તમે મેટ્રો સ્ટેશન પર લિફ્ટનો ઉપયોગ કરો છો અને તમને ક્લસ્ટરોફોબિયા છે તો થોડી સાવચેતી રાખજો! મુંબઈના ચર્ચગેટ મેટ્રો સ્ટેશન પર મંગળવારે બપોરે અચાનક ટેક્નિકલ ખામી સર્જાતા લિફ્ટમાં છ મુસાફરો ફસાઈ ગયા હતા. ઘટનાથી સ્ટેશન પર થોડા સમય માટે ચકચાર મચી હતી.

મળતી માહિતી મુજબ, બપોરે આશરે ૧.૪૫ વાગ્યે ચર્ચગેટ મેટ્રો સ્ટેશનની એક લિફ્ટ ટેક્નિકલ ખામીના કારણે અચાનક બંધ થઈ ગઈ હતી. તે સમયે લિફ્ટમાં છ મુસાફરો સવાર હતા. લિફ્ટ અટકી જતાં મુસાફરો માટે થોડી ક્ષણો ચિંતાજનક બની હતી. જોકે, ઘટનાની જાણ થતાં જ મેટ્રો સ્ટાફે તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. માત્ર પાંચ મિનિટમાં લિફ્ટમાં ફસાયેલા તમામ છ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી.

ઘટના અંગે એમએમઆરસીએ મીડિયા સ્ટેટમેન્ટ જાહેર કરીને જણાવ્યું હતું કે ટેક્નિકલ

(જુઓ પાનું ૪) ▸▸

# વિદ્યાવિહારમાં દુકાનોના ડિમોલિશન દરમ્યાન લોખંડનો સળિયો વિદ્યાર્થીને માથે પડયોઃ ૧૫ ટાંકા આવ્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદ્યાવિહાર (પૂર્વ)માં રસ્તો પહોળો કરવા માટે ચાલી રહેલા ડિમોલિશનના કામ દરમ્યાન લોખંડનો સળિયો રસ્તા પરથી પસાર થઈ રહેલા ૧૭ વર્ષના વિદ્યાર્થીના માથે આવી પડતા તે ગંભીર રીતે જખમી થયો હતો. ભિવંડી રહેતા દેવેન જૈનને માથા પર ૧૫ ટાંકા આવ્યા હોઈ હાલ તેના પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું.

ભિવંડીમાં રહેતો ૧૭ વર્ષનો સોમૈયા કોલેજમાં ભણતો દેવેન જૈન મંગળવારે બપોરના ૩.૩૦ વાગ્યાની આસપાસ કૉલેજ છૂટયા બાદ પોતાના ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે વિદ્યાવિહાર સ્ટેશન નજીક આર.એન. ગાંધી સ્કૂલ નજીકના જંકશન પાસે આ દુર્ઘટના બની હતી, જ્યાં લાંબા સમયથી રાહ જોવાતા વિદ્યાવિહાર પૂર્વ અને પશ્ચિમને જોડતા બ્રિજનું કામ પૂર્ણ થવાને આરે છે. આ બ્રિજ ટૂંક સમયમાં જ ખુલ્લો મુકાવાનો હોવાથી બંને તરફના એપ્રોચ રોડને પહોળો કરવાનું કામ ઝડપી બનાવવામાં આવ્યું છે. આ ઝુંબેશના ભાગરૂપે ગયા અઠવાડિયામાં ૨૮ બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા, જ્યારે મંગળવારે બાકીના ૧૯ બાંધકામ તોડી પાડવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

પાલિકાના 'એન' વોર્ડના અધિકારીના જણાવ્યા મુજબ મંગળવારે સાંજના ૩.૩૦ વાગ્યાની આસપાસ કૉલેજના પહેલા વર્ષમાં ભણતો દેવેન સ્ટેશન જઈ રહ્યો હતો ત્યારે આર.એન. ગાંધી સ્કૂલના જંકશન પાસે ડિમોલિશનના ચાલી રહેલા કામના સ્થળેથી એક લોખંડનો સળિયો તેના માથા પર આવી પડયો હતો, તેને તરત નજીક આવેલી પાલિકા સંચાલિત

(જુઓ પાનું ૪) ▸▸

# લિફ્ટને બહાને વૃદ્ધાને કારમાં બેસાડી લૂંટ ચલાવી

## સુરતની ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લિફ્ટને બહાને કારમાં બેસાડીને વૃદ્ધાની મારપીટ કર્યા પછી લૂંટ ચલાવીને તેને કારમાંથી બહાર ફેંકી દેવામાં આવી હોવાની ઘટના પાલઘર જિલ્લાના વાડા ખાતે બની હતી. પોલીસે કરેલી તાત્કાલિક કાર્યવાહીને પગલે કારને વલસાડ નજીક આંતરી સુરતની ટોળકીને પકડી પાડવામાં આવી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ આસિફા ઉર્ફે હીના અમજદ પઠાણ (૨૮), સુફિયાન નાઝીમ શેખ (૨૨), મુજમ્મિલ અશફાક સવાની (૨૯), અશફાકઅલી ઉર્ફે બબ્બુક મેહબૂબઅલી સય્યદ (૩૦) તરીકે થઈ હતી. ચારેય આરોપી સુરત નજીકના ભેસ્તાનના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું. તેમની વિરુદ્ધ વાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના સોમવારની સવારે ૯.૩૦

(જુઓ પાનું ૪) ▸▸

## એમસીએના રસોડામાં જીવજંતુઓ

# હાઈ કોર્ટનો એફડીએને ફરીથી તપાસ કરવાનો આદેશ

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે મંગળવારે મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ)ના રસોડામાં જીવજંતુઓ મળી આવ્યા હોવાની બાબતની નોંધ લઈને ટિપ્પણી કરી હતી કે શું ખેલાડીઓને ખબર હતી કે તેઓ 'નોન-વેજિટેરિયન ચા' પી રહ્યા હતા? કોર્ટે એફડીએ ને તે રસોડાનું ફરીથી નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે એમસીએ ને ગુરુવારે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે તે પહેલાં તેના ખાણી-પીણીનાં સ્થળોની સફાઈ કરવા પણ કહ્યું હતું.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠ એમસીએ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. આ અરજીઓમાં બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત ક્રિકેટ સંસ્થાના પરિસરમાં ચાલતી પાંચ રેસ્ટોરન્ટ્સના લાઇસન્સ, ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ગંભીર નિયમોના ભંગ બદલ સ્થગિત કરવાના એફડીએના

(જુઓ પાનું ૪) ▸▸

# સાકરના જથ્થાબંધ ભાવ ઘટ્યા છતાં સામાન્ય માણસ માટે કોઈ રાહત નહીં

મુંબઈઃ તહેવારોમાં સાકરના વધતા ભાવને કારણે સામાન્ય લોકો પર આર્થિક બોજ વધ્યો છે. બજારમાં ખાંડનો ભાવ રૂ.૬૦ થી રૂ. ૭૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. સ્થિતિ નિયંત્રણમાં લેવા મોદી સરકારે ૧૦ લાખ ટન કાચી સાકરની ટેક્સ-ફ્રી આયાત મંજૂર કરી અને સંગ્રહખોરી સામે કડક પગલાં લીધાં. આનાથી સાકરના જથ્થાબંધ ભાવ ૧૫% ઘટ્યા છે, પરંતુ છૂટક બજારમાં ભાવ હજુ પણ ૭૫ રૂ. સુધી હોવાથી સામાન્ય ગ્રાહકોને તેનો પૂરો લાભ હજુ મળ્યો નથી.

છેલ્લા ત્રણ દિવસમાં સાકરના જથ્થાબંધ ભાવ પ્રતિ ક્વિન્ટલ આશરે રૂ. ૮૦૦ ઘટ્યા છે અને હાલ ભાવ રૂ. ૬૨ પ્રતિ કિલોની આસપાસ છે, તેમ જ આગામી સમયમાં તેમાં વધુ રૂ.૩નો ઘટાડો થઈ શકે છે, તેમ એક તાજેતરના અહેવાલમાં જણાવાયું છે. આ ઉપરાંત, સરકારે હાલમાં આશરે ૩૬ લાખ ટન સાકરનો સ્ટોક ઉપલબ્ધ હોવાની ખાતરી આપી છે. તેમ જ શેરડી પકવવાની નવી સિઝન શરૂ થઈને બજારમાં નવી સાકર ન આવે ત્યાં સુધી પૂરતો પુરવઠો જાળવી રાખવા માટે હાલનો સ્ટોક અને પ્રસ્તાવિત આયાત પૂરતા સાબિત થશે, તેવી સરકારને અપેક્ષા છે.

જથ્થાબંધ ભાવમાં તીવ્ર ઘટાડો થવા છતાં, છૂટક સાકરના ભાવ પ્રતિ કિલો રૂ. ૭૫ની આસપાસ છે. વેપારીઓએ જણાવ્યું હતું કે છૂટક વેપારીઓ હજુ પણ ઊંચા ભાવે ખરીદેલા જૂના સ્ટોકનું

(જુઓ પાનું ૪) ▸▸

# ગણેશમૂર્તિના આગમનની શોભાયાત્રા પર ઈંડાં ફેંકનારા માનસિક રીતે અક્ષમ યુવકની ધરપકડ

## ફટાકડાના ધુમાડાને કારણે આંખોમાં બળતરા થતાં ગુસ્સામાં તેણે ગુનો આચર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના મઝગાંવ વિસ્તારમાં ગણેશમૂર્તિના આગમનની શોભાયાત્રા પર ઇંડાં ફેંકવા બદલ પોલીસે માનસિક રીતે અક્ષમ યુવકની ધરપકડ કરી હતી. ઇંડાંની ડિલિવરી આપવા આવેલો યુવક બિલ્ડિંગમાં પ્રવેશી રહ્યો હતો ત્યારે શોભાયાત્રા દરમિયાન ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને તેના ધુમાડાને કારણે આંખોમાં બળતરા થવાથી આરોપીને ગુસ્સો આવ્યો હતો અને ગુસ્સામાં તેણે ઇંડાં શોભાયાત્રા પર ફેંક્યાં હતાં.

મઝગાંવમાં રામભાઉ ભોગલે માર્ગ પર રવિવારે રાતના ૯.૪૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી અને ભાયખલા પોલીસે ૩૬ કલાકમાં યુવકની ધરપકડ કરી હતી, જેની ઓળખ દાનિશ શેર ખાન (૨૨) તરીકે થઇ હતી. તે ઑનલાઇન ઓર્ડર લઇ ઇંડાં વેચવાનું કામ કરે છે.

માઝગાંવચા મોરયા ગણેશોત્સવ મંડળના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ રવિવારે કારખાનામાંથી ગણેશમૂર્તિ લઇને નીકળ્યા હતા. શોભાયાત્રા રાતના મઝગાંવના મંડપથી થોડે દૂર રામભાઉ ભોગલે માર્ગ પર પહોંચી ત્યારે ત્યાંની કોન્ટિનેન્ટલ હાઇટ્સ ઇમારતના ઉપરના માળેથી ઇંડાં ફેંકાયાં હતાં, જેને કારણે લોકોમાં રોષ ફેલાયો હતો અને તેઓ ઇમારતની બહાર એકઠા થઇ ગયા હતા. ઘટનાને કારણે વિસ્તારમાં વાતાવરણ તંગ બનતાં પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં પ્રધાનોની કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓની 'મૌખિક' નિમણૂકો રદ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય સચિવે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યા વિના પ્રધાનોની કચેરીઓ અને રાજ્યના વિભાગોમાં ડેપ્યુટેશન, 'લોન બેસિસ' (અન્ય વિભાગમાંથી કામચલાઉ ધોરણે સેવા લેવી) અથવા માત્ર મૌખિક આદેશો દ્વારા કરવામાં આવેલી નિમણૂકો તાત્કાલિક રદ કરવાનો આદેશ આપ્યો છે.

મંગળવારે બહાર પાડવામાં આવેલા એક પરિપત્રમાં, મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલે નિર્દેશ આપ્યો હતો કે આવા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ૧૦ સપ્ટેમ્બર સુધીમાં તેમની મૂળ કચેરીઓમાં પાછા મોકલી દેવામાં આવે. તેમાં જણાવાયું હતું કે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યા વિના ડોક્ટરો, સ્ટેનોગ્રાફરો, શિક્ષકો અને એન્જિનિયરો સહિત મોટી સંખ્યામાં તકનીકી કર્મચારીઓની પણ નિમણૂક કરવામાં આવી હતી. તેમાંથી ઘણા પાસે વહીવટી કામગીરી અંગેની તાલીમ કે અનુભવનો અભાવ હોવાના કારણે મંત્રાલયની કામગીરી અને વહીવટી પ્રક્રિયાઓ પર અસર પડતી હતી. પરિપત્ર અનુસાર, આ નિમણૂકો સંબંધિત મંત્રાલયના વિભાગ, અધિક મુખ્ય સચિવ (સામાન્ય વહીવટ/સેવાઓ), મુખ્ય સચિવ અને મુખ્ય પ્રધાનની જરૂરી મંજૂરીઓ મેળવ્યા વિના કરવામાં આવી હતી. સરકારે નોંધ્યું

(જુઓ પાનું ૪) ▸▸



**વિર્સજનની તૈયારીઃ** ગણેશ વિર્સજન માટે ચોપાટીની રેતી પર લોખંડની પ્લેટો બિછાવવાનું કામ પાલિકાએ મંગળવારથી ચાલુ કર્યું હતું. (અમય ખરાડે)

## છત્રપતિ સંભાજીનગર દુર્ઘટના

# કિશોરની પરિવારને એક કરવાની ઈચ્છામાં કરુણાંતિકા સર્જાઈ

છત્રપતિ સંભાજીનગરઃ ગયા અઠવાડિયે છત્રપતિ સંભાજીનગરમાં કુણાલ ચાંડગુડે નામના યુવકે ટેકરી પરથી પડીને આત્મહત્યા કરી હતી. તેની માસીએ દાવો કર્યો હતો કે, તેનો ક્યારેય આત્મહત્યા કરવાનો ઇરાદો નહોતો, પરંતુ તે ફક્ત તેના પિતાને ભાવુક કરીને તેમને ઘરે પાછા ફરવા માટે મનાવવા માંગતો હતો.

તેમણે આ ઘટનાને મોબાઈલ ફોન સાથે જોડતા અહેવાલોને નકારી કાઢ્યા અને જણાવ્યું કે તે કિશોર તેના માતા-પિતા વચ્ચે ચાલી રહેલા તણાવ અને ગેરસમજોને કારણે પરેશાન હતો. નાની ઉંમરને કારણે કદાચ તે પરિસ્થિતિની જટિલતાઓને પૂરી રીતે સમજી શક્યો નહીં. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૧ ઓગસ્ટના રોજ તિસગાંવ વિસ્તારમાં એક કરુણ ઘટના બની હતી, જેમાં પારિવારિક ઝઘડા બાદ પહાડી પરથી નીચે પડવાને કારણે ચાંદગુડે પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હતા. કુણાલની માસી કલ્યાણી દાભાડેએ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈથી હૈદરાબાદ હવે માત્ર ચાર કલાકમાંઃ બુલેટ ટ્રેનના નવા કોરિડોર માટે ડીપીઆર તૈયાર

મુંબઈઃ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન બાદ હવે મુંબઈ-પુણે-હૈદરાબાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ પ્રોજેક્ટને લઈ રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે. મુંબઈ-પુણે-હૈદરાબાદ માટે બુલેટ ટ્રેનનો એક હાઈસ્પીડ કોરિડોર તૈયાર થશે.

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચઆરસીએલ) દ્વારા સર્વે કરાવીને એક રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. કોરિડોરને સાત પ્રાથમિકતાવાળા બુલેટ ટ્રેન રૂટમાં રાખવામાં આવ્યો છે. જે તે રાજ્યમાં જમીન સંપાદન માટેની પ્રક્રિયાને પણ શરૂ કરી દેવામાં આવી છે.

ચાર કલાકમાં હૈદરાબાદ પહોંચાશે

મુંબઈ-પુણે-હૈદરાબાદ બુલેટ ટ્રેન કોરિડોર દેશના વેસ્ટ અને સાઉથ પોઈન્ટને જોડશે. આ માટે બે મહાનગરની પસંદગી કરવામાં આવી છે. મુંબઈ અને હૈદરાબાદ વચ્ચે આ ક્નેક્ટિવિટી વધતા લાખો લોકોને સીધો ફાયદો મળવાનો છે. પુણેમાં આ સમગ્ર પ્રોજેક્ટનો મુખ્ય પડાવ રહેશે. આ સમગ્ર કોરિડોર

(જુઓ પાનું ૪) ▸▸

# 'ત્રીજા મુંબઈ'ના વિરોધમાં ખેડૂતો આક્રમક

## જમીન આપવાનો ઈનકાર કરીને ખેડૂતોએ એમએમઆરડીએ સામે વિરોધ નોંધાવ્યો

મુંબઈ/રાયગઢઃ મહારાષ્ટ્ર સરકારના મહત્ત્વાકાંક્ષી 'થર્ડ મુંબઈ' એટલે ત્રીજા મુંબઈના પ્રસ્તાવિત પ્રોજેક્ટને લઈને રાયગઢ જિલ્લાના ૧૨૪ ગામના ખેડૂતોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ પ્રોજેક્ટ માટે પોતાની જમીનની એક ઇંચ પણ આપવા તૈયાર નથી. ખેડૂતોની સમિતિએ સરકારના ૨૨.૫ ટકા લેન્ડ-પૂલિંગ મોડલને પણ નકારી કાઢ્યું છે અને જમીન સંપાદન કે નવા સર્વે પહેલાં ૨૫,૦૦૦ વાંધાઓ તથા ગ્રામસભાના ઠરાવો પર સુનાવણી કરવાની માગણી કરી છે.

'થર્ડ મુંબઈ' તરીકે ઓળખાતું કેએસસી ન્યૂ ટાઉન ઉરણ, પનવેલ અને પેણ તાલુકાના ૧૨૪ ગામમાં આશરે ૩૨૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં વિકસાવવાનું આયોજન છે. અટલ સેતુ, નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને જવાહરલાલ નેહરુ પોર્ટ ઑથોરિટી (જેએનપીએ) સાથે જોડાયેલા આ પ્રોજેક્ટને ભવિષ્યના આર્થિક કેન્દ્ર તરીકે વિકસાવવાની સરકારની યોજના છે.

થર્ડ મુંબઈ વિરોધી સમિતિના પ્રતિનિધિઓએ રાજ્ય સરકાર અને

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**